# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

દિશા પટની માત્ર ₹500 લઈને મુંબઈ આવી હતી





પેજ-09

કોહલીને ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં કેપ્ટન બનવાની ઈચ્છા...


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 29.00 |
| વડોદરા | 37.00 | 28.00 |
| સુરત | 35.00 | 28.00 |




પેજ 5

CoinDCX શિખાઉ અને અનુભવી ટ્રેડર્સ માટે ઑટોમેટેડ ક્રિપ્ટો ટ્રેડિંગ લૉન્ચ કરે છે


14 JUNE-2025 SATURDAY




બાંગ્લાદેશના મોહમ્મદ યૂનુસને મળવા બ્રિટિશ વડાપ્રધાનનો ઈનકાર

પેજ 10


શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 81118.60 | ▼ | 573.38 |
| નિફ્ટી | 24718.60 | ▼ | 169.60 |
| સોનું | 100,420.0 | ▲ | 2,028.00 |
| ચાંદી | 106,344.0 | ▲ | 459.00 |


વર્ષ-14 । અંક-206 । વિક્રમ સંવત-2081 । જેઠ વદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# પ્લેન ક્રેશ બાદ DGCAની કાર્યવાહી, એર ઈન્ડિયાના તમામ બોઈંગ ડ્રિમલાઈનરની થશે તપાસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારતીય નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)એ આજે નવા આદેશ જાહેર કરી, બોઈંગના તમામ ડ્રીમલાઈનર વિમાનોની સુરક્ષાની તપાસ કરવાની કામગીરી કડક બનાવી દીધી છે. અમદાવાદ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર-એઆઈ-171 ટેકઓફ થતાની સાથે જ મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થયા બાદ ડીજીસીએએ આ નિર્દેશ જાહેર કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે (12 જૂને) અમદાવાદ એરપોર્ટથી એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ થયા બાદ તુરંત મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થયું હતું. વિમાનમાં કુલ 242 મુસાફરો હતા, જેમાંથી 241 લોકોના મોત થયા છે. આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. આ ઘટના બાદ ડીજીસીએએ એર ઈન્ડિયાની સુરક્ષાને વધુ કડક બનાવવા માટે આ આદેશ આપ્યા છે. ભવિષ્યમાં આવી ઘટનાઓને અટકાવી શકાય તેમજ પ્રવાસીઓના જીવ પર જોખમ ન રહે, તેને ધ્યાને રાખી ડીજીસીએએ કડક પગલા ભરવાના શરૂ કરી દીધા છે.

**ફ્યુઅલ સિસ્ટમ, એન્જિન કંટ્રોલ અને ટેક-ઓફનો રિવ્યુ થશે**

ડીજીસીએએ એર ઈન્ડિયાને આદેશ આપ્યો છે કે, એરલાઈન્સ તેની તમામ ફાઈટોનું ઉડ્ડન કરે તે પહેલા તેની વિશેષ તપાસ પ્રક્રિયા 15 જૂન-2025થી ફરજિયાત લાગુ કરે. ડીજીસીએએ ઉડ્ડયન પહેલા અનેક મહત્ત્વની ટેકનીકલ તપાસ જેમ કે ફ્યૂલ પેરામીટર મોનિટરિંગ, કેબિન એર કોમ્પ્રેસર સિસ્ટમ, ઈલેક્ટ્રોનિક એન્જિન કંટ્રોલ ટેસ્ટ, એન્જીન ફ્યુઅલ એક્યુએટર ઓપરેશન, ઑઈલ સિસ્ટમ અને હાઈડ્રોલિક સિસ્ટમ સહિતની સિસ્ટમ પર વિશેષ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.

**એરલાઈન્સ ફ્લાઈટના સંચાલન પહેલા તેની વિશેષ તપાસ કરે**




## ▪ છેલ્લા 15 દિવસમાં વિમાનોમાં સર્જાયેલી ટેકનીકલ ખામી દૂર કરવાનો આદેશ

આદેશ એમ પણ કહેવાયું છે કે, એર ઈન્ડિયા તેના તમામ પ્લેનોમાં 'ફ્લાઈટ કંટ્રોલ ઈન્સ્પેક્શન' નિરીક્ષણ કરતું રહે તેમજ આ પ્રક્રિયા આગામી આદેશ સુધી ચાલુ રાખે. ડીજીસીએએ એરલાઈન્સને બે સપ્તાહની અંદર પાવર એશ્યોરન્સ ફરજીયાત ચેક કરવા પણ કહ્યું છે. આ ઉપરાંત છેલ્લા 15 દિવસમાં બોઈંગ ડ્રીમલાઈનર વિમાનોમાં જેટલીવાર ટેકનિકલ ખામીઓ સર્જાઈ છે, તેની સમીક્ષા કરવાનો તેમજ તેને સંબંધીત તમામ મેન્ટેન્સ કામગીરી વહેલી પૂર્ણ કરવાનો આદેશ અપાયો છે.

**એક નવી ફ્લાઈટ કંટ્રોલ ચેક હશે, જે દરેક સ્ટોપ પર કરાશે**

**અમદાવાદ પ્લેન ક્રેશ**

# મોદી આવ્યા...



અમદાવાદમાં સર્જાયેલી દુર્ઘટનાથી અમે સ્તબ્ધ અને દુઃખી છીએ. આ દુઃખની ઘડીમાં પ્રભાવિત તમામ લોકો સાથે મારી સંવેદના છે. હું મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છું. તેઓ લોકોની સહાયતા માટે કામ કરી રહ્યા છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિજય રૂપાણીનાં પત્નીને સાંત્વના આપી



PM મોદી સવારના 8.30 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા, જ્યાંથી તેઓ 9.10 વાગ્યે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં તેઓ 15 મિનિટ સુધી રોકાયા હતા અને ત્રીજા માળ પર 10 મિનિટ સુધી ઈજાગ્રસ્તોના ખબરઅંતર પૂછ્યા હતા. ત્યાર બાદ તેઓ 9.45 વાગ્યે એરપોર્ટ જવા નીકળ્યા હતા, જ્યાં પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીનાં પત્ની અંજલિબેનને મળીને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ પીએમ મોદી દિલ્હી જવા રવાના થયા હતા. જ્યારે વિજય રૂપાણીનાં પત્ની અંજલિ રૂપાણી અમદાવાદ એરપોર્ટથી તેમના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને પહોંચ્યાં હતાં. આ પહેલાં વડાપ્રધાન મોદી સિવિલમાં ઈજાગ્રસ્ત મેડિકલ સ્ટુડન્ટોને મળ્યા હતા. જે વોર્ડમાં હોસ્ટેલના ડોક્ટર અને નર્સ હાજર હતાં તેમને મળીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા તેમજ પ્લેન ક્રેશમાં બચી જનારા એકમાત્ર મુસાફર એવા વિશ્વાસના પણ ખબરઅંતર પૂછ્યા હતા.



## બચી ગયેલા એકમાત્ર મુસાફર વિશ્વાસના ખબરઅંતર પૂછ્યા



# ઈઝરાયલ-ઈરાન વચ્ચે ભયાનક સ્થિતિ, ભારતે જાહેર કર્યું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી ગયા હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. બંને દેશો એકબીજા પર હુમલાઓ કરી રહ્યા છે. શુક્રવારે સવારે ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, તો વળતા જવાબમાં ઈરાને 100થી વધુ ડ્રોન એટેક કર્યા હતા. બંને દેશો વચ્ચે ઉથલપાથલ થતાં ભારતે મહત્ત્વનું નિવેદન જાહેર કરી બંને દેશોને શાંતિ જાળવવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે સવારે ઈઝરાયલે ઈરાનના પરમાણુ અને સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. ઈઝરાયલે આ હુમલાને ઓપરેશન રાઈઝિંગ નામ આપ્યું છે. હાલ ઈરાન ન્યૂક્લિયર પાવર બનાવવાની



દિશામાં ઝડપી કામગીરી કરી રહ્યું છે, જેનો ઈઝરાયલે વાંધો ઉઠાવ્યો છે. હુમલામાં ઈરાનના સેના પ્રમુખ, IRGC ચીફ ઑફ સ્ટાફ જનરલ હોસેન સલામી, ઈરાન સશસ્ત્ર દળોના ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ બાઘેરી તેમજ આઈઆરજીસી જનરલ ઘોલમ-અલી રશીદનું મોત થયું છે.

### ઈરાન પર હુમલા બાદ નેતન્યાહૂએ PM મોદીને કર્યો ફોન

ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલો કર્યા બાદ મિડલ ઈસ્ટમાં તણાવ વધી ગયો છે. ઈઝરાયલની એરસ્ટ્રાઈકમાં ઈરાનના 78થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે 300થી વધુ ઈજાગ્રસ્ત છે. એવામાં ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટેલિફોનિક વાતચીત કરીને સમગ્ર ઘટનાક્રમ મુદ્દે ચર્ચા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર પોસ્ટ કરીને જણાવ્યું છે, કે 'મેં ઈઝરાયલના વડાપ્રધાનને વર્તમાન પરિસ્થિતિ મુદ્દે ભારતની ચિંતાઓ વ્યક્ત કરી.

### ભારતે બંને દેશોને સંયમ જાળવવા કહ્યું

ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'અમે ઈરાન-ઈઝરાયલ વચ્ચે તાજેતરમાં થયેલી ઘટનાથી ચિંતિત છીએ. અમે પરમાણુ ઠેકાણાઓ પર હુમલો સંબંધિત રિપોર્ટો ઉપરાંત સ્થિતિ પર ધ્યાનથી નજર રાખી રહ્યા છીએ. આ સાથે ભારતે બંને દેશો સંયમ જાળવવા તેમજ કોઈપણ તણાવભર્યા પગલાથી બચવાનો આગ્રહ કર્યો છે. બંને દેશોએ વિવાદોનો નિવેડો લાવવા વાતચીત અને કૂટનીતિનો રસ્તો અપનાવવો જોઈએ.'

### બંને દેશોમાં વસતા ભારતીયોને સાવધાન રહેવાની સલાહ

મંત્રાલયે એમ પણ કહ્યું કે, 'ભારતના બંને દેશો સાથે સારા સંબંધો ધરાવે છે, તેથી અમે તમામ સંભવ મદદ કરવા માટે તૈયાર છીએ. ભારત ઈઝરાયલ અને ઈરાનમાં રહેતા ભારતીય સમુદાયના સંપર્કમાં છે. સ્થિતિ ગંભીર હોવાથી ત્યાં રહેતા તમામ ભારતીયો સાવધાની રાખે, સુરક્ષિત રહે અને સ્થાનિક સુરક્ષા અધિકારીઓની સલાહનું પાલન કરે.'

# પઠાણકોટમાં એરફોર્સના અપાચે હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ

**સ્થાનિકોની ભીડ ભેગ થઈ : કોઈ નુકસાન નહીં**



(એજન્સી) પઠાણકોટ । તા. 13

પંજાબના પઠાણકોટના નાંગલપુર પોલીસ સ્ટેશનના હાલેડ ગામમાં એરફોર્સના અપાચે હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું છે. જો કે, હાલમાં કોઈ પણ પ્રકારના નુકસાનના સમાચાર નથી. આ સાથે કોઈ અધિકારી તરફથી ઈમરજન્સી લેન્ડિંગ વિશે કોઈ માહિતી આપી નથી. ભારતીય વાયુસેનાના અપાચે એટેક હેલિકોપ્ટરનું પંજાબના પઠાણકોટ જિલ્લાના નાંગલપુર પોલીસ સ્ટેશન હેઠળના હાલેડ ગામમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

### જાહેર સુરક્ષા કે બુનિયાદી ઢાંચાને કોઈ ખતરો નહીં

સ્થળ પર હાજર વરિષ્ટ અધિકારીઓએ ઓપરેશનલ અને સુરક્ષા પ્રોટોકોલનો હવાલો આપી કોઈ નિવેદન આપવાનો ઈન્કાર કર્યો હતો. અધિકારીઓએ ખાતરી આપી છે કે, જાહેર સલામતી કે માળખાગત સુવિધાઓ માટે કોઈ ખતરો નથી. હાલમાં, હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કેમ થયું તે અંગે કોઈ સંપૂર્ણ માહિતી બહાર આવી નથી. હેલિકોપ્ટર ઉતરતાં જોઈ ગામ લોકો ઘટના સ્થળ પર એકત્ર થયા હતા, પરંતુ સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક વિસ્તારને ઘેરી લીધો.

# કેનેડા મંદિરના પ્રમુખની પ્રોપર્ટી પર ફાયરિંગ : લોરેન્સ ગેંગે જવાબદારી લીધી

## પિતા-પુત્રએ ખોટી રીતે લોકોને હેરાન કર્યા, આ ટ્રેલર હતું, પિક્ચર હજી બાકી છે

(એજન્સી) જલંધર । તા. 13

કેનેડામાં લક્ષ્મી નારાયણ મંદિરના પ્રમુખ અને ઉદ્યોગપતિ સતીશ કુમારની પ્રોપર્ટી પર થયેલા ફાયરિંગની જવાબદારી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ લીધી છે. ખાસ વાત એ છે કે આ વખતે જવાબદારી લેતી વખતે ગોલ્ડી બરાડ અને ગોદારાના નામ સામે આવ્યા નથી, જ્યારે નવા ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોન અને અર્જુન બિશ્નોઈ તેમની ગેંગ સાથે જોડાયેલા દેખાઈ રહ્યા છે. ગેંગે દાવો કર્યો હતો કે આ હુમલો ગોલ્ડી ઢિલ્લોન દ્વારા કરવામાં આવ્યો હતો. ઘટના પહેલા સતીશ કુમારને લગભગ 20 લાખ ડોલરની ખંડણી માંગવામાં આવી હતી, પરંતુ તેમના ઈનકાર કરવા પર, 48 કલાકની અંદર તેના બે સ્થળોએ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. સરે પોલીસે કેસની તપાસ શરૂ કરી દીધી છે.

### લોરેન્સ ગેંગ દ્વારા પોસ્ટ કરાયું

લોરેન્સ બિશ્નોઈ ગેંગ વતી બધા ભાઈઓને સત શ્રી અકાલ, રામ રામ. કેનેડામાં ઓહાબ સહિત બે જગ્યાએ ફાયરિંગ થયું છે, હું, ગોલ્ડી ઢિલ્લોન (લોરેન્સ બિશ્નોઈ ગેંગ) તેની જવાબદારી લઉં છું. અમે આજ સુધી ક્યારેય કોઈને ખોટી રીતે હેરાન કર્યા નથી અને ભવિષ્યમાં પણ કરીશું નહીં. અમને કોઈ ધર્મ કે જાતિ સાથે કોઈ દુશ્મનાવટ નથી.

# અમદાવાદ પ્લેન ક્રેશ મામલે મોટી સફળતા : AAIBને સર્ચ ઓપરેશન દરમિયાન બ્લેક બોક્સ મળી ગયું

## કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામ મનોહર નાયડુએ પુષ્ટિ કરી

(એજન્સી) અમદાવાદ । તા. 13

અમદાવાદમાં એર ઇન્ડિયાનું બોઇંગ 787-8 ડ્રીમલાઇનર વિમાન ગુરુવારે (12 જૂન) ક્રેશ થયું હતું. આ ગોઝારી દુર્ઘટનામાં અત્યાર સુધીમાં કુલ 265 લોકોના મૃત્યુ થયાની પુષ્ટિ થઈ છે. આ દરમિયાન તપાસ એજન્સીઓએ દુર્ઘટનાસ્થળ પર વિખરાયેલા વિમાનના કાટમાળમાંથી પુરાવા શોધવાનું શરુ કર્યું છે. જેમાં સર્ચ ઓપરેશન દરમિયાન કાટમાળમાંથી બ્લેક બોક્સ પણ મળી આવ્યું છે. આ ડિવાઈસ પ્લેન દુર્ઘટના કયા કારણોસર થઈ તેનું કારણ સામે આવી શકશે. વિમાનના બ્લેક બોક્સ (Black Box)ને ટેકનિકલ ભાષામાં ફ્લાઈટ ડેટા રેકોર્ડર (Flight Data Recorder) કહેવામાં આવે છે. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામ મનોહર નાયડુ કિંજારપુએ પણ આ વાતની પુષ્ટિ કરી છે.

### ડિજિટલ વીડિયો રેકોર્ડર પણ મળ્યું

રાજ્યની એટીએસને અમદાવાદ વિમાન દુર્ઘટનાના કાટમાળમાંથી ડિજિટલ વીડિયો રેકોર્ડર (DVR) મળી આવ્યો છે. જે આ ભયાવહ દુર્ઘટનાની તપાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ પુરાવો બની શકે છે. ડીવીઆર બોઈંગ 787 ડ્રીમલાઈનર વિમાનના કાટમાળની વચ્ચે હતું.



**બ્લેક બોક્સ નારંગી રંગનું હોય છે :** બ્લેક બોક્સ સામાન્ય રીતે નારંગી રંગનું હોય છે. તે નારંગી રંગનું હોવાથી દુર્ઘટના જેવી પરિસ્થિતિમાં તેને શોધવું સરળ બને છે. બ્લેક બોક્સ સ્ટીલ અને ટાઈટેનિયમથી બનેલું હોય છે.

**ઈન્દોરના ઉદ્યોગપતિ રાજા રઘુવંશી હત્યાકાંડમાં મોટો ઘટસ્ફોટ**

# સોનમને મૃત બતાવવા બીજી એક મહિલાની હત્યાનું પણ આયોજન હતું

(એજન્સી) ઈન્દોર । તા. 13

ઈન્દોરના ઉદ્યોગપતિ રાજા રઘુવંશીની હત્યામાં મેઘાલય પોલીસે એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આ કેસની તપાસમાં સામે આવ્યું છે કે હત્યારાઓએ એક અજાણી મહિલાની હત્યા કરીને તેના શરીરને બાળી નાંખીને પછી એને રાજાની પત્ની સોનમ રઘુવંશીના શબ તરીકે ખપાવી દેવાની યોજના બનાવી હતી. રાજાની હત્યાના કેસમાં પાંચ જણની ધરપકડ કરાઈ છે, જેમાં રાજાની પત્ની સોનમ, સોનમના પ્રેમી રાજ કુશવાહા અને ત્રણ કોન્ટ્રાક્ટ કિલર આનંદ, આકાશ રાજપૂત અને વિશાલ ઉર્ફે વિકી ઠાકુરનો સમાવેશ થાય છે.

### લગ્ન અગાઉ જ હત્યાની યોજના બનાવી હતી :

રાજા રઘુવંશીની હત્યાનું સમગ્ર કાવતરું તેમના લગ્નના અગાઉ ઈન્દોરમાં જ ઘડી કઢાયું હતું. આરોપીઓએ કબૂલ કર્યું છે કે, રાજાની હત્યાનું આયોજન લગ્નના ત્રણ મહિના પહેલા ફેબ્રુઆરીમાં શરૂ થયું હતું. રાજાની હત્યા સાથે સંબંધિત અન્ય ત્રણ યોજના પણ એમણે ઘડી હતી, પરંતુ એ અમલમાં નહોતી મૂકી શકાઈ.



### વારંવાર હત્યાનું સ્થળ બદલવું પડ્યું

નવદંપતી 19 મેના રોજ આસામ પહોંચ્યું એના થોડા દિવસો પહેલા રાજ કુશવાહાના સાથીઓ ગુવાહાટી પહોંચી ગયા હતા. તેમણે ગુવાહાટીમાં જ ક્યાંક રાજાને મારી નાખવાની યોજના બનાવી હતી. જો કે, એ યોજના સફળ ન થતાં તેઓ પહેલાં શિલોંગ ગયા હતા.

### સોનમને પણ મૃત બતાવવા બીજી મહિલાની હત્યાની યોજના

આ ગુનેગારોની પૂછપરછ કરનારા મેઘાલય પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે, હત્યારાઓએ એકથી વધુ યોજના વિચારી રાખી હતી, જેમાંની એક યોજના એવી હતી કે સોનમ નદીમાં તણાઈ ગઈ છે એમ કહી દેવું. બીજી યોજના એવી હતી કે કોઈપણ મહિલાની હત્યા કરીને એનો મૃતદેહ સોનમના સ્કૂટર પર મૂકી દેવાનો અને પછી એને આગ ચાંપી દેવાની. જેથી એવો દાવો કરી શકાય કે સોનમ બળીને મરી ગઈ.

### સોનમનું અપહરણ થયાની યોજના પણ નિષ્ફળ

શિલોંગથી ઈન્દોર જતી વખતે સોનમે રાજ દ્વારા અપાયેલો બુરખો પહેરી લીધો હતો. તે ઈન્દોર પહોંચી એ પછી રાજે સોનમનું અપહરણ થયાની યોજનાના ભાગરૂપે તેને ફરી સિલિગુડી આવવા કહ્યું હતું. જો કે, 8 જૂને આકાશની ધરપકડ થતાં રાજ ગભરાઈ ગયો હતો. તેણે સોનમને કહ્યું કે તે પરિવારજનોને ફોન કરીને કહે કે તે અપહરણમાંથી બચી ગઈ છે. એ પછી 9 જૂનના રોજ સોનમ ગાઝીપુરમાં દેખાઈ હતી અને ત્યાં તેની ધરપકડ કરાઈ હતી.

## ભાજપનાં બે (ધારા) રાજ : મ.પ્ર.માં વાઘ વ્હાલા, ગુજરાતમાં સિંહ દવલા

# વન-વન્યપ્રાણી માટેની નીતિ મુદ્દે ગુજરાત- એમપીમાં મોટો તફાવત

### એમ.પી માં વાઘ માટે નવા અભ્યારણ્ય અને કોરિડોર્સ, જ્યારે, ગુજરાતમાં સિંહ માટે સફારી પાર્ક અને કોરિડોર્સમાં પવનચક્કીઓ, સોલાર પેનલ, ફેક્ટરી અને રિસોર્ટના નિર્માણ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાત અને મધ્યપ્રદેશ બંને રાજ્યમાં ભાજપની જ સરકાર છે પરંતુ આ બંને સરકારોમાં જંગલ અને વન્યપ્રાણીઓની નીતિનો ખૂબ મોટો તફાવત જોવા મળી રહ્યો છે. એશિયાનાં ઘરેણા સમાન અને એક માત્ર ગુજરાતમાં જ રહેલા સિંહો માટે સરકાર એકપણ નવું ઘર એટલે કે જંગલ આપી શકે તેમ નથી. ઉલ્ટાનું સિંહો બાપડા વખાના માર્યા બહારના વિસ્તારમાં વસવાટ કરે છે તો ત્યાં પણ તેને મોટી અડચણ ઉભી કરે છે, જ્યારે એમ.પી.માં મુખ્યમંત્રીએ બે ટાઈગર રિઝર્વ અને બે નવાં અભયારણ્ય જાહેર કરી દીધા છે. સિંહો માટેનો વિસ્તાર ઘટે છે, નવાં જંગલને બદલે કોરીડોરમાં જ ઉદ્યોગો: વાઘ માટે એક વર્ષમાં નવાં બે ટાઈગર રિઝર્વ અને બે જંગલ વન અને વન્યપ્રાણીઓનું ખુબ મહત્વ હોવાના મોટા દાવાઓ થઈ રહ્યા છે પરંતુ ગુજરાતમાં આ દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. સિંહો માટે જંગલ ઘટી રહ્યું છે, તેને નવું જંગલ આપવાની કોઈ નીતિ નથી. જેના કારણે જંગલના પ્રાણી સિંહ ને ગામડાઓમાં તથા રેવન્યુમાં વસવાટ કરવો પડે છે. વન વિભાગ સિંહોનો જે મુખ્ય કોરીડોર ગણાવે છે ત્યાં જ સોલાર પ્લાન્ટ, પવનચક્કીને તંત્ર મંજૂરી આપે છે. આ ઉપરાંત જંગલ ની નજીકની જમીનને બિનખેતી કરવાના નિયમો હળવા કરી સરકારે સ્થાનિક કક્ષાએ સત્તા આપી દીધી છે.

આવી સ્થિતિના કારણે સિંહો દર-દર ભટકી હેરાન થઈ રહ્યા છે. તેની જ સરખામણીએ ગુજરાતનું પાડોશી રાજ્ય મધ્યપ્રદેશ માં પણ ભાજપની જ સરકાર છે તો ત્યાં જંગલ અને વાઘ માટે અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૩માં ત્યાંના મુખ્યમંત્રી મોહન યાદવે શપથ લીધા બાદ દોઢ વર્ષમાં વાઘ માટે બે નવા ટાઈગર રિઝર્વ અને બે નવા અભયારણ્ય જાહેર કર્યા છે. આ ઉપરાંત વાઘનો જે કોરીડોર છે તેને કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવાની તજવીજ ચાલી રહી છે. જો મધ્યપ્રદેશના વાઘ માટે આવી સુવિધા ઉભી થઈ શકે તો સિંહ માટે ગુજરાતમાં શા માટે આવી વ્યવસ્થા થતી નથી તેવા સવાલો ઉઠી રહ્યા છે.

એમપીમાં મુખ્યમંત્રીએ વન ખાતું પોતાની પાસે રાખ્યું છે.ગુજરાતમાં મોટાભાગે ગૃહ ખાતું મુખ્યમંત્રી પોતાની પાસે રાખતા હોય છે. જ્યારે મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રીએ આ વખતે વન ખાતું પોતાની પાસે રાખ્યું છે અને અન્ય નેતાને રાજ્યકક્ષા નું વન ખાતું સોંપ્યું છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે, વન અને વન્યપ્રાણી માટે જો દાનત હોય તો નિયમ મુજબ ઘણું સારૂ થઈ શકે છે.

રાતાપાણી અને માધવ નવાં ટાઈગર રિઝર્વ, ઓમકારેશ્વર અને આંબેડકર નવાં અભયારણ્ય મધ્યપ્રદેશમાં નવું રાતાપાણી ટાઈગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યું છે. જેનો એરિયા ૧૨૭૧ ચોરસ કિલોમીટર છે તેને વર્ષ ૨૦૨૪માં ટાઈગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યું છે. તેવી જ રીતે વાઘ માટે નવું માધવ ટાઈગર રિઝર્વ જેનો એરિયા ૩૫૫ ચોરસ કિલોમીટર છે તેને પણ ૨૦૨૪માં જાહેર કરવામાં આવ્યું છે. ગત ૧૪ એપ્રિલે ડો. ભીમરાવ આંબેડકર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીનો ૨૫૮ ચોરસ કિલોમીટર વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. તેવી જ રીતે ઓમકારેશ્વર અભયારણ્ય માટે ૬૧૪ ચોરસ કિલોમીટર વિસ્તાર અભયારણ્ય ૨૪ માર્ચે જાહેર કરવામાં આવ્યું છે. આ બંને નવા અભયારણ્યને ભવિષ્યમાં ટાઈગર રિઝર્વ જાહેર કરવા માટેની પણ પ્રક્રિયા ચાલી રહી છે.ટૂંકમાં કહીએ તો ગુજરાત સરકારને વન્યજીવો અને સિંહો કરતાં ઉદ્યોગો માં વધારે રસ છે. અને એજ કારણ થી વનમંત્રી શ્રી પર પણ ઉદ્યોગપતિઓ હાવી થયેલ જણાય છે. તેવું વન્યજીવ પ્રેમીઓ માની રહ્યા છે.

## ઓનલાઈન જોબની લાલચ : ખેરગામના યુવા ખેડૂત પાસેથી ટેલિગ્રામ પર છેતરપિંડી કરી 1.20 લાખ પડાવ્યા



નવસારી | નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં સાયબર ઠગાઈનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કાકડવેરી ગોડાઉન ફળિયામાં રહેતા 26 વર્ષીય યુવા ખેડૂત પાર્થકુમાર મુકેશભાઇ ગરાસીયા સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ છે.

18 મે થી 25 મે 2025 દરમિયાન, પાર્થકુમારના ટેલિગ્રામ એકાઉન્ટ પર અજાણ્યા વ્યક્તિએ સંપર્ક કર્યો. આ વ્યક્તિએ પાર્ટ ટાઈમ ઓનલાઈન જોબની લોભામણી ઓફર આપી. ઠગે ટેલિગ્રામ લિંક મોકલી અને વિવિધ UPI ID પર પૈસા ટ્રાન્સફર કરવાનું કહ્યું.

ઠગોએ પાર્થકુમાર પાસેથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ 1,20,000 રૂપિયા પડાવ્યા. પૈસા ટ્રાન્સફર થયા બાદ આરોપીઓએ રકમ પરત નથી કરી અને સંપર્ક પણ તોડી નાખ્યો.

આ મામલે ખેરગામ પોલીસ સ્ટેશનમાં 12 જૂન 2025ના રોજ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 318(4), 61(2)(A), 3(5) અને IT એક્ટ 2000ની કલમ 66(D) હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર પી.ડી. ચૌધરી કેસની તપાસ કરી રહ્યા છે.

# NEWS BRIEF

### સલાયામાં એક જ પ્લોટ બે વખત વેચવાનું કૌભાંડ, યુવાન સાથે છેતરપિંડી; પોલીસ ફરિયાદ દાખલ

દ્વારકા ખંભાળિયા | સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં એક મહત્વપૂર્ણ છેતરપિંડીનો કેસ નોંધાયો છે. કલ્યાણપુર તાલુકાના માડી ગામના વાડી વિસ્તારના રહેવાસી આસપારભાઈ પુનાભાઈ જામ (32)એ સલાયા ગામના અનિલભાઈ ભીમજીભાઈ અસવાર સામે ફરિયાદ નોંધાવી છે.

આસપારભાઈએ 14 જુલાઈ 2015ના રોજ અનિલભાઈ પાસેથી સલાયામાં બે પ્લોટ ખરીદ્યા હતા. આ પ્લોટ નંબર 44 અને 45 અનુક્રમે 2399 અને 2320 ચોરસ ફૂટના છે. આ પ્લોટની ખરીદી સરકારી જંત્રીના ભાવ મુજબ કરવામાં આવી હતી.

પરંતુ આરોપી અનિલભાઈએ આ જ પ્લોટ્સ 2019 અને 2020 દરમિયાન અન્ય વ્યક્તિને વેચી દીધા. આ રીતે તેમણે આસપારભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી. પોલીસે આ મામલે ભારતીય દંડ સંહિતાની કલમ 406 અને 420 હેઠળ ગુનો નોંધ્યો છે. સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં આ અંગે વધુ તપાસ ચાલી રહી છે.

કલ્યાણપુર તાલુકાના જુવાનપુર ગામે રહેતા માધા મોહન નકુમ નામના યુવાન પાસે એક્સપ્લોઝિવનું લાયસન્સ હોય, અને પોતાના ખેતરમાં ગોડાઉન ચલાવતા હોય, તેમની પાસે એક્સપ્લોઝનું લાયસન્સ રીન્યુ કરવા તથા માલ સામાન નાખવા માટે પૈસા ન હતા. જેથી તેણે બોટાદ ખાતે રહેતા ચેતનભાઈ ડાયાભાઈ રાવલ નામના 52 વર્ષના બ્રાહ્મણ યુવાનનો સંપર્ક કર્યો હતો અને તેઓએ ભાગીદારીમાં ઉપરોક્ત ધંધો કરવાનો નક્કી કર્યું હતું.

### હળવદના દેવળીયામાં 24 વર્ષીય યુવક અને 17 વર્ષીય સગીરાએ સજોડે ગળેફાંસો ખાધો

મોરબી | વડોદરાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક પ્રેમી યુગલ હળવદના દેવળીયા ગામની સીમમાં આવેલી વાડીએ આશરો લીધો હતો. વિપુલકુમાર મુકેશભાઈ નાયક (24) અને 17 વર્ષની એક સગીરા વાડીએ મજૂરી કામ કરતા વિપુલના મોટાબાપુને ત્યાં રહેતા હતા.

મોટાબાપુએ વિપુલની માતાને આ અંગે જાણ કરતા તેઓ યુગલને પરત લઈ જવા દેવળીયા આવ્યા હતા. બીજા દિવસે સવારે વડોદરા જવાનું નક્કી થયું હતું. જો કે, રાત્રે યુવક-યુવતીએ છતમાં લગાવેલ લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધીને સજોડે ગળેફાંસો ખાઈ લીધો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો. આ અગાઉ પણ તેઓ ભાગી ગયા હતા અને પરિવારજનોએ સમજાવીને ઘરે પરત લાવ્યા હતા. આ વખતે ફરીથી ભાગીને તેઓ દેવળીયા ગામે આવ્યા હતા. બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હળવદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

હળવદ તાલુકા પોલીસ સ્ટેશનના એન.એમ.ગોસ્વામી આ કેસની તપાસ કરી રહ્યા છે. પોલીસે આપઘાતના બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ખંભાળિયામાં મહિલા સંચાલિત જુગારધામ પર દરોડો, ભાણવડ-ભાટિયામાં દારૂ ઝડપાયો

દ્વારકા ખંભાળિયા | ખંભાળિયાના ધરાર નગર વિસ્તારમાં પોલીસે જુગારધામ પર દરોડો પાડ્યો છે. જીગુબેન ગિરીદાસ હરિયાણી નામની 38 વર્ષની મહિલા દ્વારા સંચાલિત જુગારધામમાંથી ત્રણ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે રૂપિયા 10,200નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ગાયત્રીનગરના રાણસુર રામ કારિયા, અકબર હુસેન લંઘા અને ભારમલ ખીમા ધારાણીની ધરપકડ કરવામાં આવી છે. જીગુબેન અને ગીતાબેન મનીષભાઈ વાઢેરની અટકાયત માટે કાર્યવાહી ચાલુ છે.

ભાણવડમાં કપૂરડી ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડાયો છે. જામ આંબરડી ગામના અર્જુન ભીમા કોટા (ઉ.વ.23)ની ધરપકડ કરવામાં આવી છે. તેની પાસેથી રૂ. 39,063ની કિંમતની 59 બોટલ દારૂ અને રૂ. 6 લાખની જીપ કંપાસ કાર મળી આવી છે. આરોપીએ દારૂનો જથ્થો સાજણાવાળા નેસના રૂડા ઉલવા રબારી પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું છે. રૂડા રબારી હાલ ફરાર છે. ભાટિયા ગામમાં યોગેશ હેમતભાઈ પરમાર (ઉ.વ.25)ને રૂ. 2,600ની કિંમતની છ બોટલ વિદેશી દારૂ સાથે પકડવામાં આવ્યો છે.

વાડીનાર ગામના આદમ કસમ બારીયા (ઉ.વ.40) સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તેઓ પોતાની 'નગમા' નામની યાંત્રિક બોટમાં મંજૂરી વગર માછીમારી કરતા ઝડપાયા છે. ચોમાસા દરમિયાન માછીમારી પર પ્રતિબંધ હોવા છતાં તેઓ દરિયામાં ગયા હતા. પોલીસે તેમની સામે બીએનએસ અને મત્સ્યોદ્યોગ કાયદા હેઠળ ગુનો નોંધ્યો છે.

## BAPS સંસ્થાનાં સહયોગથી રંભાસ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં નોટબુકનું વિતરણ

સુશીલ પવાર | ડાંગ

બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં આશીર્વાદ અને પ્રગટ ગુરુહરી મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી, BAPS સ્વામિનારાયણ સંસ્થાના સહયોગથી કાર્યરત જ્ઞાનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ડાંગ જિલ્લાનાં રંભાસ ગામે આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે શુક્રવારના રોજ એક ભવ્ય નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે શાળાના તમામ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતુ.આ વિતરણ કાર્યક્રમમાં નવસારી (આટ ગામ)નાં દાતાઓ વિરલભાઈ ભટ્ટ, અલ્પેશભાઈ ભટ્ટ અને જયભાઈ ભટ્ટ ના હસ્તે સંપન્ન થયો હતો.આ ઉમદા કાર્યમાં પૂજ્ય ધર્મકુશલ સ્વામી અને પૂજ્ય મુનીચરણ સ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા.અહી નોટબુક



વિતરણ કાર્યક્રમ ઉપરાંત, દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે હૃદયપૂર્વકના આશીર્વાદ પણ આપવામાં આવ્યા હતા, જે ભવિષ્યમાં તેમના શૈક્ષણિક માર્ગદર્શન માટે પ્રેરણાદાયી બની રહેશે.શાળાનું સંચાલન કરતા પૂજ્ય ધર્મકુશલ સ્વામીએ આ તકે દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## સંવેદન ગૃપ દ્વારા 107મું ચક્ષુદાન : અમરેલીના મેઘાણી પરિવારે સ્વજનના મૃત્યુ બાદ નેત્રો દાન કર્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ચક્ષુદાતા સ્વ. પ્રતાપભાઈનાં મોટા પૂત્ર મેહુલ જન્મથી પ્રજ્ઞાચક્ષુ હોય માધાણી પરિવાર આંખોનું મૂલ્ય સમજે છે માધાણી પરિવારે સ્વજનના મૃત્યુ બાદ ત્રીજી વખત કર્યા નેત્રોદાન અમરેલીનાં સરદાર ચોકમાં વસતાં વેપારી પ્રતાપભાઈ ચુનીભાઈ માધાણી (ઉં.વ.૫૮) નું અવસાન થતાં તેમનાં મોટાભાઈ નાથાભાઈ માધાણી તેમજ પૂત્રો મેહુલભાઈ તથા હર્ષભાઈ, ભત્રીજા હિરેન દ્વારા ચક્ષુદાન કરવામાં આવ્યું. માધાણી પરિવારે રાજન ગઢિયા (સિનિયર ન્યૂઝ રિપોર્ટર) તેમજ નટુભાઈના માધ્યમથી ચક્ષુદાન માટે અમરેલી વિસ્તારમાં સેવારત સંસ્થા સંવેદન ગૃપનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવેલ. નવજીવન હોસ્પિટલ ખાતે આ નેત્રદાન સ્વીકારવા માટે સંવેદન ગૃપનાં પ્રમુખ વિપુલ ભટ્ટી સાથે



ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલ વ્યાસ તથા કુલદીપ જાડેજાએ સેવા આપી હતી, માધાણી પરિવારની સમયસરની જાગૃતિ બે અંધજનોના જીવનમાં રોશની લાવશે, તેમજ મૃત્યુ બાદ ચક્ષુદાન માટે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પુરું પાડ્યું છે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

## પુત્રીની ડિલેવરી માટે લંડન જતા સલમાબેનનું પ્લેન ક્રેશમાં મોત...

# દીકરાને મળવા નિકળેલા ઉમરેઠ તાલુકાના ભરોડાના વૃદ્ધ દંપતીએ પણ જીવ ગુમાવ્યો...

(એજન્સી) આણંદ | તા.13

અમદાવાદ પ્લેન ક્રેશમાં ઉમરેઠની 53 વર્ષીય સલમાબેનનું પણ મોત થયું છે. જેઓ પુત્રીની ડિલેવરી માટે લંડન જઈ રહ્યા હતા અને દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. સલમાબેનના પતિએ કહ્યું કે, અમે એરપોર્ટ પર તેમને ઉતારીને પરત આવી રહ્યા હતા ત્યારે અમારી ગાડીમાં પંચર પડતાં અમે ગાડીમાંથી નીચે ઉતર્યા હતા. તે દરમિયાન એરપોર્ટ નજીક આગ અને ધુમાડાના ગોટેગોટા અમને જોવા મળ્યાં હતા. બીજી તરફ દીકરાને મળવા માટે લંડન જવા નીકળેલાં ભરોડાના વૃદ્ધ દંપતીનું પણ મોત થયું છે.

અમદાવાદ શહેરના મેઘાણીનગર આઈજીપી કમ્પાઉન્ડમાં 171-એર ઈન્ડિયા બોઈંગ પ્લેન ક્રેશ થયું હતું. આ પ્લેન ગુરૂવારે 1.38 વાગ્યે ટેકઓફ થયું અને 1.40 વાગ્યે ક્રેશ થઈને આ પ્લેન બિલ્ડિંગમાં અથડાયું હતું. આ પ્લેનમાં 200 કરતાં વધુ પેસેન્જર સવાર હતાં. જે પૈકી 33 જેટલાં પેસેન્જર આણંદ જિલ્લાના હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ઉમરેઠમાં પોલીસ સ્ટેશન નજીક આવેલ બાલાપીર સોસાયટીમાં રહેતાં 53 વર્ષીય સલમાબેન રઝાકભાઈ વ્હોરાની પુત્રી લંડન ખાતે રહે છે. તેમની પુત્રી હાલ પ્રેગ્નન્ટ છે. જેથી પુત્રીની ડિલેવરી માટે સલમાબેન ગતરોજ અમદાવાદથી પ્લેનમાં બેસી લંડન જવા નીકળ્યાં હતાં. તેઓ પ્રથમ વખત જ વિમાનની મુસાફરી કરી રહ્યાં હતાં. જોકે, પ્લેન ક્રેશ થતાં, તેમની આ પ્રથમ મુસાફરી અંતિમ મુસાફરી બની છે.

મૃતક સલમાબેનના પતિ રઝાકભાઈ જણાવે છે કે, અમે ગઈકાલે સવારે મારી પત્ની સલમાબેનને અમદાવાદ એરપોર્ટ મુકવા ગયાં હતાં. પત્ની સલમાબેન એરપોર્ટમાં અંદર ગયાં અને તેમનો બોર્ડીંગ પાસ પણ બની ગયો હતો. જે બાદ અમે ગાડી લઈને પરત ઉમરેઠ જવા નીકળ્યાં હતાં. દરમિયાન એરપોર્ટથી નજીક જ રસ્તામાં ગાડીને પંચર પડ્યું હતું. એટલે અમે ગાડીમાંથી નીચે ઉતર્યા, તે વખતે એરપોર્ટ નજીક આગ અને ધુમાડાના ગોટેગોટા નીકળતાં હતાં. બીજી બાજુ અમને અમારા સબંધીએ ફોન કરીને જાણ કરી કે, સલમાબેન જે પ્લેનમાં બેસી લંડન જતાં હતાં તે પ્લેન ક્રેશ થયું છે. જેથી અમે પરત ફર્યાં અને જોયું તો ખરેખર તે પ્લેન ક્રેશ થયેલું હતું. આખો દિવસ અમે ત્યાં આમતેમ ભટક્યાં હતા. બાદમાં અમે ડી.એન.એ ટેસ્ટ માટે સેમ્પલ આપી મોડી રાત્રે પરત ઉમરેઠ આવ્યાં હતા. 72 કલાક બાદ બોડી આપવાનું અમને કહ્યું છે.

મૃતક શશિકાંતભાઈના નાના ભાઈ અરવિંદભાઈ પટેલ જણાવે છે કે, મારા મોટાભાઈ શશીકાંતભાઈ અને તેમના પત્ની કોકીલાબેન ગઈકાલે સવારે 7 વાગે ભાડાની ગાડી કરી અમદાવાદ એરપોર્ટ ગયા હતા અને ત્યાં પ્લેનમાં બેસ્યા બાદ ગાડીના ચાલકને ફોન કરી જાણ કરી હતી. જેથી ગાડીનો ચાલક પરત આવી ગયો હતો. બીજી બાજુ અમદાવાદ એરપોર્ટ પરથી ઉપડેલું એક પ્લેન ક્રેશ થયું હોવાનું અમને સમાચારના માધ્યમથી જાણવા મળ્યું હતું. અમે તપાસ કરી તો, અમારા મોટાભાઈ અને ભાભી જે પ્લેનમાં લંડન જતા હતા તે જ પ્લેન ક્રેશ થયું હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી અમે તરત જ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગયા. ત્યાં બધી બોડી જોઈ, પણ કોઈ બોડી ઓળખી શકાય તેમ ન હતી. જેથી અમે ડીએનએ માટેના સેમ્પલ આપી રાત્રે પરત ભરોડા ગામે આવ્યા છે.

## 2 પરિવાર વચ્ચે મારામારી, પાઇપ, છરી વડે કરાયો હુમલો

(એજન્સી) વેરાવળ | તા.13

જૂનાગઢમાં મજેવડી દરવાજા વિસ્તારમાં 2 પરિવાર વચ્ચે સામસામી મારામારી થતા પાઈપ, છરીથી હુમલો કર્યો હતો. આ અંગેની પોલીસમાંથી મળતી વિગત મુજબ જૂનાગઢ શહેરનાં મજેવડી દરવાજા પાસે ચુનારા વાસની બાજુમાં આવેલ દેવીપુજક વાસમાં રહેતા 35 વર્ષીય સુરેશભાઈ રામજીભાઈ સોલંકીની બાજુમાં રહેતા તેના બહેન પારુબેનને તેના પતિ તથા સસરા ભીખાભાઈએ સુરેશભાઈના ઘરે જવાની ના પાડી હતી જે મુદ્દે બોલાચાલી થઈ હતી.

બાદમાં ભીખાભાઈ તથા તેના બે દીકરા હિંમત અને રોહિતે આવી સુરેશભાઈના પત્ની, દીકરી અને ભાણેજ સાથે બોલાચાલી કરી સુરેશભાઈ ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. મારામારીમાં દીકરી પ્રિયા, ભાણેજ રિધ્ધિને પણ ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

સામા પક્ષે રામજીભાઈ, આકાશ તથા મંજુબેને કમુબેન ભીખાભાઈ સોલંકી વગેરે સાથે બોલાચાલી કરી કમુબેન પર છરી વડે હુમલો કરતા સારવારમાં ખસેડાયા હતા. ઘટનાને લઈ બી ડિવિઝન પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી ધોરણસરની તપાસ હાથ કરી હતી.

જૂનાગઢમાં એક શખ્સ દારૂ પીને હેરાન કરતો હોવાની જાણ પોલીસ કંટ્રોલ રૂમ તરફથી થતા બી ડિવિઝન પોલીસ સ્ટાફ સ્થળ પર ધસી જતા શખ્સ લથડીયા ખાતો જોવા મળ્યો હતો ચેક કરતા કેફી પ્રવાહી પીધું હોવાનું જણાતા તેને રાઉન્ડઅપ કરી પૂછપરછ કરતા ખામધ્રોળ રોડ કોલેજ પાસે રહેતો 30 વર્ષીય વેપારી મિલન રાકેશભાઈ રાદડિયા હોવાનું જણાવતા તેની નશાની હાલતમાં અટક કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## 66 કેવી સબ સ્ટેશનના સમારકામ માટે સવારે 7થી બપોરે 1 વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે...

(એજન્સી) ગીર સોમનાથ | તા.13

વેરાવળ શહેરમાં આવતીકાલે તા. 14 જૂન શનિવારે વીજ પુરવઠો બંધ રહેશે. પીજીવીસીએલની પેટા વિભાગ કચેરીએ જણાવ્યા મુજબ, 66 કેવી સબ સ્ટેશનમાં સમારકામ હાથ ધરવામાં આવશે. આ કારણે



સવારે 7થી બપોરે 1 વાગ્યા સુધી સમગ્ર વેરાવળ શહેરના તમામ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે. સમારકામ પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની અગાઉથી જાણ કર્યા વિના વીજ પુરવઠો પુન શરૂ કરવામાં આવશે. વીજ ગ્રાહકોને આ અંગે નોંધ લેવા સૂચના આપવામાં આવી છે. કોઈ પણ ઈમરજન્સી સંજોગોમાં વેરાવળ શહેર પેટા વિભાગીય કચેરીના ફોલ્ટ સેન્ટર નંબર 96876 33787 અને 02876 22210 પર સંપર્ક કરી શકાશે. વધુમાં, નાગરિકોની સલામતી માટે વીજ સ્થાપન પર યોગ્ય ક્ષમતાની ELCB લગાડવાની સલાહ આપવામાં આવી છે, જેનાથી વીજ અકસ્માતનું જોખમ ઘટાડી શકાય છે.

## ગોધરાના કણજીયા ગામમાં બે ભાઈઓના મકાનમાં લાગી આગ...

# સોના-ચાંદીના દાગીના સહિત ઘરવખરી બળીને ખાખ, ફાયર બ્રિગેડે આગ પર મેળવ્યો કાબૂ...

(એજન્સી) પંચમહાલ | તા.13

ગોધરા તાલુકાના કણજીયા ગામના ગેરાડીયા ફળિયામાં રહેતા બે સગા ભાઈઓના મકાનમાં આકસ્મિક આગ લાગવાની ઘટના સામે આવી છે. મોહનભાઈ ગેમાભાઈ બારિયા અને ભુપતભાઈ ગેમાભાઈ બારીયાના રહેણાંક મકાનમાં આગ લાગી હતી.

બંને પરિવારના સભ્યો ચોમાસા પહેલાં નજીકના ખેતરમાં ખાતર નાખવા ગયા હતા. આ દરમિયાન અચાનક મકાનમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. પરિવારજનો ઘરે પહોંચ્યા ત્યારે વિકરાળ આગ જોઈને બૂમાબૂમ કરી મૂકી હતી.

આજુબાજુના રહીશોએ પાણી છાંટીને આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. ગામના સરપંચ જશવંતભાઈએ પણ ટેન્કરથી પાણીનો છંટકાવ કર્યો હતો. સ્થાનિકોના પ્રયાસ છતાં આગ કાબૂમાં ન આવતા ગોધરા નગરપાલિકા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં જ બંને મકાનો આગની લપેટમાં આવી ગયા હતા. આગમાં બંને ઘરની તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ભુપતભાઈના મકાનમાં તિજોરીમાં રાખેલા સોનાના દાગીના પણ આગમાં ઓગળી ગયા હતા. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### 'દોઢ કલાક પહેલા જ આ પ્લેનથી ઉતર્યા, એસ.ટી.ની જેમ લેન્ડિંગ સમયે ખખડધજ અવાજ આવતો હતો'

# AI ફ્લાઈટ-172માં લંડનથી અમદાવાદ પહોંચેલા મુસાફરની ભયાવહ આપવીતી

સુરત | ગઈકાલે અમદાવાદ નજીક એર ઈન્ડિયાની ફ્લાઈટ-172ના દુર્ઘટનાગ્રસ્ત થવાના મામલે સુરતના એક મુસાફર હિનાબેન કાલરીયાએ પોતાની આપવીતી વર્ણવી છે, તેણી આ ક્રેશ થયેલી ફ્લાઈટમાં જ લંડનથી અમદાવાદ માત્ર દોઢ કલાક પહેલા જ સુરક્ષિત ઉતર્યા હતા. હિનાબેન દ્વારા ફ્લાઈટમાં અનેક ક્ષતિઓ હોવાનું જણાવી રહ્યા છે. આ દુર્ઘટનાથી પોતે ચમત્કારિક રીતે બચ્યા હોવાનું જણાવ્યું છે.

સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા હિનાબેન કાલરીયાએ જણાવ્યું કે, તેઓ લંડનથી એર ઈન્ડિયાની ફ્લાઈટ-172માં સવાર થઈને બપોરે 12 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા હતા. તેમના ઉતર્યાના માત્ર દોઢ જ કલાકમાં આ જ ફ્લાઈટ ક્રેશ થઈ, જેના સમાચાર સાંભળીને તેમને આઘાત લાગ્યો હતો.

હિનાબેને ફ્લાઈટની ખામીઓ વિશે વિગતે જણાવ્યું કે, 'લંડનથી ફ્લાઈટ ઉપડી ત્યારે શરૂઆતમાં જ પ્લેનનું AC બંધ હતું. પ્લેનની અંદર રાખવામાં આવેલા તમામ ડિસ્પ્લે પણ બંધ હતા. જ્યારે અમે એર હોસ્ટેસને આ અંગે રજૂઆત કરી, ત્યારે તેમણે મોબાઈલ અપડેટ કરવા કહ્યું અને ટેકનિકલ ખામીને કારણે ડિસ્પ્લે બંધ થવાનું જણાવ્યું હતું.

આ ઉપરાંત, હિનાબેને ઉમેર્યું કે, પ્લેન અમદાવાદ લેન્ડિંગ થતું હતું ત્યારે પણ ખખડધજ અવાજ આવતો હતો. જૂની એસટી બસની જેમ પ્લેનમાં લેન્ડ સમયે આવજ આવતો હતો, જેના કારણે મને ખૂબ જ ડર લાગ્યો હતો.

હિનાબેન આ પહેલા અમદાવાદથી ઈજિપ્તની ફ્લાઈટમાં પોતાના પુત્ર અને પતિ સાથે લંડન ગયા હતા. તેમણે ઈજિપ્તની ફ્લાઈટનો અનુભવ વર્ણવતા જણાવ્યું કે, ઈજિપ્તની ફ્લાઈટમાં કોઈ જ પ્રકારની સમસ્યા કે ડર લાગ્યો ન હતો પરંતુ, અમદાવાદની ફ્લાઈટમાં લેન્ડ થતી વખતે મને ખૂબ જ ડર લાગ્યો હતો.

આ દુર્ઘટના વિશે જાણ થતાં જ હિનાબેનને લોકોના ફોન આવવા માંડ્યા. તેમણે કહ્યું, આ ઘટના સાંભળી હું દ્વારકાધીશનો આભાર માનું છું. ભગવાને મને બચાવી. જે લોકો આ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા છે તેમનું ખૂબ જ દુઃખ પણ થઈ રહ્યું છે. આખી રાત આ દશ્ય જોઈને મને ઊંઘ પણ નથી આવી.




### લંડનથી 3 વડીલોની પણ જવાબદારી મારા પર હતી

મારી સાથે લંડનથી ત્રણ વડીલો પણ હતા. જેમના પરિવારજનો મને તેમની જવાબદારી સોંપી હતી. આ વડીલો પાસે ફોન પણ ન હતો. એક મુસ્લિમ મહિલા પણ હતા જેમને મેં હાથ પકડીને અંદર બેસાડ્યા હતા અને આ ત્રણેય વડીલોની મે સારી રીતે મદદ કરી અમદાવાદ પહોંચાડ્યા હતા. અમદાવાદ પહોંચીને ત્રણેયના પરિવારજનોને પણ પહોંચી ગયા હોવાની જાણ કરી હતી.

અમદાવાદ એરપોર્ટ ખાતે ઉતરાયણ કર્યા બાદ મારા પતિ મને સુરતથી લેવા માટે આવ્યા હતા. તેમની સાથે હું સુરત આવવા રવાના થઈ હતી. હજુ અમદાવાદ સિવિલ હોસ્પિટલ પાસે જ પહોંચી હતી. ત્યારે આ ઘટના અંગે જાણ થઈ હતી. આ દુર્ઘટના ખૂબ જ દુઃખદ છે.

### પોતે બચી ગયા બદલ ઈશ્વરનો આભાર માન્યો

હિનાબેન કાલરીયાની આ આપવીતી દર્શાવે છે કે, દુર્ઘટનાગ્રસ્ત ફ્લાઈટમાં ટેક્નિકલ ખામીઓ હતી, જેના પર ધ્યાન આપવાની જરૂર હતી. આ ઘટનામાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે દુઃખ વ્યક્ત કરતાં હિનાબેન કાલરીયાએ પોતે બચી ગયા બદલ ઈશ્વરનો આભાર માન્યો છે.

## દેશમાં પહેલીવાર આવેલા પૌત્રનું પણ એરઈન્ડિયા પ્લેન ક્રેશમાં મોત:કોડકી ગામના માતા-પુત્ર સાથે આવ્યો હતો

ભુજ | ગુજરાતની આ વર્ષની સૌથી ગોઝારી પ્લેન દુર્ઘટનામાં ગઈકાલે (12 જૂન 2025) વિમાનમાં સવાર 242 લોકોના મૃત્યુ થયા હતા. અમદાવાદથી લંડન માટે બપોરે 1.38 મિનિટે ઉડાન ભરેલી એર ઈન્ડિયાની બોઈંગ 787ની ફ્લાઈટ નંબર 171 બે મિનિટ બાદ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. એરઈન્ડિયા પ્લેન ક્રેશના આ બનાવથી સમગ્ર દેશમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. ત્યારે હૈયું હચમચાવતી આ ઘટનામાં કચ્છ જિલ્લાના 5 બિનનિવાસી ભારતીય (NRI) લોકોનો પણ સમાવેશ થાય છે. તેમાં ભુજ તાલુકાના કોડકી ગામના અને વર્ષોથી યુકે રહેતા માતા, પુત્ર અને પ્રથમ વખત ઈન્ડિયા આવેલા પૌત્રનું પણ કરુણ મૃત્યુ થયુ છે. આ બનાવથી નાના એવા કોડકી ગામે દુઃખની લાગણી ફેલાઈ છે.

આ અંગે જ્યારે કોડકી ગામની દિવ્યભાસ્કરે મુલાકાત લીધી ત્યારે પ્લેન અકસ્માતમાં જીવ ગુમાવનાર 56 વર્ષીય સુરેશ ધનજી પટેલ, તેમના માતા રાધાબાઈ (ઉવ 80) અને 25 વર્ષીય અશ્વિન સુરેશ પટેલના અપમૃત્યુની ખબરથી પડોશીઓ તેમજ પરિચિત લોકો દુઃખમાં જોવા મળ્યા હતા. એક જ પરિવારના ત્રણ-ત્રણ લોકોનો દુર્ઘટનામાં ભોગ લેવાતાં તેમના મકાન આસપાસ નીરવ શાંતિ છવાયેલી દેખાઈ. હતભાગીનું બે માળનું મકાન વેરાન ભાસતું હતું. મકાન અંદર લાગેલી પરિજનોની તસવીરો અને આસપાસનું ફર્નિચર તેમની સાદગી અને સરળ જીવનની સાક્ષી પૂરતા હતા.

સુરેશભાઈને સ્થાનિકે વહીવટી કાર્યમાં મદદરૂપ બનતા કાંતિભાઈ પટેલ નામના વડીલ સાથે મુલાકાત કરતા તેમણે દુઃખ સાથે જણાવ્યું કે યુકેથી કોકડી પોતાના ઘરે બે માસ સુધી સુરેશ, તેમનો દીકરો અને રાધામાં રોકાયા હતા. ભાગ્યેજ કોઈ એવો દિવસ વીત્યો હશે કે અમારે વાત થઈ ના હોય. ગઈકાલની વહેલી સવારે રાધામાં બહાર ઓટલા ઉપર બેઠા હતા અને સવારે 10 વાગ્યે ઘરેથી અમદાવાદ જવા નીકળ્યા હતા. ઘરેથી જતા સમયે તમેય આવજો હવે લંડન કહેતા ગયા હતા. પણ હરિ કરે એ ખરી.

જ્યારે સુરેશભાઈની સામે રહેતા પ્રેમજી કેરાઈએ કહ્યું કે જેમ આજે સાંજે ઘર બહાર બેઠા છીએ તેમ એક દિવસ પહેલા સુરેશભાઈ અને તેમના પરિજનો પણ સામે ઓટલા ઉપર બેઠાં હતાં. તે સમયે સુરેશભાઈએ આવતીકાલે લંડન જવા માટે અમદાવાદ નીકળશું , એવી વાત કરી ફરી થોડા મહિના બાદ મળશું એવું કહ્યું હતું. જોકે, બપોરે તેમના નિધનના સમાચાર આવ્યા. આ સાંભળી ખૂબ દુઃખ થયું.




### દર વર્ષે ડિસેમ્બરમાં આવતા આ વખતે એપ્રિલમાં આવ્યા

તો મંજુલાબેન કેરાઈએ રડમસસ્વરે કહ્યું કે, આમ તો તેઓ દર વર્ષના ડિસેમ્બર માસ દરમિયાન બે ત્રણ મહિના દેશમાં રોકાવા આવતા હોય છે. પરંતુ આ વખતે એપ્રિલ માસમાં ગામના સ્વામિનારાયણ મંદિરના 25 વર્ષના પાટોત્સવ પ્રસંગે ખાસ જગન યોજાયો હતો, તેની ઉજવણીમાં સામેલ થવા આવ્યા હતા. એટલું જ નહીં, સુરેશભાઈનો દીકરો અશ્વિન પ્રથમ વખત ઈન્ડિયા આવ્યો હતો અને હવે ફરી ક્યારેય નહીં આવે. ખૂબ જ સરળ સ્વભાવના લોકો હતા. એટલું બોલતાં જ તેમના ગળે ડૂમો ભરાઈ આવ્યો અને તેઓ વધુ કંઈ બોલી શક્યા નહી. ત્યારે અચાનક ગામના ત્રણ વ્યક્તિઓ એક સાથે કરુણ ઘટનામાં મરણ પામ્યાનો શોક સમગ્ર ગામમાં સ્પષ્ટ દેખાતો હતો.

## ભાગ્યશાળી ભૂમિ; 10 મિનિટ મોડી પડતાં ફ્લાઈટ મિસ થઈ : 'એન્ટ્રી ના મળી'

### 'એરપોર્ટથી બહાર નીકળતાં જ પ્લેન ક્રેશના ન્યૂઝ મળ્યાં; ભગવાનની કૃપા છે કે અનેક રિક્વેટ બાદ પણ મને એન્ટ્રી ના મળી'

ભરૂચ | અમદાવાદ પ્લેન દુર્ઘટના 250થી વધુ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં જાણે નસીબ લખાવીને આવી હોય એમ બે વર્ષથી લંડનમાં રહેતી અને એક મહિના માટે ભરુચ આવેલી ભૂમી ચૌહાણ માત્ર 10 મિનિટ લેટ પડીને ફ્લાઈટ ચૂકી જતાં જીવ બચી ગયો. ઘટના બાદ ભૂમિએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે ભગવાનની કૃપા છે કે અનેક રિક્વેટ બાદ પણ મને એન્ટ્રી ના મળી...

આ ઘટના વર્ણવતા ભૂમિ ચૌહાણે જણાવ્યું કે, અમે બે વર્ષ પહેલાં જ ત્યાં (લંડન) સ્થાયી થયા હતા. હું ત્યાં ભણવાના બેઝ પર ત્યાં ગઈ હતી. મારા હસબન્ડ ત્યાં જ છે. હું મહિના માટે અહીં આવી હતી અને ફરીથી ત્યા જવા નીકળી હતી. ગઈકાલે અમે 1:10 વાગ્યાની ફ્લાઈટ બુક કરાવી હતી, અમે વહેલા નીકળી ગયા હતા પણ પહોંચતાં-પહોંચતાં 12:20 વાગી ગયા હતા. એ લોકોએ 12:10એ ચેકિંગ બંધ કરી દીધુ હતું. માત્ર એક વિન્ડો ખુલ્લી હતી. મેં એમને રિકવેસ્ટ કરી કે માત્ર 10 મિનિટ જ લેટ થયું છે તો મને નીકળી જવા દો. હું એકલી જ બાકી છું, પણ એ લોકોએ મને ન જવા દીધી. મને ન જવા દેતા અમે એરપોર્ટથી નીકળ્યા બાદ અમને ન્યુઝથી ખબર પડી અને સગાવ્હાલાના ફોન આવ્યા કે તું જે પ્લેનમાં જવાની હતી એજ પ્લેનમાં આવું થયું. એ સમયે હું કંઈ વિચારી શકુ એવી મારી કોઈ હાલત જ નહોતી. ભગવાનની કૃપા છે કે અનેક રિક્વેટ બાદ પણ મને એન્ટ્રી ના મળી. ભૂમિ ચૌહાણે વધુમાં જણાવ્યું કે, શરૂઆતમાં મને બહુ ગુસ્સો આવ્યો કે માત્ર 10 મિનિટ લેટ પડીને ફ્લાઈટ ચૂકી ગઈ પણ પછી આ બધા સમાચાર સાંભળીને હું ધ્રુજી ગઈ.. સારૂ થયું હું 10 મિનિટ લેટ પડી. જે દુર્ઘટના ઘટી એ ખુબ જ ખરાબ છે. હું કઈ કહી જ નથી શકતી, જે લોકો જોડે થયું છે એ વિચારીને જ હચમચી જવાય છે. જે લોકોએ જીવ ગુમાવ્યો એમના આત્માને ભગવાન શાંતિ આપે.. મારી એરલાઈન્સને રિકવેસ્ટ છે કે સેફ્ટીના રુલ્સ અને પ્રોટોકોસ ફોલો થાય તો આવી દુર્ઘટના ફરી ન ઘટે ને લોકોના જીવ ન જાય..

### રાપર તાલુકાની ગ્રામ પંચાયતની ચૂંટણીનો ધમધમાટ

## 400 કર્મચારીઓને બેલેટ પેપર મતદાન પ્રક્રિયાની તાલીમ અપાઈ



કચ્છ (ભુજ ) | રાપર તાલુકામાં આગામી 22 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને તંત્ર સજ્જ બન્યું છે. રાપર નગરપાલિકાના ટાઉન હોલ ખાતે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કલેક્ટર આનંદ પટેલ અને પ્રાંત અધિકારી જ્યોતિબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ આ તાલીમ યોજાઈ હતી. મામલતદાર એચ. બી. વાઘેલા, નાયબ મામલતદાર બી.કે. કોરાટ અને ચૂંટણી ફરજના ઈન્ચાર્જ નોડલ અધિકારી ડી.પી. રાઠોડે તાલીમનું સંચાલન કર્યું હતું. મામલતદાર વાઘેલાએ માહિતી આપતા જણાવ્યું કે, રાપર તાલુકામાં 24 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી અને 3 ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં કુલ 63 બુથ રહેશે. 11 ઝોનલ રૂટ, 11 આર.ઓ., 100 પ્રિસાઈડિંગ સહિત કુલ 400 કર્મચારીઓ ફરજ બજાવશે.

ચૂંટણી બેલેટ પેપરથી યોજાનાર હોવાથી તમામ કર્મચારીઓને મતદાન પ્રક્રિયા અને નિયમોની વિસ્તૃત તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં વિજય જાની, રોહિત ચૌધરી, મેહુલભાઈ દવે અને ચેતન સુથાર સહિતના અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું હતું.

### કોઈના બહેન, કોઈના પતિ, તો કોઈના સંતાનોએ જીવ ગુમાવ્યો...

## મૃતક રૂપલબેનના નણંદે કહ્યું- 'કાલે જ એમને મળવા ગઇ હતી, માથામાં તેલ અને પગ દબાવી આપતી'

નડિયાદ | હૈયું હચમચાવી દે તેવી અમદાવાદની પ્લેન ક્રેસ દુર્ઘટનામાં 200થી વધારે વ્યક્તિઓના મોત નિપજ્યા છે. ખેડા જિલ્લાના 17 જેટલા પરિવારોનો સમાવેશ થાય છે. નડિયાદ, કઠલાલ, સિગાલી ભાટેરા, ડાકોર, મહેમદાવાદ, કપડવંજ, પેટલી, રામોલના પરિવારજનો છે. 17 વ્યક્તિઓના મોતથી સમગ્ર જિલ્લામાં ગમગીની છવાઈ ગઈ છે અને દરેકના મોઢે ફક્ત આ કરૂણાંતિકા જ સંભાળાઈ રહી છે. ભારે આક્રંદ પરિવારજનોમાં છે 'કોઈના બહેન, કોઈના પતિ તો કોઈના સંતાનોએ જીવ ગુમાવતા પરિવારોમાં હૈયાફાટ રૂદનના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આ સમાચાર ગતરોજથી મળતા પરિવારજનોના ઘરે સ્વજનો આવી રહ્યા છે, ઉત્તરસંડાના પરિવારે કહ્યું એક અઠવાડિયા માટે મેડિકલ ટ્રીટમેન્ટ માટે આવેલા મારા સગા મોટા બહેન પરત UK જતાં કાળ ભરખી ગયો છે.

કોઈ પોતાના સંતાનો સાથે રહેવા જઈ રહ્યા હતા, તો કોઈક અભ્યાસ માટે, તો કોઈ ટૂંકાગાળા માટે સ્વજનોને મળીને પરત જતા હતા. વર્ષોથી લંડન રહેતા ઉત્તરસંડામા શાહીકુટીર ખાતે રહેતા રૂપલબેન પટેલ (ઉ.વ.45) અઠવાડિયા માટે મેડિકલ ટ્રીટમેન્ટ કરાવવા પોતાના પિયર આવ્યા હતા.જ્યા પોતાના ભાઈ પવનભાઈ અને નણંદ હિનાબેન સાથે હશીખુશીનો સમય વિતાવી આ ટ્રિટમેન્ટ પુરી કરી પરત Uk જતાં હતાં. દરમિયાન આ ગોઝારી અકસ્માતની ઘટનાએ પરિવારને વેરણછેરણ કરી દીધો છે. પરિવારજનોના જણાવ્યા મુજબ રૂપલબેનને 3 સંતાનો છે. જેમાંથી બે ટ્વિન્સ 7-7 વર્ષના તો એક 13 વર્ષના છે. જ્યારે રૂપલબેન પોતાના પતિ અને આ સંતાનો સાથે Uk રહેતા હતા પરંતુ એક અઠવાડિયા માટે તેઓ પોતાના ભાઈના ઘરે આવ્યા હતા અને પરત જતા આ દુર્ઘટના સર્જાઈ છે. ભાઈ ભાભી હજુ બહેનને એરપોર્ટ પર મૂકીને ઘરે પહોંચ્યા અને ટીવીમાં સમાચાર સાંભળતા જ પરત અમદાવાદ દોડ્યા હતા.



મૃતક રૂપલબેનના ભાભી હિનાબહેને જણાવ્યું હતું કે, ગઈકાલે જ અમે એમને મળવા ગયા હતા. એમણે એરપોર્ટ સુધી મૂકવા આવવાનું કહ્યું હતું, પરંતું હું શિક્ષક હોવાથી શાળા ચાલુ હતી એટલે જઈ શકી નહીં. એમની ઈચ્છા હંમેશા રહેતી કે હું એમના માથામાં તેલ નાખી આપું અને હું એમને માથામાં તેલ નાંખી આપતી અને પગ દબાવી આપતી. એને પાઈસનો પ્રોબ્લેમ હતો. ગયા બુધવારે અમે એમને એરપોર્ટ લેવા ગયા હતા, અહીં તેઓ ડોક્ટરને બતવવા આવ્યા હતા.

## નર્મદા જિલ્લામાં બે કરુણ બનાવ : સિસોદ્રામાં કરંટથી યુવતીનું મોત, કેવડીયામાં ડાયાબિટીસના દર્દીનું નિધન




(એજન્સી) નર્મદા | તા. 13

નર્મદા જિલ્લામાં બે અલગ-અલગ બનાવમાં બે વ્યક્તિઓના મોત નીપજ્યા છે. નાંદોદ તાલુકાના સિસોદ્રા ગામમાં એક દુખદ ઘટના બની છે. 22 વર્ષીય મનિષાબેન વસાવા પોતાના ઘરની પાછળના વાડામાં બાંધેલા તાર પર ભીના કપડા સૂકવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમને વીજ કરંટ લાગ્યો હતો. તેમને તાત્કાલિક રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા. આમલેથા પોલીસે અકસ્માત મોતનો કેસ નોંધી તપાસ શરૂ કરી છે.

બીજી ઘટનામાં, ગરુડેશ્વર તાલુકાના કેવડીયાકોઠી ગેલીનાર ફળિયામાં રહેતા 55 વર્ષીય રમેશભાઈ તડવીનું મોત થયું છે. ડાયાબિટીસના દર્દી રમેશભાઈ રોજની જેમ દવા લેતા હતા. સવારે ભેંસનું દૂધ કાઢતી વખતે તેમને અચાનક ચક્કર આવ્યા. તેમને બેભાન અવસ્થામાં એકતાનગર ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. એકતાનગર પોલીસે અકસ્માત મોતનો કેસ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## પોરબંદરમાં વિદેશ મોકલવાના નામે છેતરપિંડી

### એક લાખથી વધુની ઠગાઈ, દરગાહમાં મારામારી અને વરલી મટકાના સટ્ટા ઝડપાયા



પોરબંદર | પોરબંદરના ખારવાવાડ વિસ્તારમાં ત્રણ યુવાનો સાથે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. આણંદના જીતેશ ઉર્ફે જીતેન્દ્ર મહેશભાઈ રાણાએ અનિલ મસાણીને વિદેશ મોકલવાની લાલચ આપી એક લાખ રૂપિયા પડાવ્યા હતા. આ ઉપરાંત અનિલના ભાઈ શૈલેષ મસાણી અને જયેશ જુગીને નોકરીની લાલચ આપી 20,000 રૂપિયા લીધા હતા. પૈસા લીધા બાદ વિદેશ નહીં મોકલતા અનિલે કીર્તિમંદિર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

કુતિયાણા તાલુકાના બાવળાવદર ગામની કામુનશાપીર દરગાહમાં મારામારીની ઘટના બની છે. જામનગરના પરવેજ ખીરા પોતાના પરિવાર સાથે દરગાહમાં દર્શન માટે આવ્યા હતા. એક બાળકને અકસ્માતે ધક્કો લાગવાની ઘટનામાં દરગાહના મુંજાવર રફીકબાપુ, તેમના પુત્ર રફીક અને ઈકબાલે પરવેજ અને તેના મામાને માર માર્યો હતો. રાણાવાવમાં એસ.ટી. બસ સ્ટેશન સામે વરલી મટકાનો જુગાર ઝડપાયો છે. પોલીસે ઈકબાલ સમા અને ઈમરાન મીઠવાણીને પકડ્યા છે. તેમની પાસેથી વરલી મટકાનું સાહિત્ય, બે મોબાઈલ અને રૂ. 44,620 રોકડા મળી કુલ રૂ. 54,620નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આદિત્યાણા ગામના પ્રીયાંશ ભટ્ટની શોધખોળ ચાલુ છે.

## વઢવાણને હેરિટેજ સીટી બનાવવાના પ્રોજેક્ટ હેઠળ કાર્યવાહી : વઢવાણ ધોળીપોળમાં તંત્રનું બુલડોઝર ફર્યું, 42 ગેરકાયદે દુકાનો પર તોડી પડાઈ





સુરેન્દ્રનગર |સુરેન્દ્રનગર મહાનગરપાલિકાએ વઢવાણને હેરિટેજ સીટી બનાવવાના પ્રોજેક્ટ અંતર્ગત મોટી કાર્યવાહી કરી છે. વઢવાણ ધોળીપોળ વિસ્તારમાં આજે વહેલી સવારથી ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે 42 જેટલી ગેરકાયદે દુકાનો તોડી પાડવામાં આવી છે.

આ દુકાનો વર્ષ 2005થી ગેરકાયદેસર રીતે ઊભી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાએ દુકાનદારોને બે વખત નોટિસ આપી હતી, પરંતુ તેમણે દબાણો દૂર કર્યા ન હતા. આખરે મનપાએ જેસીબી અને બુલડોઝર સાથે દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી હતી. કાર્યવાહી દરમિયાન ગણેશ પાન અને આજુબાજુની દુકાનોને તોડી પાડવામાં આવી. આ સમયે મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્ર થયા હતા. મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ પોલીસ બંદોબસ્ત વચ્ચે સમગ્ર કામગીરી પાર પાડી હતી. મનપાના અધિકારીઓએ જણાવ્યું કે, વઢવાણને હેરિટેજ સીટી તરીકે વિકસાવવાના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે. વર્ષ 2005માં આ દુકાનોની માન્યતા રદ થઈ હોવા છતાં દબાણકર્તાઓએ દુકાનો દૂર કરી ન હતી, જેથી આજે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

# અમદાવાદ પ્લેન દુર્ઘટના : ભાવનગરના સોની વેપારીના દીકરી - જમાઈના મોત

## દંપતી, જેઠાણી સહિત ચાર વ્યક્તિ અમદાવાદથી લંડન જઈ રહ્યા હતા

(એજન્સી) ભાવનગર | તા.13

અમદાવાદના મેઘાણીનગર પાસે આઈજીપી કમ્પાઉન્ડમાં લંડન જઈ રહેલું પ્લેન ક્રેશ થયાની હૃદયદ્રાવક ઘટનામાં ભાવનગરના સોની વેપારીના દીકરી, તેમના જમાઈ સહિત અંદાજે ત્રણથી ચાર વ્યક્તિના કરૂણ મોત થયા છે. આ હચમચાવનારી ઘટનાને જાણ થતાં ભાવનગરના જવેલર્સો અને સોની સમાજમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે. અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના બેથી અઢી મિનિટ જેટલા ટૂંકા સમયમાં જ વિમાન ક્રેશ થતાં તેમાં સવાર રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સહિતના લગભગ તમામ મુસાફરોના મોત થયાનું કહેવામાં આવે છે. આ દુર્ઘટનામાં ભાવનગરના પ્રખ્યાત પ્રેમજી વશરામ જવેલર્સના માલિક (ભાગીદાર) ભરતભાઈ વૃજલાલ લંગાળિયાના પુત્રી યોગાબેન સ્વપ્નિલભાઈ સોની, જમાઈ સ્વપ્નિલભાઈ સોની, યોગાબેનના જેઠાણી અલ્પાબેન નિશિતભાઈ સોની અને પરિવારની અન્ય એક વ્યક્તિ પણ



મોતને ભેટયાંના દુઃખદ સમાચાર મળ્યા છે. યોગાબેન અને તેમના પરિવાર સભ્યો અમદાવાદથી લંડન ફરવા માટે જઈ રહ્યા હતા. ભાવનગર શહેરના આતાભાઈ ચોક વિસ્તારમાં પિતાનું ઘર ધરાવતા યોગાબેનનો એક ભાઈ છે, જેઓ પણ ઓસ્ટ્રેલિયામાં સ્થાયી છે. જ્યારે પિતા ભરતભાઈ સોનીનું એકાદ-બે વર્ષ પૂર્વે ઓસ્ટ્રેલિયામાં હતા. ત્યારે હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. સ્વ.ભરતભાઈ નામાંકિત સોની વેપારી ઉપરાંત સેલ્સ ટેક્સ-ઈન્કમ ટેક્સના એડવોકેટ હતા. જ્યારે, યોગાબેનનો એક દિકરો વિદેશમાં અભ્યાસ કરી રહ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.આ વિમાન દુર્ઘટનામાં સોની પરિવારના મૃત્યુની જાણ થતાં તેમના સગા-સબંધીઓ તાબડતોડ અમદાવાદ દોડી ગયા છે. યોગાબેનના અંદાજે ૨૦ વર્ષ પૂર્વે લગ્ન થયા બાદ તેઓ અમદાવાદ સ્થાયી થયા હતા તેમ સૂત્રો પાસેથી વધુમાં જાણવા મળ્યું છે.પ્લેન ક્રેશની કરૂણાંતિકા અંગે ભાવનગર જિલ્લા કલેક્ટર તંત્રનો સંપર્ક સાધતા અધિક નિવાસી કલેક્ટર એન.ડી. ગોવાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદની ઘટનામાં ભાવનગરના કોઈ વ્યક્તિના મોત થયા અંગેની સત્તાવાર પુષ્ટી મળી શકી નથી. જિલ્લા વહીવટી તંત્ર સ્ટેટ સાથે સતત સંપર્કમાં છે.

અનેક બીમારીઓ અટકાવવાનો સર્વશ્રેષ્ઠ અને ઉત્તમ માર્ગ એટલે યોગ

# યોગ અને પ્રાણાયામ થકી મેદસ્વિતા મુક્ત બનવા તરફ આગળ વધી રહ્યું છે ગુજરાત

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

યોગ અને પ્રાણાયમ એ દરેક શારિરીક કે માનસિક સમસ્યાઓનું સમાધાન છે, આજના સમયે ચરબી અને મેદસ્વિતાનું પ્રમાણ ચિંતા ઉપજાવે તે રીતે વધી રહ્યુ છે ત્યારે તેના નિવારણ માટે યોગ આશાનું કિરણ સાબિત થઈ રહ્યું છે. આધુનિક યુગમાં શુષ્ક અને નિષ્ક્રિય જીવનશૈલી મેદસ્વિતાનું કારણ બની રહી છે. લોકોની જીવનશૈલીમાં આવેલ ઝડપી પરિવર્તન સરળતાથી ઉપલબ્ધ ઉચ્ચ કેલેરી વાળો ખોરાક, ઝંકફૂડ, ફાસ્ટ ફૂડ, શારીરિક શ્રમ અને વ્યાયામનો અભાવ, બાળકોમાં રમતગમતનો અભાવ ટીવી મોબાઈલ કોમ્પ્યુટર વગેરેના વધુ પડતા ઉપયોગના કારણે તો કેટલીક દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે મેદસ્વિતાનું પ્રમાણ હાલ વધી રહ્યું છે. આ બાબતે ગુજરાત સરકારે ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા દર્શન હેઠળ સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન થકી લોકો સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અપનાવી મેદસ્વિતા અને મેદસ્વિતાથી થનાર અનેક બીમારીઓ થી બચી શકે તે માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ત્યારે મેદસ્વિતાને નિયંત્રણમાં લેવા અને તેને નિવારવા માટેનું રામબાણ ઈલાજ એટલે યોગ અને પ્રાણાયામ. જે અન્વયે સરકારના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ અને પ્રાણાયામ થકી મેદસિતાનું કેવી રીતે નિવારણ લાવી શકાય તે માટે કોમન યોગ પ્રોટોકોલ પણ બનાવવામાં આવ્યો છે. આજે ગુજરાતમાં જોઈએ તો મેદસ્વિતાનું પ્રમાણ દિવસે અને દિવસે વધી રહ્યું છે. એમાંય ખાસ કરીને બાળકોમાં અનિયમિત ખાનપાન, ફાસ્ટ ફૂડ સહિતના કારણોથી બાળકોમાં ચરબીનું પ્રમાણ વધી જતું હોય છે અને તે અન્ય બીમારીઓને પણ નોતરે છે. ચરબી વધવાને કારણે લીવર અને કીડની પર પ્રેશર વધતું હોય છે. ઉપરાંત ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને કેન્સર જેવી ગંભીર બીમારીઓ માટે પણ ઘણીવાર મેદસ્વિતા કારણભૂત બને છે. મેદસ્વિતા અને મેદસ્વિતાથી થનાર અનેક બીમારીઓ અટકાવવા યોગ એ સર્વશ્રેષ્ઠ અને ઉત્તમ માર્ગ છે અને તેની વિશેષતા એ છે કે તે આડઅસ રહિત છે. નાના બાળકોથી લઈ વડીલો સુધીના નાની મોટી યોગિક ક્રિયાઓ કરી મેદસ્વિતા અટકાવી ફરીથી તંદુરસ્ત જીવનશૈલીથી જીવન જીવી શકીએ છીએ.

વિષયક માહિતી પૂરી પાડી

## ડાંગનાં વૈજ્ઞાનિકો ડાંગ જિલ્લાનાં 8710 ખેડૂતોનાં દ્વારે ખેતી પહોંચી

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ, ડાંગ દ્વારા વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનની ઉજવણી તારીખ દરમિયાન કરાઈ હતી.સદર 15 દિવસિય અભિયાનમાં ન.કુ.યુ, નવસારીનાં કુલપતિ ડો.ઝેડ.પી. પટેલ અને ICAR, ATARI-Puneનાં માર્ગદર્શનથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડાંગનાં વૈજ્ઞાનિકોએ દરરોજનાં 600થી 700 ખેડૂતોના અંગત અભિપ્રાય/સંપર્ક કરી અને દસ્તાવેજીકરણ કર્યું હતુ.આ અભિયાન દરમિયાન જુદા જુદા ગામોમાં થતા કૃષિ પાકોમાં ચોમાસુ ઋતુ પૂર્વેની તૈયારી અને પાક વાવ્યા બાદ તેમાં જરૂરી જે કંઈ નાવીન્ય ખેતી પદ્ધતિઓ અપનાવવાની હોય, તેમજ ખાસ કરીને રસાયણ મુક્ત ખેતી અને પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમ દરમિયાન ખેડૂત ભાઈ બહેનોના અભિપ્રાયો પણ મેળવવામાં આવ્યા હતા.આ અભિયાન દરમિયાન ઈનોવેટિવ ફાર્મસની માહિતી એકત્રિત કરવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યા હતા.જેમાં કુલ ખેતીને લગતા 16 ઈનોવેશન સામે આવ્યા હતા.આ કાર્યક્રમ દરમિયાન 8-8 વૈજ્ઞાનિકોની બે ટીમ દ્વારા ખેડૂતો સાથે કૃષિગોષ્ટી, ડાયગ્નોશીશ, લેકચર, નિદર્શન પદ્ધતિ, ખેતરની મુલાકાત, ખેડૂત-વૈજ્ઞાનિક વાર્તાલાપ, સફળ વાર્તા ખેડૂતને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી દ્વારા ૨૯-૦૫-૨૦૨૫ થી ૧૨-૦૬-૨૦૨૫ દરમ્યાન "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" યોજવામાં આવ્યું

કમલેશ પટેલ । સંખેડા

ખરીફ મોસમ શરૂ થવા પહેલા કિસાનોની સજ્જતા અને સશક્તિકરણના ખાસ હેતુંઓ સાથે કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વમાં ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ(આઈ. સી.એ.આર.) સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર- મંગલભારતી, છોટાઉદેપુર દ્વારા જિલ્લાના વિવિધ ગામોમાં ૨૯ મે થી ૧૨ જૂન દરમિયાન "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" આયોજીત કરવામાં આવેલ. જેમાં આઈ.સી.એ.આર.ના ૭૩૧ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ(આઈ.સી.એ.આર.)ની ૧૧૩ સંસ્થાઓના વૈજ્ઞાનિકો-નિષ્ણાંતો, સંલગ્ન વિભાગના અધિકારીઓએ ભાગ લીધો હતો. સમગ્ર દેશમાં એક લાખ કરતા વધુ ગામોમાં આયોજીત થયેલ. જેમાં દોઢ કરોડ જેટલા ખેડૂતો સુધી તાંત્રિક માહિતી પહોચાડવામાં આવેલ હતી. આ અભિયાન અંતર્ગત



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી છોટાઉદેપુર હેઠળ આવતા તાલુકાઓ સંખેડા, બોડેલી, નસવાડી, પાવીજેતપુર, કવાંટ, છોટાઉદેપુર તેમજ વડોદરા જિલ્લાના ડભોઈ અને વાઘોડિયા તાલુકાના ૯૦થી વધુ ગામોમાં ખેડૂતોને ખરીફ પાક વાવેતરની શ્રેષ્ઠ પધ્ધતિઓ અપનાવવા અંગેના આયોજન, પ્રાકૃતિક ખેતી, રોગ જીવાત નિયંત્રણ, પશુપાલન તથા મત્સ્યપાલન અંગેની માહિતી આપી હતી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા તથા વિષય નિષ્ણાંતો, આઈ.સી.એ.આર.ના મત્સ્યપાલન વિભાગના ર્ડા. અરૂણ શર્મા તથા ર્ડા. કામલે સાહેબ તથા આણંદ કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિકો, ખેતીવાડી ખાતું અને આત્મા પ્રોજેકટના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ પ્રગતિશીલ ખેડૂતો ગામડે-ગામડે જઈને ખેડૂતોને આગામી ચોમાસું ઋતું માટે ખેતી, પ્રાકૃતિક ખેતી અને પશુપાલન વિષયક, મત્સ્ય પાલન તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન પુરું પાડયું હતું. માટીની ગુણવતા, માટી આરોગ્ય કાર્ડમાં જમીનમા કયા તત્વોનો અભાવ છે. તેના આધારે કયા પાક માટે કયા બીજ સારા રહેશે. કયો પાક સારો રહેશે તેના વિશે ખેડૂતોને જણાવવામાં આવ્યું હતું. આ ટીમો દ્વારા કઈ પધ્ધતિથી વાવણી કરવી, કયુ અને કેટલુ ખાતર ઉમેરવું અને રોગજીવાતોના નિયંત્રણ અને તેનાથી બચવા માટે શું કરવું વગેરેની વૈજ્ઞાનિક તથ્યોના આધારે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

કુલ 4 ગ્રામપંચાયત સમરસ બની

## તિલકવાડા બાદ દેડીયાપાડા નવાગામ ગૃપ ગ્રામપંચાયત સમરસ બની

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં 112 ગ્રામપંચાયતો ની ચૂંટણી ચાલી રહી છે. ઉમેદવારો એ ફોર્મ ભરી દીધા અને પરત પણ ખેંચાયા ત્યારે ડેડીયાપાડા વિસ્તારમાં ભાજપ વિચારધારા સાથે સંકળાયેલા ઉમેદવાર પ્રકાશભાઈ ગઢ ગૃપ ગ્રામપંચાયત માં બિનહરીફ થયા છે. ડેડિયાપાડા તાલુકા ના નવાગામ જીલ્લા પંચાયત મા આવેલી ગઢ ગ્રામ પંચાયત મા ભાજપ ની વિચારધારા ના સરપંચ ના ઉમેદવાર પ્રકાશભાઈ રૂપસીગભાઈ વસાવા બિનહરિફ થયા છે. જ્યારે તિલકવાડા તાલુકાની પૂછપુરા, જલોદરા અને વજેરિયા ગ્રામ પંચાયત સમરસ જાહેર કરવામાં આવતા હવે આગામી 22 તારીખે



ચૂંટણી યોજાશે 4 ગ્રામપંચાયતો ને છોડતા 108 જેટલી ગ્રામપંચાયતો માં ચૂંટણી યોજાશે. ભાજપ પ્રમુખ નીલ રાવે જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ ચાલી રહી છે.હાલ ગ્રામપંચાયતો ની મુદત પૂરી થઈ હોય પેટા ચૂંટણી હોય તેની ચૂંટણી છે. ગ્રામપંચાયતની ચૂંટણી માં રાજકીય પાર્ટી કે સિમ્બોલ જેવું નથી હોતું પણ આ ચાર ગ્રામપંચાયતો બિનફરીફ બની છે સમરસ બની છે જે ચારેય સરપંચો અને સભ્યો ભાજપ ની વિચારધારા સાથે જોડાયેલ છે.

જાફરાબાદ સુપરમાર્કેટ માં ઝળુંબતુ મોત સમાન જર્જરિત હાલતમાં ઉભેલા દુકાનના રવેશ ઉપર

## પીજીવીસીએલના સર્વિસ વાયેર હટાવવા બાબતે રજૂઆત છતાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ની સુપરમાર્કેટ માં આવેલ કપોળ મહાજન ટ્રસ્ટ ની દુકાનોના રવેશ સાવ જર્જરિત હાલતમાં હોય એ પણ ભરચક્ક વિસ્તાર માં ઝળુંબતુ મોત સમાન હોય તે દુકાનના રવેશ દુર કરવામાં કપોળ મહાજન આ ઝળુંબતુ મોત દૂર કરવામાં પીજીવીસીએલ ની રાહ જોવામાં આવી રહી છે. ચોમાસું સાવ નજીક માં હોય અને આ ઝળુંબતુ મોત ભીડભાડ વાળ વિસ્તારમાં હોય અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની..?? આ બાબતે કપોળ મહાજન ટ્રસ્ટ ના ટ્રસ્ટી ને અહીં ના વેપારીઓ દ્વારા અવારનવાર રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ ટ્રસ્ટી ઓ દ્વારા વેપારીઓ ને જણાવ્યું હતું કે આ દુકાનો ઉપર પી.જી. વી.સી.એલ.ના જીવીત સર્વિસ વાયેરો હોય જો પી.જી.વી.સી.એલ. આ પોતાના સર્વિસ વાયેરો હટાવી લેવામાં આવે તો અમે અમારી દુકાનના રવેશ દુર કરાવી નવું બાંધકામ કરવામાં આવશે આ બાબતે અહીંના વેપારીઓ દ્વારા સહીં સાથે પી.જી.વી.સી.એલ. નાયબ કાર્યપાલક ઈજનેર ને લેખિત અરજી તા/૩૧/૦૫/૨૦૨૫ ના રોજ કરવામાં આવી હતી તેમાં વેપારીઓ દ્વારા જણાવ્યું હતું કે સુપરમાર્કેટ માં આવેલ



કપોળ મહાજન ટ્રસ્ટ ની જર્જરિત દુકાનના રવેશ ઉપર વાયરો નડતર હોવાથી સત્વરે આપના વાયરો ત્યાંથી હટાવી લેવા વિનંતી કરવા છતાં પણ પી.જી.વી.સી.એલ. દ્વારા આજદિન સુધી હટાવવામાં આવ્યા નથી કપોળ મહાજન ટ્રસ્ટ દ્વારા જણાવેલ કે આ વાયરો હટાવી દેવામાં આવે તો અમે યુદ્ધ ના ધોરણે આ દુકાનના રવેશ દુર કરી દેશું પરંતુ પીજીવીસીએલ ના સર્વિસ વાયેરો હટાવવામાં ન આવતા અને પીજીવીસીએલ તથા કપોળ મહાજન ટ્રસ્ટ દ્વારા બન્ને દ્વારા એકબીજા ઉપર દોષનો ટોપલો ઠાલવી રહ્યા છે પરંતુ આ યમદૂત સમાન કોઈ મોટી આફત નોતરે તો જવાબદારી કોના શિરે..?? અહીં હજારો ની સંખ્યામાં લોકો ની અવરજવર રહેતી હોય તમામ લોકો ઉપર યમદૂત સમાન જર્જરિત દુકાનના રવેશ ઝળુંબતા મોત સમાન ઉભા હોય પરંતુ જવાબદાર પાલિકા નોટિસ આપી છટકી ગયેલ હોય તેવું લોકમુખે ચર્ચાઓ થઈ રહી છે પરંતુ ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ વિથ રૂલ્સ એન્ડ નોટીફિકેશન્સ ના કાયદામાં અનેક સત્તા પાલિકા ને આપેલી હોવા છતાં પાલિકા પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ પાલિકા દ્વારા જર્જરિત ઈમારતો ને દુર કરવા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ મુજબ નોટિસો આપી અને અખબાર માં પણ જાણ કરવામાં આવી હોય તેવું પણ જાણવા મળ્યું છે. પરંતુ નોટિસ માં જણાવેલ મુજબ જર્જરિત ઈમારતો દુર કરવા ન આવેતો આવી ઈમારતો પાલિકા દ્વારા દુર કરવામા આવે છે. તેનો સંપૂર્ણ ખર્ચ જર્જરિત ઈમારતો ના માલિકો ને ભોગવું પડે છે. પરંતુ પાલિકા દ્વારા નોટિસ આપી અને દિવાલમાં નોટિસ ચીપકાવી પોતાની જવાબદારી માંથી છટકી રહી હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે.

## 14 જૂનથી ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસમાં 6 કોચ ઉમેરવામાં આવ્યા

અમદાવાદ । રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને, ટ્રેન સંખ્યા 22484/22483 ગાંધીધામ-જોધપુર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં 6 વધારાના કોચ ઉમેરવામાં આવી રહ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન સંખ્યા 22484/22483 ગાંધીધામ-જોધપુર-ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં 14 જૂન 2025થી ગાંધીધામ થી અને 13 જૂન 2025 થી જોધપુર થી એક એસી-2 ટાયર, એક એસી-૩ ટાયર, બે એસી-૩ ટાયર ઈકોનોમી અને બે સ્લીપર ક્લાસ સહિત કુલ 6 કોચ ઉમેરવામાં આવી રહ્યા છે. વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

૨૨મીએ ડેડીયાપાડા અને સાગબારા તાલુકામાં સરપંચ તથા વોર્ડની ચુંટણીઓ

## નર્મદા જિલ્લામાં ગ્રામ પંચાયતની ચુંટણીની તૈયારી પુરજોશમાં

ભરત શાહ | નર્મદા

રાજ્ય ચૂંટણી આયોગ તથા દેડીયાપાડા પ્રાંત અધિકારી દ્વારા મળેલ વિગતો મુજબ નર્મદા જિલ્લાના દેડીયાપાડા/સાગબારા તાલુકાઓમાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા પેટા ચુંટણીઓ યોજાવાની છે. દેડીયાપાડા તાલુકાની ૨૮ ગ્રામ પંચાયતો પૈકી કુલ-૨૭ ગ્રામપંચાયતમાં સરપંચની ચુંટણી યોજાનાર છે જ્યારે ગઢ પંચાયતમાં સરપંચ બિનહરીફ થયેલ છે. અને કુલ-૨૩૬ વોર્ડ પૈકી કુલ-૨૧૦ વોર્ડમાં સભ્યોની ચુંટણી યોજાશે. ૨૨ વોર્ડ બિનહરીફ જાહેર થયા છે અને ૪ વોર્ડ ખાલી રહેલ છે. પેટા ચુંટણી અંતર્ગત ૧૨ ગામોમાં કુલ-૧૪ વોર્ડ પૈકી ૧ વોર્ડમાં સભ્યો માટે ચુંટણી યોજાશે, જ્યારે ૨ વોર્ડ બિનહરીફ અને ૧૧ વોર્ડ ખાલી રહેલ છે.

સાગબારા તાલુકામાં ૧ ગ્રામ પંચાયતમાં સરપંચની ચુંટણી યોજાશે. જ્યારે કુલ-૧૦ વોર્ડમાં ચુંટણી યોજાશે. સાગબારા તાલુકાની પેટા ચુંટણીમાં-૧૦ વોર્ડ પૈકી ૧ વોર્ડની ચૂંટણી યોજાશે જ્યારે ૩ વોર્ડ બિનહરીફ અને ૬ વોર્ડ ખાલી રહેલ છે.

મહીસાગર જિલ્લામાં એસ. એસ. સી/ એચ. એસ. સી ની પૂરક પરીક્ષા

## પૂરક પરીક્ષા દરમિયાન પ્રતિબંધિત કૃત્યો ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી । લુણાવાડા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા એસ. એસ. સી/ એચ. એસ. સી ની પૂરક પરીક્ષા મહીસાગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે, તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સી.વી.લટા દ્વારા તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) ના રોજ સવારના ૮-૦૦ ક્લાકે થી રાત્રીના ૨૦-૦૦ કલાક સુધીના સમયગાળા માટે જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગો ખાતે નીચે દર્શાવેલ કૃત્યો કરવા પર મનાઈ ફરમાવુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. અનુસૂચિત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો,જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહી/મંડળી ભરવી નહી તેમજ અધિકૃત અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા પરીક્ષાર્થીઓ સિવાય કોઇ પણ ઇસમને પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવે છે. પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઇક/લાઉડ સ્પીકર/ડી.જે. સાઉન્ડ વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ જાહેરનામા અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ વિભાગના અધિકારી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિતા,૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

## ચાણસ્મા બેચરાજી ત્રણ રસ્તા પાસે ટ્રેઈલર ચાલકની અડોડાઈના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા

નિતિન ઠાકર । ચાણસ્મા

છેલ્લા કેટલાક સમયથી ગોઝારીયા થી ચાણસ્મા પાટણ સુધી ના હાઈવે રોડ નું કામ પુર જોશ માં ચાલી રહ્યું છે .ત્યારે ચાણસ્મા બેચરાજી ત્રણ રસ્તા પાસે ઓવર બ્રીજ બનતો હોવાથી રોડ સાંકડો થઈ જવાના કારણે અને આ રોડ કચ્છ જવા માટે અને બીજી બાજુ બેચરાજી બાજુ ઓટોમોબાઈલ્સ ની. કંપની ઓ હોવાથી ટેઈલર જેવા મોટા વાહનો આ રોડ નો વધારે ઉપયોગ કરતા હોઈ વારંવાર આ રોડ પર ટ્રાફીક સમસ્યા સર્જાય છે શુક્રવારે સવારે એ ટેઈલર ચાલક બેચરાજી ત્રણ



રસ્તા પાસે આડો થઈ અડોડાઇ કરતાં અન્ય વાહન ચાલકો કહેવા જતાં દાદાગીરી કરતાં બન્ને બાજુ ૧ કિલો મીટર વાહનો ની લાંબી લાઈન થઈ જતાં ચાણસ્મા પોલિશ ને વાહન ચાલકો એ જાણ કરતાં પોલિશે સ્થળ પર .જઈ ટેઈલર એક બાજુ કરાવી ટ્રાફીક સમસ્યા હળવી કરતાં ટ્રાફિકમાં ફસાયેલા વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

## ક્રેશ થયેલા વિમાનના એન્જિનમાં 6 મહિનામાં 2 વાર ખામી સર્જાઈ હતી

(એજન્સી) અમદાવાદ a| તા.13


અમદાવાદથી લંડન (AI 171) જતું ક્રેશ થયેલું વિમાન VT-ANB ને એર ઈન્ડિયા દ્વારા 2005 માં ઓર્ડર આપી પાંચ વર્ષમાં 2010 માં લોન્ચ કરાયું હતું. GEnx-1B67 એન્જિન દ્વારા સંચાલિત છે. આ ડ્રીમ લાઈનર B787-8 સિરીઝનું વિમાને 16 વર્ષ જૂનું છે 39,450 કલાક અને લગભગ 7,400 વખત ઉડાન ભરી છે. ફ્લાઈટ રડાર 24 ના ડેટા અનુસાર, છેલ્લા કેટલાક અઠવાડિયામાં આ વિમાન નિયમિત લાંબા અંતરના રોસ્ટરમાં છે. અમદાવાદ એરપોર્ટ પરથી આજ વિમાનમાં છેલ્લા છ મહિનામાં બે વખત ટેકનિકલ ખામી સર્જાઈ છે જેમાં ગત 22 માર્ચે બનેલી ઘટનામાં લંડન થી આવતા વિમાનને લેન્ડિંગ પહેલા જ એક એન્જિન બંધ પડી ગયું હતું સવાર પેસેન્જરના જીવ પણ તાળવે ચોટયા હતા. ફ્લાઈટ રનવે પર ઊભું કરી દેવાતા પરથી ટોઈન કરીને પાર્કિંગમાં લવાયું હતુ જ્યારે પહેલી મેના રોજ આજ ફ્લાઈટ અમદાવાદ લંડન માટે ટેકઓફ થાય તે પહેલાં જ એન્જિનમાં ખામી સર્જાતા ગ્રાઉન્ડ કરવી પડી હતી ફ્લાઈટમાં સવાર 238 જેટલા પેસેન્જરોને બે કલાક સુધી ફ્લાઈટમાં બેસાડી રખાયા બાદ એન્જિનિયરિંગ ટીમ દ્વારા એરક્રાફટ રીપેર ન થતા ઘરે તો દૂરથી આવેલા પેસેન્જરને હોટલમાં રવાના કર્યા હતા. AI 171 તરીકે રવાના થયા પહેલા તેણે સવારે દિલ્હીથી અમદાવાદ (AI 423) માટે 1.09 કલાકની ફ્લાઈટ કરી હતી. તે 12 જૂનના રોજ સવારે 1.34 વાગ્યે પેરિસથી પહોંચ્યું હતું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે.



**વૃષભ (બ,વ,ઉ)**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે.



**મિથુન (ક,છ,ઘ)**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે.



**કર્ક (ડ,હ)**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.



**સિંહ (મ,ટ)**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો। સમજદારીપૂર્વક રોકાણ કરો. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.




**કન્યા (પ,ઠ,ણ)**

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. તમારા પ્રેમી કે પ્રેમિકાની સંવેદનાત્મક જરૂરિયાતો સામે ઝૂકતા નહીં.



**તુલા (ર,ત)**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.




**વૃશ્ચિક (ન,ય)**

આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. ઘરમાં કોઈક વિધી કરાવશો.




**ધન (ભ,ધ,ફ)**

કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.




**મકર (ખ,જ)**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો.



**કુંભ (ગ,શ,સ)**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

## રિટેલ મોંઘવારીનો દર 2019 બાદ છેક હવે 3 ટકાથી પણ નીચે નોંધાયો છે

# ખાદ્ય ચીજોના ભાવોમાં ઘટાડો નોંધાતા રિટેલ મોંઘવારી મેમાં ઘટી છ વર્ષના તળિયે



(એજન્સી) મુંબઇ | તા.13

ભારતમાં મોંઘવારીનો દર સતત ઘટી રહ્યો છે. એપ્રિલમાં મોંઘવારીમાં રાહત મળ્યા બાદ મેમાં પણ રિટેલ મોંઘવારી ઘટી છ વર્ષના તળિયે પહોંચી છે. મે મહિનામાં રિટેલ મોંઘવારી 2.82 ટકા નોંધાઈ હતી. જે ગતવર્ષે મેમાં 4.8 ટકા હતી.કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર જારી આંકડાઓ અનુસાર, રિટેલ મોંઘવારીનો દર 2019 બાદ છેક હવે 3 ટકાથી પણ નીચે નોંધાયો છે. જે એપ્રિલ, 2019માં 3.16 ટકા હતો. હાલ મે, 2025માં રિટેલ મોંઘવારીનો દર 2.82 ટકા નોંધાયો છે. ખાદ્ય ચીજોનો ફુગાવો ઘટી 0.99 ટકા થયો છે, જે ઓક્ટોબર, 2021 બાદના સૌથી નીચલા સ્તરે છે. ખાદ્ય ચીજોનો ફુગાવો સાત મહિનાથી સતત ઘટી રહ્યો છે. જેની પાછળનું મુખ્ય કારણ કૃષિ ઉત્પાદનમાં વધારો છે. મે મહિનામાં રિટેલ મોંઘવારીમાં ઘટાડા પાછળનું મુખ્ય કારણ ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડો છે. કઠોળ, અનાજ, શાકભાજી, ફળો, ઘરેલુ ચીજો, સેવાઓ, ખાંડના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. વધુમાં ઈંધણના ભાવો પણ ઘટ્યા છે. વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવમાં ઘટાડાની અસર ભારતમાં જોવા મળી હતી. ઈંધણ સસ્તુ થયું હતું. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે મોનેટરી પોલિસી બેઠકમાં મોંઘવારી પરનો પૂર્વાનુમાન 4 ટકાથી ઘટાડી 3.7 ટકા કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, તમામ પરિબળોને ધ્યાનમાં લેતાં તેમજ ચોમાસુ સામાન્ય રહેતાં નાણાકીય વર્ષ 2025-26 માટે રિટેલ ફુગાવો 3.7 ટકા રહેવાનો અંદાજ છે. મોંઘવારી પ્રથમ ત્રિમાસિકમાં 2.9 ટકા, બીજા ત્રિમાસિકમાં 3.4 ટકા, ત્રીજા ત્રિમાસિકમાં 3.9 ટકા અને ચોથા ત્રિમાસિકમાં 4.4 ટકા રહેવાનો અંદાજ છે. છેલ્લા છ મહિનામાં ફુગાવામાં ઘટાડો નોંધાયો છે. જે ઓક્ટોબર, 2024થી આરબીઆઈના ટોલરેન્સ રેન્જની અંદર રહ્યો હતો. દેશની આર્થિક વૃદ્ધિની ગાડી પાટા પર વેગવાન બની છે. આરબીઆઈએ શુક્રવારે વ્યાજના દરોમાં 0.50 ટકાનો ઘટાડો કર્યો હતો. તે પહેલા પણ 0.25 ટકાનો ઘટાડો કર્યો હતો. આરબીઆઈએ છેલ્લા છ મહિનામાં ત્રીજી વખત રેપોરેટમાં ઘટાડો કર્યો છે.

## CoinDCX વપરાશકર્તાઓ હવે મેન્યુઅલ ઓર્ડર પ્લેસમેન્ટ અથવા કોડિંગ વિના ક્રિપ્ટો માર્કેટ્સ પર ટ્રેડિંગ વ્યૂહરચનાઓને સ્વચાલિત કરી શકે છે...

# CoinDCX શિખાઉ અને અનુભવી ટ્રેડર્સ માટે ઓટોમેટેડ ક્રિપ્ટો ટ્રેડિંગ લૉન્ચ કરે છે

(એજન્સી) મુંબઇ | તા.13

ભારતના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ, CoinDCX એ TradeTron સાથે સીમલેસ ઈન્ટિગ્રેશન દ્વારા ક્રિપ્ટો ટ્રેડર્સ માટે ઓટોમેટેડ ટ્રેડિંગ રજૂ કર્યું છે. આ નવી સુવિધા ટ્રેડર્સને મેન્યુઅલ હસ્તક્ષેપની જરૂરિયાત વિના, પૂર્વનિર્ધારિત વ્યૂહરચનાઓના આધારે ઓર્ડરની આપમેળે ખરીદી/વેચાણ કરવા માટે પરવાનગી આપે છે. ક્રિપ્ટો માર્કેટ 24/7 કાર્યરત હોવાથી, ઓટોમેશન ચોવીસ કલાક અમલીકરણ અને સુધારેલી કાર્યક્ષમતાને સક્ષમ કરીને નોંધપાત્ર ફાયદા લાવે છે.

'ઇક્વિટી રોકાણકારોમાં અલ્ગોરિધમિક ટ્રેડિંગ પહેલાથી જ સારી રીતે સ્થાપિત છે. નાણાકીય વર્ષ 2025 માં, ડેટા દર્શાવે છે કે NSE પરના તમામ ફ્યુચર્સ અને ઓપ્શન્સ (F&O) ટ્રાન્ઝેક્શનોમાંથી 70% અલ્ગોરીધમ-આધારિત હતા, જે દર્શાવે છે કે તે માર્કેટની કામગીરી માટે કેટલું અભિન્ન બની ગયું છે,' CoinDCX ના સહ-સ્થાપક સુમિત ગુપ્તાએ જણાવ્યું હતું. 'આ માર્કેટની વર્તણૂકમાં નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે, અનુભવી રિટેલ ટ્રેડર્સ પણ વધુને વધુ સ્વચાલિત વ્યૂહરચનાઓ અપનાવી રહ્યા છે જેનો ઉપયોગ એક સમયે મુખ્યત્વે મોટી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતો હતો.'

'ક્રિપ્ટોમાં, જ્યાં માર્કેટ 24/7 સક્રિય હોય છે અને વોલેટિલિટી સતત રહે છે, ઓટોમેશનનું મૂલ્ય વધુ સ્પષ્ટ છે. આ પહેલ સહભાગીઓના વિશાળ જૂથ માટે સંસ્થાકીય-ગ્રેડ ટૂલ્સ સુલભ બનાવવા અને ક્રિપ્ટો ટ્રેડિંગમાં કાર્યક્ષમતા વધારવામાં મદદ કરવાના CoinDCX ના સતત પ્રયાસનો એક ભાગ છે. 'TradeTron સાથેની અમારી ભાગીદારી હવે વપરાશકર્તાઓને ચોવીસ કલાક સ્વચાલિત વ્યૂહરચનાઓને નિયોજિત કરવા માટે સક્ષમ બનાવે છે - ભલે તેઓ સૂતા હોય,' તેમણે ઉમેર્યું.CoinDCX પર ઓટોમેટેડ ટ્રેડિંગના ફાયદાઝડપ અને ચોકસાઈ: ઓટોમેટેડ સિસ્ટમ્સ રીઅલ-ટાઈમમાં મોટા પ્રમાણમાં માર્કેટ ડેટાનું વિશ્લેષણ કરે છે અને પૂર્વનિર્ધારિત શરતો પૂર્ણ થતાંની સાથે જ ઓર્ડરને અમલમાં મૂકે છે - સમયસર અને સચોટ વેપાર સુનિશ્ચિત કરે છે. અમલીકરણમાં શિસ્ત: વ્યૂહરચનાઓ તર્કના આધારે સતત અમલમાં મૂકવામાં આવે છે. આ ટ્રેડિંગ નિર્ણયોમાંથી ભાવનાત્મક પૂર્વગ્રહ દૂર કરે છે અને માર્કેટની અસ્થિર પરિસ્થિતિઓ દરમિયાન શિસ્ત જાળવવામાં મદદ કરે છે.વ્યૂહરચના પરીક્ષણ અને ઑપ્ટિમાઇઝેશન: લાઇવ થતાં પહેલાં, ઈતિહાસસંબંધિત માર્કેટ ડેટાનો ઉપયોગ કરીને વ્યૂહરચનાઓનું પરીક્ષણ કરી શકાય છે. આ પરફોર્મન્સનું મૂલ્યાંકન કરવામાં, જોખમનું સંચાલન કરવામાં અને સારા પરિણામો માટે પરિમાણોને સુધારવામાં મદદ કરે છે.કોઈ ટેકનિકલ બેકગ્રાઉન્ડની જરૂર નથી: TradeTron ના વિઝ્યુઅલ સ્ટ્રેટેજી બિલ્ડર સાથે, ઓટોમેટેડ ટ્રેડિંગ માટે પ્રોગ્રામિંગ જ્ઞાનની જરૂર નથી. વપરાશકર્તાઓ સરળ ઇન્ટરફેસ દ્વારા તેમની વ્યૂહરચનાઓ બનાવી, ફેરફાર અને લોન્ચ કરી શકે છે.સેટઅપ પ્રક્રિયા સરળ છે અને CoinDCX ના વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ટ્રેડર્સએ ફક્ત તેમના ફ્યુચર્સ વોલેટમાં USDT જમા કરાવવાની, API કી બનાવવાની, TradeTron સાથે કનેક્ટ થવાની અને સાબિત વ્યૂહરચનામાંથી પસંદગી કરવાની અથવા પોતાની બનાવવાની જરૂર છે. એકવાર નિયોજિત થઈ ગયા પછી, વ્યૂહરચનાઓ ક્લાઉડ સર્વર્સ પર સ્વાયત્ત રીતે ચાલે છે - ટ્રેડ્સને અમલમાં મૂકે છે, પોઝિશન્સનું સંચાલન કરે છે અને વપરાશકર્તાઓને તેમના પોર્ટફોલિયોને રિફાઈન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે મુક્ત કરે છે.2018 માં સ્થાપિત, CoinDCX એ ભારતની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ છે, જે 15 મિલિયનથી વધુ નોંધાયેલા વપરાશકર્તાઓ દ્વારા વિશ્વસનીય છે. અમારું ધ્યેય Web3 અનુભવોની સરળ ઍક્સેસ પ્રદાન કરવાનું અને વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓમાં રોકાણોનું લોકશાહીકરણ કરવાનું છે.

# શેરા એનર્જીએ ઝામ્બિયન કોપર ફેસિલિટી સાથે વૈશ્વિક એકીકરણને વધુ ગાઢ બનાવ્યું

(એજન્સી) મુંબઇ | તા.13

શેરા એનર્જી લિમિટેડ (એનએસઇ કોડ: SHERA), નોન-ફેરસ મેટલ્સમાંથી બનેલા વાઈન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સના અગ્રણી મેન્યૂફેક્ચરરે ઝામ્બિયામાં કાર્યરત કોપર કેથોડ મેન્યૂફેક્ચરિંગ પ્લાન્ટના અધિગ્રહણ સાથે તેની આંતરરાષ્ટ્રીય વૃદ્ધિ વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિની જાહેરાત કરી. તેની વિદેશી મટેરિયલ પેટાકંપનીના માધ્યમથી શેરા ઝામ્બિયા લિમિટેડ દ્વારા કરવામાં આવેલ આ અધિગ્રહણ વિશ્વસનીય કાચા માલના સ્ત્રોતને સુનિશ્ચિત કરવા અને તેના વૈશ્વિક પદચિહ્નને વિસ્તૃત કરવાના શેરાના લાંબા ગાળાના વિઝનમાં એક મોટું પગલું દર્શાવે છે.

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો નજીક ઝામ્બિયાના સંસાધન-સમૃદ્ધ કોપરબેલ્ટ પ્રદેશમાં સ્થિત, આ પ્લાન્ટ સ્થાનિક રીતે પ્રાપ્ત કોપર ઓક્સાઇડ ઓરમાંથી 99.99% શુદ્ધ કોપર કેથોડનું ઉત્પાદન કરશે, જેનાથી કંપનીને ખરીદી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં અને કાર્યકારી કાર્યક્ષમતા વધારવામાં મદદ મળશે. નાણાકીય વર્ષ 2025-26માં વાર્ષિક 1,200 મેટ્રિક ટનની પ્રારંભિક ઉત્પાદન ક્ષમતા સાથે, કંપની આગામી વર્ષોમાં 5,000 મેટ્રિક ટન સુધી વધારવાની યોજના ધરાવે છે. આ પહેલ શેરાની પછાત એકીકરણની વ્યાપક વ્યૂહરચના અને કોમોડિટીના ભાવમાં થતા વધઘટથી તેના વ્યવસાય મોડેલને સુરક્ષિત રાખવાની વ્યાપક વ્યૂહરચના સાથે સુસંગત છે.

આ અંગે ટિપ્પણી કરતા, શેરા એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી નસીમ શેખે જણાવ્યું, 'આ વ્યૂહાત્મક અધિગ્રહણ અમારી આંતરરાષ્ટ્રીય યાત્રામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. ઉચ્ચ-શુદ્ધતાવાળા કોપર કેથોડ્સનો સીધો સ્ત્રોત સ્થાપિત કરીને, અમે ન માત્ર અમારી સપ્લાય ચેઇન સ્થિતિસ્થાપકતામાં વધારો કરીએ છીએ, પરંતુ ખર્ચ-અસરકારક અને ટકાઉ કામગીરી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પણ મજબૂત કરીએ છીએ. આ વિકાસ મહત્વપૂર્ણ કાચા માલની લાંબા ગાળાની પહોંચને સુનિશ્ચિત કરે છે અને સતત ઊંચા માર્જિન આપવાની અમારી ક્ષમતાને મજબૂત બનાવે છે. અમારી ઝામ્બિયા કામગીરી શરૂઆતમાં હળવી મૂડી ધરાવતી હોવા છતાં, નોંધપાત્ર વળતર આપવાની અપેક્ષા છે. આનાથી અમારા વધતા સ્થાનિક અને નિકાસ કામગીરીને પણ ટેકો મળશે, જેમાં કેબલ અને કંડક્ટર જેવા નવા ક્ષેત્રોમાં અમારા પ્રવેશનો પણ સમાવેશ થાય છે.

# લોનની અગવડ સામે ઊભી કરો આ 'સગવડ', નહીતર લોન ભરતા જ રહી જશો

(એજન્સી) મુંબઇ | તા.13

આજના સમયમાં ઘણા લોકો પર્સનલ લોન અને હોમ લોન લઈ રહ્યા છે. એવામાં ઘણા લોકો લોનની EMI ભરી શકતા નથી અને જો ભરી શકે છે તો ભવિષ્ય માટેની બચત તેમના માટે ના બરાબર હોય છે. એવામાં જો તમે પણ લોન લીધી હોય અથવા લેવાના હોય તો આજે જ લોનની સામે આ સગવડ ઊભી કરી નાખો, ભવિષ્યની બચત પણ થશે અને પછતાવાના દિવસો પણ નહી આવે. ધારો કે, તમે SBI બેંક પાસેથી 25 વર્ષ માટે 30 લાખ રૂપિયાની લોન લીધી છે અને SBI તરફથી 8.75%ના વ્યાજ દરે તમને હોમ લોન મળી રહી છે. હવે આવી સ્થિતિમાં, SBI હોમ લોન કેલ્ક્યુલેટર મુજબ તમારે 25 વર્ષમાં બેંકને 30 લાખ રૂપિયાને બદલે 73,99,293 રૂપિયા આપવા પડશે. જો તમે 20 વર્ષ માટે લોન લો છો, તો તમારે 63,62,717 રૂપિયા આપવા પડશે અને જો તમે 15 વર્ષ માટે લોન




લો છો, તો તમારે 8.75%ના દરે 53,97,023 રૂપિયા ચૂકવવા પડશે. ટેન્યોર લાંબી થાય તો EMI નાની થાય છે પરંતુ લોન માટે તમારે વધુ રકમ ચૂકવવી પડે છે. જો તમે 25 વર્ષ માટે 8.75%ના વ્યાજ દરે 30 લાખ રૂપિયાની લોન લો છો, તો EMI દર મહિને 24,664 રૂપિયા થશે. જો તમે 20 વર્ષ માટે લોન લો છો, તો EMI 26,511 રૂપિયા થશે અને જો તમે 15 વર્ષ માટે લોન લો છો, તો EMI 29,983 રૂપિયા થશે. એવામાં જો તમે તમારી હોમ લોન વસૂલવા માંગતા હોવ, તો તમારે SIP શરૂ કરવી પડશે. આ માટે, હોમ લોનની EMI શરૂ થતાંની સાથે જ તમારે તે જ સમયગાળા માટે માસિક SIP શરૂ કરવી જોઈએ. ટૂંકમાં જોઈએ તો, જો લોન 15 વર્ષ માટે હોય તો SIP 15 વર્ષ માટે હોય છે અને જો લોન 20 વર્ષ માટે હોય તો SIP 20 વર્ષ માટે હોય છે. આ SIP તમારા EMIની ઓછામાં ઓછી 25 ટકા જેટલી હોવી જોઈએ. ધારો કે, તમે 8.75 ટકાના વ્યાજ દરે 20 વર્ષ માટે 30 લાખ રૂપિયાની લોન લીધી છે. હવે એની EMI રૂ. 26,511 છે, તો આ લોન પર તમારે પ્રિન્સિપલ અમાઉન્ટ અને વ્યાજ સહિત કુલ 63,62,717 રૂપિયા ચૂકવવા પડશે, જેમાંથી 33,62,717 રૂપિયા ફક્ત વ્યાજ માટેના હશે. હવે આમાં તમારે EMI રકમના 25%ની SIP શરૂ કરવી પડશે, જે 6,628 રૂપિયા હશે. તમારે આ રકમની SIP 20 વર્ષ સુધી ચલાવવી પડશે.

# સેન્સેક્સ 524.62 પોઇન્ટના ઘટાડા સાથે 81,167અંકે બંધ

(એજન્સી) મુંબઇ | તા.13

ઈરાન ઈઝરાયલ વચ્ચે તણાવની અસર ભારતીય શેરબજાર પર પડી છે. નિફ્ટી અને સેન્સેક્સ બંને લાલ નિશાનમાં બંધ થયા છે. બપોરે 3.30 કલાકની સ્થિતિ જોઇએ તો, સેન્સેક્સ 524.62 પોઇન્ટના ઘટાડા સાથે 81,167અંકે બંધ થયો જ્યારે નિફ્ટી 152 પોઇન્ટના ઘટાડા સાથે 24,736 અંકે બંધ થયો. મિડકેપ અને સ્મોલકેપમાં પણ ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. તમામ સેક્ટર લાલ નિશાનમાં કામકાજ કરી રહ્યા છે. મેટલ, ઓઈલ એન્ડ ગેસ, ફાર્મા, ઓટો અને પીએસયૂ બેંક, આઈટી ઈન્ડેક્સમાં દબાણ જોવા મળી રહ્યું છે. અદાણી પોર્ટ્સ, ટ્રેન્ટ, પાવર ગ્રિડ કોર્પ, અદાણી એન્ટર પ્રાઇઝ, કોટક મહિન્દ્રા બેંક નિફ્ટી ટોપ લુઝર છે. ઈરાન પર વહેલી સવારે ઈઝરાયલના મિસાઈલ હુમલાએ આ સમગ્ર ચિત્ર બદલી નાખ્યું. 13મી તારીખ જે પશ્ચિમી સંસ્કૃતિમાં અશુભ માનવામાં આવે છે, તેણે ફરી એકવાર તેનો સાચો રંગ બતાવ્યો. જો આપણે તેને ફરી એકવાર બજારનો બ્લેક ફ્રાઈડે કહીએ તો ખોટું નહીં હોય. શેરબજારમાં સવારે 800થી પોઈન્ટથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. BSE ટોપ 30 ના તમામ શેર ઘટ્યા છે. L&T માં 2.18% નો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. આ પછી, ટાટા મોટર્સ, અદાણી પોર્ટ્સ, કોટક, SBI, બજાજ ફાઈનાન્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે.

## યુએન હેડક્વાર્ટર્સ પર બીમટેક છવાઇ

# વિદ્યાર્થીઓએ પીઆરએમઈ ગ્લોબલ સ્ટુડન્ટ્સ સસ્ટેનેબિલિટી એવોર્ડ્સ 2025 જીત્યો

(એજન્સી) મુંબઇ | તા.13

ભારતમાં અગ્રણી એએસીએસબી એક્રેડિટેડ બિઝનેસ સ્કૂલ બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ટેક્નોલોજી (બીમટેક) ને એ જાહેરાત કરતા ગર્વની લાગણી થાય છે કે તેની સ્ટુડન્ટ ટીમ ન્યૂયોર્કમાં યુનાઈટેડ નેશન્સના હેડક્વાર્ટર્સ ખાતે યોજાયેલા પીઆરએમઇ ગ્લોબલ સ્ટુડન્ટ્સ સસ્ટેનેબિલિટી એવોર્ડ્સ 2025ના ગ્લોબલ વિનર તરીકે ઊભરી આવી છે. "BIMTECH - UFE" ટીમમાં નીર સોની, અરૂણોજય વત્સ અને દેવલ કાંબલિયા સમાવિષ્ટ હતા અને બીમટેકના સસ્ટેનેબિલિટી એન્ડ રિસ્પોન્સિબલ બિઝનેસના ફેકલ્ટી ડો. રીતિ કુલક્ષેત્રે તેમને માર્ગદર્શન આપ્યું હતું.




યુનાઈટેડ નેશન્સની પહેલ એવી પ્રિન્સિપલ્સ ફોર રિસ્પોન્સિબલ મેનેજમેન્ટ એજ્યુકેશન (પીઆરએમઈ) દ્વારા મળેલા આ પ્રતિષ્ઠિત સન્માનમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગૉલ્સ (એસડીજી)ને આગળ વધારવા અને રિસ્પોન્સિબલ મેનેજમેન્ટ એજ્યુકેશન માટેના સાત સિદ્ધાંતો સાથે સંલગ્ન હોય તેવા કામો રજૂ કરનાર ટકાઉપણા લક્ષિત પ્રભાવશાળી સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશનની ઉત્કૃષ્ટતાની ઊજવણી કરવામાં આવી હતી. વિજેતા ટીમને વર્તમાન તથા ભવિષ્યની સ્થાનિક ટકાઉપણા પહેલને ટેકો આપવા માટે માર્કેટપ્લેસ સિમ્યુલેશન્સ દ્વારા સ્પોન્સર્ડ 2,000 યુએસ ડોલરનું ઈનામ આપવામાં આવ્યું હતું.

આ અંગે હર્ષ વ્યક્ત કરતા બીમટેકના ડિરેક્ટર ડો. પ્રબિના રજીબે જણાવ્યું હતું કે અમારી ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને વૈશ્વિક તથા પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ પર સન્માન મળતું જોવું એ અમારા માટે ખૂબ જ ગર્વની બાબત છે. આ યાદગાર સિદ્ધિ પુરવાર કરે છે કે અમારા માટે ટકાઉપણું એ કેવળ ભણાવવાનો એક વિષય જ નથી પરંતુ જીવવા માટેનો એક હેતુ પણ છે. આવી ક્ષણો અમને પ્રોત્સાહિત કરે છે અને પ્રમાણ બની રહે છે કે એક સંસ્થા તરીકે અમે સાચી દિશામાં આગળ વધી રહ્યા છીએ. હું એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવું છું અને ભવિષ્યમાં આવી અવિસ્મરણીય પળો માટે આશા વ્યક્ત કરું છું.

BIMTECH-UFE ટીમે છ મહિનાની વિવિધ તબક્કા હેઠળની આકરી મૂલ્યાંકન પ્રક્રિયામાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. માર્કેટપ્લેસ સિમ્યુલેશન્સ દ્વારા આયોજિત, એક રાઉન્ડમાં પાંચ અઠવાડિયા માટે ટકાઉ એકમો ચલાવવા માટે અન્ય ટીમો સાથે સિમ્યુલેશન સ્પર્ધા રમવાનો પણ સમાવેશ થતો હતો.

# ઝુનો જનરલ ઇન્સ્યોરન્સે ભારતનું પ્રથમ ક્રેશ-ડિટેક્શન-અનેબલ્ડ મોટર વીમાકવચ પ્રસ્તુત કર્યું

(એજન્સી) મુંબઇ | તા.13

અદ્યતન ડિજિટલ વીમાકંપની ઝુનો જનરલ ઈન્સ્યોરન્સ વીમાને સરળ, મૈત્રીપૂર્ણ અને નવીન બનાવવા પ્રતિબદ્ધ છે. કંપનીએ તેના ફ્લેગશિપ ઝુનો સ્માર્ટ ડ્રાઇવ કાર ઈન્સ્યોરન્સમાં ભારતની પ્રથમ રિયલ-ટાઈમ ક્રેશ ડિટેક્શન ખાસિયત પ્રસ્તુત કરી છે. આ તાત્કાલિક રોડસાઈડ સપોર્ટ પ્રદાન કરે છે અને દાવાની પ્રક્રિયાને વેગ આપે છે. પરિણામે નવીન, ગ્રાહક-કેન્દ્રિત વીમાપ્રદાતા તરીકે લીડર ઝુનોની પોઝિશન મજબૂત થઈ છે.આ નવા ઉમેરા સાથે ઝુનો સ્માર્ટ ડ્રાઇવ લાભદાયક સલામત ડ્રાઈવિંગથી વિશેષ બની છે. આધુનિક મોબાઇલ ટેલીમેટિક્સ સિસ્ટમ ઝુનો એપમાં સંલગ્ન છે, જે ઓટોમેટિક ક્રેશ ડિટેક્ટ કરે છે અને ઝુનો સપોર્ટ ટીમને એલર્ટ કરે છે, જે રિયલ-ટાઈમ રોડસાઈડ સહાય કરે છે, દાવાની પ્રક્રિયા શરૂ કરે છે અને ગ્રાહકની પહેલની જરૂર વિના મદદ મળે છે. આ કટોકટીમાં મહત્વપૂર્ણ સમય બચાવે છે - જેથી સૌથી વધુ જરૂર હોય છે ત્યારે મદદ મળે છે.ગ્રાહકોને પ્રાથમિકતા આપતા આ નવીન અભિગમ વિશે ઝુનો જનરલ ઈન્સ્યોરન્સના એમડી અને સીઇઓ શનાઈ ઘોષે કહ્યું હતું કે, "ઝુનોમાં અમારો ઉદ્દેશ વીમાને સક્રિય સલામતી ભાગીદારમાં પરિવર્તિત કરવાનો છે. ઝુનો સ્માર્ટ ડ્રાઇવ એક વીમો છે, જે તમારા માટે ડિઝાઈન કરેલો છે, તમને મહત્વપૂર્ણ ક્ષણોમાં ટેકો આપે છે અને તમારી સલામતીને પ્રાથમિકતા આપે છે. રિયલ-ટાઈમ ક્રેશ ડિટેક્શન સાથે અમે એક નિર્ણાયક હરણફાળ ભરી છે - જેમાં અમે પ્રતિક્રિયા સાથે ટેકો આપવાને બદલે સક્રિય સલામતી તરફ અગ્રેસર થયા છીએ. ટેક્નોલોજી અને સંવેદના ગ્રાહકને શ્રેષ્ઠ અનુભવ આપવા કેવી રીતે એકમંચ પર આવી શકે છે એનું આ પાવરફૂલ ઉદાહરણ છે."માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH) દ્વારા ભારતમાં માર્ગ અકસ્માતો પર વાર્ષિક અહેવાલમાં જણાવ્યાં મુજબ, વર્ષ 2022 સુધી ભારતમાં 461,312 માર્ગ અકસ્માતો થયાં હતાં, જેમાં 168,000થી વધારે લોકોનાં મૃત્યુ થયાં હતાં . જેને ઝૂનોની ક્રેશ ડિટેક્શન ટેકો આપવાનો હવે ઉદ્દેશ ધરાવે છે.

## સરકારે 16 જાન્યુઆરી, 2025ના રોજ આ પંચની રચનાને મંજૂરી આપી હતી

# કેનેડિયન વુડ અમદાવાદ ખાતે સેમિનારમાં ઉદ્યોગજગતના અગ્રણીઓને એક મંચ પર લાવ્યું

(એજન્સી) મુંબઇ | તા.13

કેનેડિયન વુડએ કોર્ટયાર્ડ બાય મેરિયોટ ખાતે વુડ (લાકડુ) એક ટકાઉ અને પુનઃપ્રાપ્ય મટેરિયલ" અંગે એક સૌને સાંકળતા સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અગ્રણી ઉત્પાદકો, આર્કિટેક્સ, ડેવલપર્સ તથા ઔદ્યોગિક વ્યવસાયિકોના વિવિધ ગ્રુપ એક સાથે આવ્યા અને તેનો ઉદ્દેશ આધુનિક આર્કિટેક્ચર, ડિઝાઈન તથા મેન્યુફેક્ચરિંગમાં એક ટકાઉ સંશાધનના સ્વરૂપમાં વુડ (લાકડા)ના વધી રહેલા મહત્વ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.આ સેમિનારની શરૂઆતમાં કેનેડિયન વુડના શ્રી ગજાનન પટનકરે મહત્વની માહિતી રજૂ કરી હતી, તેમણે બી.સી. કેનેડાના લાકડાના ટકાઉપણા અને તેના અનેકવિધ ઉપયોગ અંગે વાતચીત કરી હતી. ત્યારબાદ રિઝનિંગ ઈન્સ્ટિંક્ટ્સ આર્કિટેક્ચર સ્ટુડિયોના આર્કિટેક્ટ શ્રી એઆર ઉજ્જવલ પારેખે તેમના પ્રોજેક્ટમાં લાકડાને સામેલ કરવા સાથે સંકળાયેલ અનુભવ તથા પેશન એટલે કે જૂનુન અંગે માહિતી આપી હતી. તેમની રજૂઆતથી એક આકર્ષક પેનલ ડિસ્કશન માટે મંચ તૈયાર



કરવામાં આવ્યો, જેનું નેતૃત્વ કેનેડિયન વુડના કન્ટ્રી ડાયરેક્ટર શ્રી પ્રણેશ છિબ્બરે કર્યું હતું. તેમણે ટકાઉપણા તથા સર્ટીફિકેશન પર ધ્યાન કેન્દ્રીત કરી વર્તમાન સમયમાં ઉદ્યોગમાં લાકડા (વુડ)નું કેટલું મહત્વ રહેલું છે તેના પર ભાર આપ્યો હતો. પેનલિસ્ટોએ નિર્માણ અને ડિઝાઈનમાં લાકડાના બહુવિધ ઉપયોગ સંબંધિત પ્રતાભા, ટકાઉપણા તથા તેને લગતા લાભો અંગે વિચાર રજૂ કર્યાં હતા. આ ચર્ચામાં જવાબદારીપૂર્વક મળતા લાકડાના મહત્વ તથા પર્યાવરણને અનુકૂળ સામગ્રીને ઉત્તેજન આપવામાં તેમની ભૂમિકા અંગે વિશેષ ભાર આપવામાં આવ્યો હતો. આ પેનલ ડિસ્કશનનું સંચાલન કેનેડિયન વુડના શ્રી ડો.જીમ્મી થોમસે કર્યું હતું, જેમણે લાકડાની સ્થિરતા, લાભ તથા વિવિધ ઉપયોગ અંગે વિચારણા સાથે વિવિધ દ્રષ્ટિકોણથી ચર્ચાને આગળ વધારી હતી.

આ સેમિનારથી આ ઈન્ડસ્ટ્રીના પ્રોફેશનલ્સને માહિતીનું આદાન-પ્રદાન કરવા અને એક ટકાઉ તથા રિન્યુએબલ મટેરિયલના સ્વરૂપમાં લાકડાની ક્ષમતા અંગે પોતાની સમજણને વધારે વ્યાપક કરવા માટે અમૂલ્ય પ્લેટફોર્મ પ્રદાન કર્યું છે. માહિતીનું આદાન-પ્રદાન કરવા સાથે એવી આશા છે કે જવાબદારીપૂર્વક મેળવવામાં આવેલ લાકડાને વ્યાપક રીતે અપનાવવામાં આવશે.

NEWS BRIEF

## મહીસાગર | નિ:શુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી સારવાર કેમ્પ યોજાયો



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે મહીસાગર જિલ્લા પંચાયત ખાતે આયુર્વેદ શાખા દ્વારા નિ:શુલ્ક નિદાન અને ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્ઘાટન જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથીના નિષ્ણાત મેડિકલ ઓફિસરો દ્વારા વિવિધ રોગો માટે સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, ઔષધીય વનસ્પતિઓના ચાર્ટનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું, જેણે ઉપસ્થિત લોકોને આયુર્વેદિક ઔષધીઓ વિશે જાણકારી આપી હતી. યોગનું મહત્વ સમજાવવા અને વિવિધ રોગોની સારવારમાં યોગ કઈ રીતે મદદરૂપ થઈ શકે તે દર્શાવવા માટે યોગ શિક્ષકો દ્વારા જુદા જુદા યોગાસનોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો લાભ શાખાધિકારીશ્રી, જિલ્લા પંચાયતના સ્ટાફ, પોલીસ ભવન અને કલેક્ટર કચેરીના સ્ટાફ તેમજ આસપાસના વિસ્તારની જનતાએ લીધો હતો. આ કેમ્પમાં કુલ 457 લોકોએ સ્વાસ્થ્ય સેવાઓનો લાભ લીધો હતો.

## મહીસાગર | જિલ્લામાં SSC અને HSCની પૂરક પરિક્ષા સંદર્ભે ઈન્ચાર્જ કલેકટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લામાં એસ એસ સી અને એચ એસ સી નાં કુલ ૨૦૯૦ વિધાર્થીઓ પરીક્ષા આપશે. મહીસાગર જિલ્લામાં અગામી ધોરણ ૧૦ અને ૧૨ ની સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા સંદર્ભમાં સ્થાયી પરીક્ષા સમિતીની બેઠક ઈન્ચાર્જ જિલ્લા કલેકટરશ્રી યુવરાજ સિદ્ધાર્થના અધ્યક્ષ સ્થાને લુણાવાડા કોન્ફરન્સ હોલ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા કલેકટરશ્રી યુવરાજ સિદ્ધાર્થે અગામી ધોરણ ૧૦ અને ૧૨ ની પૂરક પરીક્ષાઓ શાંતિપૂર્વક અને નિર્ભય પણે યોજાય તે માટે જરૂરી આયોજન કરવા સંબધિત અધિકારીઓને સુચના આપી હતી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જણાવ્યું હતું કે મહીસાગર જિલ્લામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પૂરક પરીક્ષાઓ તારીખ ૨૩ જૂન થી તારીખ ૦૩ જૂલાઈ સુધી યોજાશે.

## નર્મદા | 15 થી 21 જૂન વિનામૂલ્યે કોમન યોગ પ્રોટોકોલની તાલીમ અપાશે



ભરત શાહ | નર્મદા

સમગ્ર વિશ્વમાં ૨૧ જૂનના દિવસે આંતરરાસ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સર્ટીફાઈડ યોગ કોચ/યોગ ટ્રેનર દ્વારા નર્મદા જિલ્લામાં તા, ૧૫ મી જૂનથી ૨૧ જૂન દરમિયાન નીચે મુજબના સ્થળોએ વિનામૂલ્યે કોમન યોગ પ્રોટોકોલ તાલીમ આપવામાં આવશે. તા. ૧૫ મીથી ૨૧ જૂન દરમિયાન સવારે ૬.૦૦ થી ૭.૦૦ કલાકે નાંદોદ તાલુકામાં મિરિકલ હવેલી, જુના પોલીસ સ્ટેશન ખાતે યોગ ટ્રેનર શિલ્પાબેન શાહ, ગરૂડેશ્વર તાલુકામાં એકતાનગરના આરોગ્ય વન ખાતે યોગ ટ્રેનર રાજેશભાઈ તડવી, તિલકવાડા તાલુકામાં શ્રી કે.એમ શાહ હાઈસ્કુલ ખાતે યોગ ટ્રેનર કૌશિકભાઈ બારીયા , દેડિયાપાડા તાલુકામાં જલારામ મંદિર નર્મદા ભવન હોલ ખાતે યોગ ટ્રેનર દિલીપભાઈ વસાવા, અને સાગબારા તાલુકાનાં પ્રાથમિક શાળા પાનખલા ખાતે યોગ ટ્રેનર રાજેન્દ્રભાઈ વસાવા દ્વારા કોમન પ્રોટોકોલની તાલીમ આપશે. નર્મદા જિલ્લાના નાગરિકો યોગ તાલીમનો લાભ લેવા જિલ્લા યુવા વિકાસ અધિકારી દિનેશભાઈ દેસાઈએ નર્મદા એ જણાવ્યું છે.

## મહીસાગર | જિલ્લાના મતદાન વિસ્તારમાં તા.૨૦ જૂન સાંજના ૦૬.૦૦ કલાકથી ચુંટણી પ્રચાર બંધ કરવાનો જાહેરનામું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી સી વી લટાએ સમગ્ર મહીસાગર જિલ્લાના હદ વિસ્તારમાં જ્યાં જ્યાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ યોજાનાર છે તેવી ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આવેલ તમામ મતવિસ્તારોમાં તા.૨૦/૦૬/૨૦૨૫ના સાંજના ૦૬,૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાક સુધી કોઈ પણ વ્યક્તિ ચૂંટણી સબંધમાં કોઈ જાહેરસભા બોલાવશે નહી, યોજશે નહીં, સંબોધન કરશે નહી કે સરઘસ કાઢશે નહીં,સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન,એલ.ઈ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદર્શિત કરશે નહી,મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીએટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ યોજીને કે સમૂહ ભોજન યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃત્તિ કરશે નહી.

## રાબડાલ | પોલીસ સ્ટેશન ખાતે આયુષ્માન આરોગ્ય શિબિર યોજાઈ



(એજન્સી) દાહોદ | દાહોદમાં રૂરલ પોલીસ સ્ટેશન, રાબડાળ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જેકોટ તથા આયુષ્માન આરોગ્ય મંદિર રાબડાળ દ્વારા આયુષ્માન આરોગ્ય શિબિર તથા વિશ્વ હાઈપરટેન્શન દિવસ નિમિત્તે રૂરલ પોલીસ સ્ટેશનના તમામ સ્ટાફનું બ્લડપ્રેશર તથા ડાયાબિટીસનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન ટોટલ ૫૨ જેટલા પોલીસ કર્મચારીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડપ્રેશરના સસ્પેક્ટેડ ૫ તથા ડાયાબિટીસ ના સસ્પેક્ટેડ ૧૭ મળેલ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, જેઠ વદ-03

## અમદાવાદ વિમાન દુર્ઘટના... શું વિમાન સલામતીના ધોરણો પર ફરી પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે?



અમદાવાદ એરપોર્ટ નજીક થયેલા ભયાનક વિમાન દુર્ઘટનાએ દેશને હચમચાવી નાખ્યો છે. ટેકઓફ પછી તરત જ બનેલી આ દુર્ઘટનાએ તપાસકર્તાઓ અને ઉડ્ડયન નિષ્ણાતો સમક્ષ ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. છેલ્લા દાયકાઓમાં ભારતમાં ઘણી હવાઈ દુર્ઘટનાઓ જોવા મળી છે. દરેક અકસ્માત પછી, ઉડ્ડયન ક્ષેત્રમાં નવા સલામતી ધોરણો પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે અને જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, વ્યાપક તપાસ માટે ધોરણો નક્કી કરવામાં આવ્યા છે અને દરેક દેશે સૂચનોનું પાલન કરવું પડશે. પ્રશ્ન એ ઉભો થાય છે કે અમદાવાદમાં શું થયું. જે અકસ્માતના વીડિયો સામે આવ્યા છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે વિમાન ઉડતી વખતે નીચે પડી ગયું હતું. આ વિમાનમાં અચાનક પાવર નિષ્ફળતાને કારણે થાય છે. આના કારણે એન્જિન બંધ થઈ જાય છે, પરંતુ વિમાનના બંને એન્જિન એક જ સમયે કામ કરવાનું બંધ કરી દે તેવી શક્યતા ઓછી છે. નિષ્ણાતોના મતે, આ અકસ્માતમાં એક વાત ચિંતાજનક છે. વિમાન ઉડાન ભરતાની સાથે જ લેન્ડિંગ ગિયર ઊંચું થઈ જાય છે, પરંતુ તેનું લેન્ડિંગ ગિયર નીચે હતું. શક્ય છે કે પાઈલટે એન્જિનમાં ખામી શોધી કાઢી હોય અને તેને સંભાળવાનો પ્રયાસ કર્યો હોય. હકીકતમાં, વિમાનનું ટેકઓફ અને લેન્ડિંગ એ ઉડાનનો સૌથી ખતરનાક તબક્કો છે. જ્યારે આ અકસ્માત થયો ત્યારે વિમાન 625 ફૂટની ઊંચાઈ પર હતું, જે પ્રશ્ન ઉભો કરે છે કે શું ક્રૂ ફક્ત એક જ સમસ્યાનો સામનો કરી રહ્યો હતો કે એક સાથે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો હતો. અકસ્માતનો ભોગ બનેલું વિમાન બોઈંગ 787-8 ડ્રીમલાઈનર હતું, જે પહોળું છે અને બે એન્જિનથી સજ્જ છે. જ્યારે તપાસ થશે, ત્યારે પહેલો પ્રશ્ન એ પૂછવામાં આવશે કે શું આ વિમાન ઉડાન માટે યોગ્ય રીતે તૈયાર હતું કે નહીં. જેટ વિમાનોમાં ઘણી સપોર્ટ સિસ્ટમ્સ છે, જેમાં ફક્ત એક એન્જિન સાથે ચઢવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. આ એર ઈન્ડિયા વિમાને કેટલી ફ્લાઈટ્સ પૂર્ણ કરી હતી તે હજુ સુધી સ્પષ્ટ નથી. ફ્લાઈટ રડાર24 ના ડેટા અનુસાર, આ વિમાન એક દાયકા કરતાં વધુ જૂનું હતું. ભૂતકાળમાં બોઈંગના ડ્રીમલાઈનર વિશે સલામતીની ચિંતાઓ ઉભી કરવામાં આવી હતી, પરંતુ ક્યારેય અકસ્માત થયો ન હતો. ભારતીય હવાઈ ક્ષેત્રમાં છેલ્લી મોટી દુર્ઘટના 2020 માં બની હતી, જ્યારે એર ઈન્ડિયા એક્સપ્રેસની પેટાકંપનીનું એક પેસેન્જર વિમાન કેરળમાં વરસાદથી ભીંજાયેલા રનવે પરથી સરકી ગયું હતું અને બે ટુકડા થઈ ગયું હતું. ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા. ૨૦૧૦ માં, મેંગ્લોરમાં એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન પહાડી રનવે પરથી સરકી ગયું હતું. વિમાનમાં આગ લાગી હતી, જેમાં ૧૫૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. આ તે સમય હતો જ્યારે લોકો ભારતના ઝડપથી વિકસતા ઉડ્ડયન ક્ષેત્રમાં સલામતી અને વ્યાવસાયિકતા અંગે ઘણા સ્તરે ચિંતિત હતા. હવે પરિસ્થિતિ સુધરવા લાગી હતી અને ઉડ્ડયન ક્ષેત્ર ફરી વળવા લાગ્યું હતું. સરકારે ઉડાન સહિત ઘણી નવી યોજનાઓ શરૂ કરી હતી. આવી સ્થિતિમાં, એક મોટી દુર્ઘટના સમગ્ર કવાયતને અટકાવી દેશે. ઉભા થયેલા પ્રશ્નો પર ચર્ચા કરવી પડશે અને પછી આગળ વધવું પડશે. એવી આશા રાખવી જોઈએ કે ઉડ્ડયન કંપનીઓ સહિત તમામ પક્ષો આ આઘાતજનક અકસ્માતમાંથી પાઠ શીખશે અને સલામતીની ૧૦૦ ટકા ગેરંટી આપી શકાશે.

## બંધ કરાયેલા રાજપીપળા- રામગઢ વચ્ચે કરજણ નદીના પુલનું કામ શરૂ જ નથી થયું

ભરત શાહ | નર્મદા

રાજપીપળા થી રામગઢ જતા રસ્તામાં કરજણ નદી ઉપર 6 વર્ષ પહેલા બાંધવામાં આવેલ પુલ જર્જરિત બન્યો હતો. પુલના બે પિલર નબળા પડ્યા છે અને પાયાને નુકસાન થતા આ પુલ સદંતર બંધ કરાયો છે અને આ બાબત નું તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

વર્ષ 2018-19 માં કરજણ નદી ઉપર આ પુલ બાંધવામાં આવ્યો હતો. પરંતુ ત્રણ વર્ષમાં જ પુલ ખખડધજ બની ગયો છે. કરોડોના ખર્ચે બનાવેલ આ પુલ બનાવવામાં વપરાયેલી હલકી સામગ્રીના કારણે આ પરિણામ આવ્યુ છે. બે વર્ષ પહેલા ચોમાસા દરમિયાન પુલના એક પિલરને નુકસાન થયુ હતું. દરમિયાન ગત ચોમાસામાં બીજા પિલરને પણ નુકસાન થયુ હતું. હવે આ પુલની ચકાસણી દરમિયાન પાયા પણ ખોખલા બની ગયા હોવાનું બહાર આવ્યુ છે. જેના કારણે આ પુલ ની બંને બાજુ બેરિકેટ મૂકી સદંતર બંધ કરવામાં આવ્યો છે

આ પુલ બંધ થવાના કારણે રામગઢ, જીતગઢ, લીમટવાડા અને રિંગણી સહિતના



પાંચ ગામોના લોકોને પાંચ કિ.મી.નો ફેરો ફરવો પડશે.આ પુલ નાં બે પાયા ને બે બ્લોક તોડી રિપેરીંગ કરવા માટે રાજ્ય સરકાર 7 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. પરંતુ હજુ આ પુલ નું કામ શરૂ કરાયું નથી માટે વહેલીતકે કામગીરી શરૂ થાય અને લોકો ને રાહત મળે તેવી લોકલાગણી છે.

**પુલ બહાર જાહેરનામા ના બોર્ડ લાગ્યા હોવા છતાં કેટલાક લોકો તેનો અમલ કરતા નથી જેમાં આજરોજ જોવા મળ્યું કે એક સાઇકલ ચાલક રામગઢ તરફ થી રાજપીપળા તરફ આવતા રાજપીપળા તરફ ના ખુલ્લા એક ભાગ માંથી જોખમી રીતે પોતાની સાઇકલ કાઢી બિન્દાસ બહાર આવ્યો હતો.**

## સાગબારા ચોરીના મોબાઈલ સાથે ચોરને પકડી પાડતી સાગબારા પોલીસ

ભરત શાહ | નર્મદા



સાગબારા પોલીસ સ્ટેશન માં.મોબાઈલ ચોરી ના ગુનાના આરોપી વાહન ચેકીંગ દરમ્યાન શંકાસ્પદ હીલચાલમાં મળી આવેલ હોય આ આરોપીની પુછપરછ કરતા ચોરાયેલ આઈ ફોન કિ.રૂ.૪૫,૦૦૦નો મુદ્દામાલ ઈસમે તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ દેવમોગરાથી મોબાઈલ માલિક ફરિયાદીના પેન્ટના ખિસ્સામાંથી ચોરી કરી પોતાની પાસે રાખી લીધેલ હોવાની કબુલાત કરી ચોરીમાં ગયેલ મુદ્દામાલ આઈ ફોન નો મુદ્દામાલ ચોર દિનેશ બાર્યા વસાવે પાસેથી રીકવર કરી સાગબારા પોલીસ સ્ટેશનના અનડીટેક્ટ ગુનાને ડીટેક્ટ કરી પકડાયેલ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અમદાવાદ પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા મૃતકોની આત્માની શાંતિ માટે ગાયત્રી પરિવાર દ્વારા યજ્ઞ કરાયો



ભરત શાહ | નર્મદા

તારીખ ૧૨-૬-૨૦૨૫ ના રોજ અમદાવાદ ખાતે પ્લેન ક્રેશ થવાથી પ્લેનમાં સવાર એકાદ વ્યક્તિ સિવાય તમામના મુત્યુ થયા છે. આ સદગત દીવંગત તમામ આત્માઓના શાંતિ માટે ગાયત્રી પરીવાર સેવા ટ્રસ્ટ મારફત તા.૧૩-૬-૨૦૨૫ શુક્રવાર ના દિવસે રાજપીપળા પાસેના વડીયા ગામની ડેરી પાસે ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 9:00 થી 12 કલાક સુધી ચાલેલા યજ્ઞ માં ગાયત્રી પરિવાર ના મોટી સંખ્યા માં સભ્યો જોડાયા હતા, આ યજ્ઞ માં સહભાગી થઈ તમામ ગાયત્રી પરિવારના સભ્યો તથા અન્ય પરિવારના સદસ્યો ઉપસ્થિત રહી આહુતિ આપી મૃતકોની આત્માઓને શાંતિ મળે તેવી પ્રાર્થના કરી હતી.

## રાજપીપળા | તંત્રની મંજૂરી વિના ચાલતા ટ્યુશન ક્લાસો : દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ?

ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર માં ઘણા ટ્યુશન ક્લાસો ચાલે છે પરંતુ તંત્ર ની મંજૂરી વિના ચાલતા આ ટ્યુશન ક્લાસો ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે માટે તંત્ર એ આવા મંજૂરી વિના ગેરકાયદેસર ચાલતા ક્લાસો પર ચેકીંગ કરી તેની સામે કડક પગલા લઈ નિયમોનું પાલન કરાવવા કાર્યવાહી કરવી જરૂરી છે. કેટલાક ટ્યુશન ક્લાસ એકદમ સાંકડી જગ્યા માં ચાલતા હોવાથી બાળકો ને ગીચોગીચ બેસાડતા જોવા મળે છે તો કેટલાક ક્લાસો કોમર્શિયલ દુકાનો માં ચાલે છે પરંતુ ત્યાં ફાયર સેફ્ટી કે અન્ય કોઈ સુવિધા નથી ઉપરાંત ગરમી વધુ હોય ત્યારે એસી ચાલુ કરવા માટે દુકાન ની શટર પણ બંધ કરી દેતા જાણે બાળકો ને જેલ માં પૂર્યા હોય તેમ લાગે છે. ભૂતકાળ માં આ કાયદાનો કડક અમલ કરાવવા



રાજપીપળા નગરપાલિકા ટીમે શહેર માં દરેક ઠેકાણે ફાયર સેફ્ટી સહિત ની ધારાધોરણ મુજબ ની બાબત નું કડક ચેકીંગ હાથ ધર્યું હતું જેમાં જૂની સિવિલ હોસ્પિટલ માં પણ ફાયર સેફ્ટી નો અભાવ જણાતા પાલિકા ટીમે સિવિલ સર્જન ની ઓફિસ પણ શીલ કરી હતી.

મોટાભાગના ટ્યુશન ક્લાસો માં વિધાર્થીઓ ની સંખ્યા વધુ હોય છે તેવા માં જો સંચાલકો ફાયર સ્ફટી કે પાલિકા ની મંજૂરી વિના ફક્ત રૂપિયા કમાવવાની લાલચ રાખી આ ક્લાસ ચલાવતા હોય તો એ ત્યાં ભણતાં વિધાર્થીઓ માટે જોખમી કહી શકાય.પાલિકા તંત્ર આ બાબત ને ગંભીરતા થી લઈ ટ્યુશન ક્લાસો પર ચેકીંગ હાથ ધરી કોની પાસે પાલિકા ની પરમિશન કે ફાયર સેફ્ટી ની સુવિધા નથી તેની તપાસ કરી કડક કાર્યવાહી કરે તે ત્યાં અભ્યાસ કરતા બાળકોના હિતમાં કહેવાશે.

## લોકરક્ષક દળની સ્પર્ધાત્મક પરીક્ષા માટે રાજપીપળા એસટી ડેપો દ્વારા ત્રણ એક્સ્ટ્રા બસો મુકાઈ

ભરત શાહ | નર્મદા

ગુજરાત રાજ્યમાં અનેક ભરતીયો માટે અલગ અલગ પરીક્ષાઓ યોજાઈ છે જેમાં લાખો બેકાર યુવાનો તૈયારીઓ કરી પરીક્ષા આપી પોતાનું ભવિષ્ય ઉજ્વળ બનાવવા પ્રયાસ કરતા આવ્યા છે અને હાલમાં લોકરક્ષક દળ ની પરીક્ષા થવા જઈ રહી હોય જેના માટે રાજપીપળા એસટી ડેપો દ્વારા ચાર એક્સ્ટ્રા બસો મુકવામાં આવી છે. રાજપીપળા એસટી ડેપો ના ડેપો મેનેજર કે.એચ.નાય દ્વારા મળતી વિગતો મુજબ તારીખ 15.6.25 ના રોજ લોકરક્ષક દળ ની સ્પર્ધાત્મક પરીક્ષા થવાની છે જેમાં નર્મદા જિલ્લાના ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર સુરત જિલ્લા ખાતે હોય આ પરીક્ષા માટે જનાર ઉમેદવારો ને કોઈ અગવડ ના પડે અને સમયસર તેઓ પહોંચી શકે તે માટે રાજપીપળા ડેપો દ્વારા રાજપીપળા થી સુરત જવા આગલા દિવસ તા.14/6/25 ના રોજ બપોર બાદ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરેલ છે. દિવસ દરમ્યાનની દૈનિક નિયત શિડ્યુલ ઉપરાંત ત્રણ વધારાની બસો બપોરે 2.30 કલાકે રાજપીપળાથી સુરત , 3.30 કલાકે રાજપીપળાથી સુરત તેમજ 5.30 કલાકે રાજપીપળાથી સુરત અને બપોરે 3.30 કલાકે સેલંબાથી સુરત વાયા દેડિયાપાડા, અંકલેશ્વર ના રૂટો પર એક્સ્ટ્રા બસો દોડાવાશે.

જો ઉમેદવારોની ડિમાન્ડ અને ઈન્કવાયરી હશે અને પૂરતા ઉમેદવારો હશે તો અન્ય એક્સ્ટ્રા બસોનું પણ આયોજન કરવા તત્પર રહીશું અને તે માટે પૂરતી બસો સ્ટેન્ડ બાય પણ રાખવા આયોજન કરેલ છે. આ એક્સ્ટ્રા બસોમાં નજીકના નજીકના બસ સ્ટેન્ડ ખાતેથી અથવા ઓનલાઈન મોબાઈલ એપ અથવા ઓનલાઈન વેબસાઈડ (www.gsrtc.in) પર જઈને એડવાન્સ રિઝર્વેશન બુકિંગ કરાવી શકાશે તેમ રાજપીપળા ડેપો મેનેજર દ્વારા જણાવાયું છે.

## વાઘોડિયા તાલુકાની યુવતી પર વારંવાર દુષ્કર્મ ગુજારનાર સામે પોલીસ ફરીયાદ

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના એક ગામની ૧૮ વર્ષીય યુવતી પર બળાત્કાર ગુજારી ને યુવકે ગર્ભવતી બનાવતા મામલો વાઘોડિયા પોલીસ મથકે પહોંચ્યો વાઘોડિયા તાલુકાના એક ગામમાં રહેતા અનિલ પટેલ નામના કિસાનપુત્રના ખેતરમાં રિવજી રાઠવાભાઈ અને નરેન્દ્ર રાઠવાભાઈ છેલ્લા પાંચેક વર્ષથી ખેતી કામ કરે છે અંદાજિત પાંચેક માસ અગાઉ ઢોરઢાંખર માટે ઘાસચારો લેવા જતા નરેન્દ્ર રાઠવા એ યુવતી ને રોકી ને કહ્યું કે મારે તારી સાથે બોલવું છે ત્યારે યુવતી એ ઘસીને ના પાડી દીધી હતી ત્યારબાદ યુવતી કપડાં ધોવા માટે ખેતર પાસે આવેલ કેનાલ પર ગઈ હતી તે દરમિયાન નરેન્દ્ર ને વાસના નું ભૂત સવાર થતાં યુવતી ની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું આમ વારંવાર યુવતી નો એકલતાનો મોકો મેળવીને તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતો રહ્યો ત્યાર બાદ હમણા બે દિવસ અગાઉ યુવતી ને પેટમાં દુખાવો ઉપડતા તેને વાઘોડિયા ખાતે આવેલ એક ખાનગી દવાખાનામાં તપાસ કરાવતા તબીબે યુવતી નાં પરીવાર જનોને ગર્ભવતી હોવાનું જણાવતા યુવતી ને ઘરે લઈ ગયા હતા ઘરે ગયા બાદ યુવતી ની માતા અને કાકી એ પ્રેમ પૂર્વક યુવતી ને પુછતાછ કરતાં સમગ્ર હકીકત નો ખુલાસો બહાર આવવા પામતા યુવતી પોતાના પરિવાર સાથે વાઘોડિયા પોલીસ મથકે પહોંચી ને આરોપી નરેન્દ્ર રાઠવા ઉ વર્ષ ૨૩ વિરૂદ્ધ દુષ્કર્મ ની ફરીયાદ નોંધાવતા પોલીસ સત્વરે એક્શનમાં આવી નરેન્દ્ર ની અટકાયત કરીને મેડિકલ ની તપાસ હાથ ધરી છે.

**ધુણા વાળા મંદિરની પાદુકાઓ ચોરાઇ :** ચાણસ્મા ખાતે આવેલા ધુણાવાળા મંદિરમાં ૧.૫૦૦ ગામ વજન ની ચાંદી ની પાદુકા ઓ કિ. ૭૫ હજારની અજાણ્યા શખ્સો ચોરી ગયાની ઘટના સામે આવી છે ઘટના ની જાણ ચાણસ્મા પોલીસને કરાતા પોલીસે ઘટનાને અલગ અલગ એંગલ થી શરૂ કરી હોવાનું ચાણસ્મા પોલીસે જણાવ્યું હતું. નિતીન ઠાકર ચાણસ્મા

## જાફરાબાદના વેપારીના સુપુત્ર ગોરડિયા કુવૈત ખાતે જઈ રહ્યા હોય તેઓની વિદાય માટે શુભકામનાઓ પાઠવતાં વેપારી વર્ગ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદના રહિશ ગોરડિયા ઠાકરશી પ્રેમજી પેઢી વાળા વેપારી વિજયભાઈ રતીલાલ ગોરડિયા ના સુપુત્ર જય ગોરડિયા તેઓના વેપાર વ્યવસાય ના વિકાસ માટે કુવૈત ખાતે જઈ રહ્યા છે. તેઓને વડોદરા માં જાફરાબાદ કપોળ જ્ઞાતિ વતી તેમજ સદભાવના ટ્રસ્ટ પરિવાર જાફરાબાદ વતી તેઓને શુભેચ્છા સંદેશ તેમજ પ્રતિક રૂપે શ્રીફળ અને સાકરનો પડો આપી ને તેઓની આ યાત્રા ખુબ સરસ બને અને તેઓના ધંધા વ્યવસાય ના કાર્યમાં ઉતરોતર ખુબજ પ્રગતિ કરે તેવી શુભકામના ઓ પાઠવી હતી



અત્રે નોંધવું જરૂરી છે કે જય ગોરડિયા નો પરિવાર જાફરાબાદ ખાતે ઠાકરશી પ્રેમજી નામની વર્ષો જુની પેઢી અને કરીયાણા અનાજ વગેરેનો જાફરાબાદ ખાતે મોટો વેપાર ચલાવતા હતા જાફરાબાદ ના તેઓ કપોળ મહાજન સમાજના એક પ્રતિષ્ઠિત અગ્રણી વેપારી હતા અને લોકો માટે ધાર્મિક અને ચેરીટી ની પ્રવૃત્તિ ઓ કરતા હતા આજે કપોળ મહાજન તેમજ અઢારે વર્ણના લોકો ઠાકરશી પ્રેમજી ની પેઢી ને ખુબજ યાદ કરે છે. પુત્ર જય ગોરડિયા માદરે વતન જાફરાબાદ ને કદી ભુલે નહીં તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ તકે સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ ના નેશનલ ચેરમેન એચ.એમ. ઘોરી સાહેબ તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ કિશોરભાઈ આર સોલંકી તેમજ કપોળ સમાજના અગ્રણી જા.કે.ઉ. મંડળ ના સભ્ય સુરેશભાઈ મહેતા, તેમજ યોગેશભાઈ ગોરડિયા તથા જા.કે.ઉ. મંડળના પ્રમુખ કિરીટભાઈ મહેતા તમાંમ જ્ઞાતિ ના મહાનુભાવો એ અભિનંદન હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

## પાલનપુર ST વર્કશોપ ખાતે બાળ મજૂરી નિવારણ દિવસની ઉજવણી કરવામાં આવી

(એજન્સી) પાલનપુર | તા.13

'બાળ મજૂરી એ વિનાશ તરફ રસ્તો' થીમ હેઠળ બાળમજૂરી નિવારણ દિવસ નિમિત્તે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર એસટી વર્કશોપ ખાતે ખાસ કાર્યક્રમ યોજાયો હતો કાર્યક્રમ માં એસ ટી વર્કશોપ નાં અંદાજે ૧૨૦ જેટલાં કર્મચારીઓ ઉપસ્થિત રહિને બાળમજૂરો દુષણ તેની ભવિષ્યમાં અસર અને તેનાં નિવારણ માટે જવાબદારી વિષે વિસ્તૃત માહિતી મેળવી કાર્યક્રમ દરમિયાન પ્રયાસ જુવેનાઈલ એડ એન્ડ સેન્ટર સોસાયટી નાં મેધાબેન પંડ્યા દ્વારા બાળમજૂરીનાં કારણે બાળકોમાં થતી આત્મ વિશ્વાસ તેમજ તેમનાં ભવિષ્ય પર થતી અસર વિશે વિસ્તૃત



માહિતી આપવામાં આવી હતી ચિલ્ડ્રન હોમ અને અનાથ બાળકો માટે નાં નિવાસ કેન્દ્ર ની કાર્ય પધ્ધતિ અંગે પણ ઉપસ્થિતો ને માહિતી આપવામાં આવી હતી. બાળમજૂરી ને નાથવા માટે દર વર્ષે તારીખ ૧૨/૬/ એટલે કે બાર જુન નાં દિવસે વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ ની ઉજવણી કરવામાં આવે છે ભારત સરકારે વર્ષ ૧૯૮૬ માં બાળમજૂરી નિષેધ અને નિયમન કાયદો પસાર કર્યો હતો આ અધિનિયમ ૦થી ૧૪ વર્ષ નાં બાળકો ને કોઈ પણ પ્રકારના કામ પર રાખવાં માટે સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે આ ઉપરાંત ૧૪ થી ૧૮ વર્ષ નાં તરુણો ને જોખમી ધંધાઓમાં પ્રતિબંધ અને બિન જોખમી ધંધાઓમાં પર રાખવા માટે જરૂરી સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬ માં આ અધિનિયમ માં કરાયેલાં સુધારા બાદ કાયદા નું નામ 'બાળ અને તરુણ શ્રમયોગી અધિનિયમ કરવામાં આવ્યું છે કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડો આશિષ જોષી બાળ કલ્યાણ સમિતિનાં અધ્યક્ષ જયેશભાઈ દવે એસ ટી વર્કશોપ નાં મેનેજર અને પ્રયાસ જુવેનાઈલ એન્ડ સેન્ટર સોસાયટી ની ટીમ ઉપસ્થિત રહી હતી.


## વાઘોડિયા તાલુકાના જરોદ ગ્રા, પં, ચુંટણીમાં 12 વોર્ડમાં 32 સભ્યો અને સરપંચ પદના બે ઉમેદવારો મેદાને જંગમાં

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકા મા આવનાર તા,૨૨ જુને સ્થાનિક સ્વરાજ્યની ગ્રામ પંચાયતો ની ચુંટણી યોજાવાની છે ત્યારે જરોદ ગ્રામ પંચાયત ની ચૂંટણી માં સરપંચ પદ ના ચાર ફોર્મ ભરાયાં હતાં જેમાં બે ઉમેદવારો એ ફોર્મ પરત ખેંચી લેતા હાલ સરપંચ પદ ના મનિષાબેન રૂપેશભાઈ સોલંકી અને દિપિકા બેન ઉમેશભાઈ પરમાર વચ્ચે ગામના પ્રથમ નાગરિક ની ખુરશી મેળવવા માટે ખરાખરીનો જંગ ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે યોજાઈ રહ્યો છે તાજેતરમાં યોજાયેલ રહેલ ચુંટણી માં સરપંચ પદ ની સિટ અનુસુચિત જાતિ અનામત મહિલા હોવાનાં કારણે સરપંચ પદ કરતા વધારે ઉપસરપંચ પદ મેળવવા માટે ગામના અમુક મુખ્ય વોર્ડ માં ભારે ખેંચતાણ સૌને જોવા મળી રહી છે આકળે મધ સમા ઊપ સરપંચ પદ મેળવવા માટે કુલ ૧૨ વોર્ડ માં થી કુલ ૩૨ ઉમેદવારો એ ફોર્મ યથાવત રાખીને પોતાની જીત પાક્કી હોવાનું અનુમાન મુકીને ધગધગતા સુર્યેનારાયણ ના આકરા તાપમાં મતદારો ને રીઝવવા માં પાછી પાની કરતા નથી નું જોવા મળી રહ્યું છે જેમાં વોર્ડ પ્રમાણે પ્રથમ વોર્ડ માં બે ઉમેદવારો, બીજા વોર્ડ માં ત્રણ ઉમેદવારો, ત્રીજા વોર્ડ માં ત્રણ ઉમેદવારો, ચોથા વોર્ડ માં ત્રણ ઉમેદવારો, પાંચમા વોર્ડ માં બે ઉમેદવારો, છઠ્ઠા વોર્ડ માં પાંચ ઉમેદવારો, સાતમા વોર્ડ માં બે ઉમેદવારો, આઠમા વોર્ડ માં બે ઉમેદવારો, નવમા વોર્ડ માં ચાર ઉમેદવારો, દશમાં વોર્ડ માં બે ઉમેદવારો, અગીયારમાં વોર્ડ માં બે ઉમેદવારો, અને બારમા વોર્ડ માં બે ઉમેદવારો નો જંગ ખેલાયો છે ત્યારે વોર્ડ નં છ માં પાંચ ધુરંધરો બેટ્સમેનો ઉપ સરપંચ પદ મેળવવા માટે એલાને જંગ માં ઉતરતા સૌ ગ્રામ જનો ની નજર વોર્ડ નંબર છ પર મંડાઈ છે કોણ બનેગા કરોડપતિ નું ઉપ નામ કોણ બનેગા ઉપ સરપંચ ની ચર્ચાઓ જાગૃત નાગરિકો માં ઉઠવા પામી છે.

# મનાલી-શિમલા છોડો...ભારત-પાકિસ્તાન વચ્ચે વસેલા આ સુંદર ગામના હિલ સ્ટેશનની લો મુલાકાત.....

# keran valley



ઉનાળાની રજાઓ હમણાં જ શરૂ થઈ છે અને બાળકોને ફરવા લઈ જવાની આ તકો છે. આવી સ્થિતિમાં, લોકો ઘણીવાર ઉનાળાની રજાઓમાં કોઈ ઠંડી જગ્યાએ જવાનું આયોજન કરે છે. જો તમે પણ ઉનાળાની રજાઓમાં મનાલી, શિમલા, મસૂરી કે નૈનિતાલ જેવા સ્થળોની મુલાકાત લેવાનું વિચારી રહ્યા છો તો છોડો આ સુંદર જગ્યાની મુલાકાત લો. અમે આ એટલા માટે કહી રહ્યા છીએ કારણ કે આ સ્થળો હવે વધુ પડતી ભીડવાળા થઈ ગયા છે. અમે તમારા માટે એક એવી જગ્યા લાવ્યા છીએ જ્યાં ઓછી ભીડ હોય છે. આ સ્થળ કોઈપણ વિદેશી હિલ સ્ટેશનથી ઓછું લાગતું નથી. અમે ભારત અને પાકિસ્તાન વચ્ચે સ્થિત કરણ ખીણ વિશે વાત કરી રહ્યા છીએ. આ જમ્મુ અને કાશ્મીરમાં સ્થિત એક ખૂબ જ સુંદર અને શાંતિપૂર્ણ ગામ છે જે ભારત અને પાકિસ્તાન વચ્ચે LoCની ખૂબ નજીક આવેલું છે. તો ચાલો આ લેખમાં તે સુંદર હિલ સ્ટેશન વિશે જાણીએ.

## કેરોન વેલીની વિશેષતાઓ

જમ્મુ અને કાશ્મીરના કુપરવાડામાં આવેલું આ ગામ હાલમાં જ પર્યટન માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે અને હવે પ્રવાસીઓ અહીં આવી રહ્યા છે અને આ છુપાયેલા સ્વર્ગનો સંપૂર્ણ અનુભવ કરી રહ્યા છે. કેરન ગામ વિશે બીજી એક રસપ્રદ વાત એ છે કે આ ગામની એક બાજુ ભારત છે અને બીજી બાજુ પાકિસ્તાન છે. બંને કાંઠે એક જ નદી વહે છે અને થોડા વર્ષો પહેલા સુધી બંને કાંઠે લોકો એકબીજાને જોઈ શકતા હતા અને હળવી વાતચીત પણ કરી શકતા હતા. જોકે હવે સુરક્ષા કારણોસર અવરજવર પર પ્રતિબંધ છે પરંતુ સ્થાનિક લોકો હજુ પણ તે જૂના ભાઈચારાને યાદ કરે છે. કેરોન વેલી તેની સુંદરતા માટે પણ જાણીતું છે. આ સ્થળનું કુદરતી સૌંદર્ય એટલું અદ્ભુત છે કે જે કોઈ પણ અહીં એકવાર આવે છે તે જીવનભર તેની યાદોને પોતાના હૃદયમાં સાચવી રાખે છે.






## કેરન વેલીની મુલાકાત શા માટે લેવી?

ભારત અને પાકિસ્તાનની વચ્ચે આવેલું આ હિલ સ્ટેશન સ્વર્ગ જેટલું સુંદર લાગે છે. જ્યાં પર્વતો, હરિયાળી, નદીઓ અને ઘણી શાંતિ હોય. કરણ વેલીની સૌથી ખાસ વાત એ છે કે અહીં તમને ન તો ભીડ જોવા મળશે અને ન તો હોર્નનો અવાજ. તમને ફક્ત પક્ષીઓનો કિલકિલાટ, વહેતી નદીનો ગર્જના કરતો અવાજ અને લીલાછમ પર્વતોનો છાંયો જ મળશે. અહીંની ખીણો એટલી હરિયાળી અને ખુલ્લી છે કે તમને એવું લાગશે કે તમે કોઈ ફિલ્મના સેટ પર ઉભા છો. અહીં તમને લાકડાના બનેલા પરંપરાગત ઘરો, ખેતરોમાં કામ કરતા લોકો અને પૃષ્ઠભૂમિમાં ઊંચા પર્વતો દેખાશે. આ ખીણમાંથી કિશનગંગા નદી વહે છે જે આ સ્થળની સુંદરતામાં વધુ વધારો કરે છે. નદીનું સ્વચ્છ અને ઠંડુ પાણી સ્ફટિક વાદળી દેખાય છે અને તેના કિનારે બેસીને સૂર્યાસ્ત જોવો એ એક યાદગાર અનુભવ બની જાય છે.

## કેરન ખીણ કેવી રીતે પહોંચવું ?

કેરન વેલીનું સૌથી નજીકનું એરપોર્ટ શ્રીનગર છે જે અહીંથી લગભગ 110 કિમી દૂર છે. તમે શ્રીનગરથી કુપવાડા ટેક્સી અથવા સ્થાનિક પરિવહન દ્વારા મુસાફરી કરી શકો છો. આ પછી કુપવાડાથી વાહનો દ્વારા ડુંગરાળ રસ્તાઓ દ્વારા પહોંચી શકાય છે. રસ્તો થોડો મુશ્કેલ છે પણ જ્યારે તમે ત્યાં પહોંચશો ત્યારે તમે તમારો બધો થાક ભૂલી જશો. તમને જણાવી દઈએ કે આ સ્થળ LOC ની નજીક છે તેથી અહીં જતા પહેલા સ્થાનિક માર્ગદર્શકની પરવાનગી અને મદદ જરૂરી છે.



---

# ગયેલાના શું ગુંજન કરીએ? શોકના પડઘા છે બધેય..





દુર્ઘટના

- રુપાલી દવે

ઓ પાલન હરે નિર્ગુણ હો ન્યારે..

જ્યારે અમદાવાદમાં ૧૨જૂને થયેલ ગોઝારી વિમાન દુર્ઘટનામાં અધધધ લોકોના મૃત્યુ થયા માત્ર એક મુસાફર અને ઠોકરજી નું સ્વરૂપ અખંડિત છે ત્યારે ઘણાય એ પ્રશ્ન પૂછાયો કે ભગવાન, બીજાનું તો ઠીક મોત લખાયું હશે પણ તમારી સેવા કરનારના જીવ કેમ ન બચાવ્યા? આ ઘટના બાદ ભગવાન પરથી વિશ્વાસ ઉઠી ગયો છે..માણસ નું આશ્ચર્ય એના સ્વાર્થ કરતા નાનું હોય છે,કેમ? આ દુનિયામાં પેદા થનાર પ્રત્યેક ના જીવનનો નકશો એની જન્મ કુંડળી માં નહી લલાટ પર લખ્યો હોય છે.મૃત્યુ એ જીવનું અંતિમ સત્ય છે,ક્યારે? અને કેમ? એ અનિશ્ચિત છે.માન્યું કે સાયન્સ એ એટલી બધી પ્રગતિ કરી છે ને કે માનવીય રોબર્ટ બનાવી ને WWF ની રમતનું લાઈવ પ્રસારણ કર્યું. પરંતુ સાયન્સ અને જીવન ચક્ર વચ્ચે એટલો મોટો ગેપ છે કે એને સમજવો સાયન્સ માટે અઘરું છે. સાયન્સ ની પ્રગતિ એ રોબર્ટ તો બનાવ્યા પણ “મૃત્યુ” ક્યારે? કેવી રીતે આવશે? એ સમજવામાં રીતસરના ગડથોલા ખાય છે. હવાઈ જહાજ આકાશ માં કેટલા કિલોમીટર એ ગતિ કરીને ક્યાં પહોંચશે?એર પોર્ટ માં સિકયુરિટી માંથી પસાર થવું પડતું હોય છે આમ છતાંય આધુનિક મશીન અન્ય મુસાફરો સાથે પ્રવેશેલ મૃત્યુ ને ઓળખી શકતા નથી,છે ને મોટામાં મોટું આશ્ચર્ય.

મૃત્યુ એ જીવ નું અંતિમ સત્ય છે? કદાચ હોસ્પિટલ નો બેડ કે ડોકટર રૂપિયા ના જોરે ખરીદી શકો પરંતુ મૃત્યુ ને ખરીદી શકાતું નથી એતો જન્મતા ની સાથે જ પાછળ પાછળ ફરતું હોય છે.આતો માણસ નું અભિમાન મોટું એટલે એ ખુદની હરીફાઈ ઈશ્વર સાથે કર્યા કરતો હોય છે. મને કોઈ એ સૂચવ્યું કે તમે ફલાણા ફલાણા ને ફોલો કર્યા કરશો તો તમારી પ્રગતિ ફટાફટ થશે ત્યારે મેં એ સજ્જન ને કહ્યું કે ભાઈ,પ્રગતિ શું? બાળપણ થી જ હરીફાઈ ની રેસમાં ફેલ થવાના ચાન્સ વધારે હોવાના લીધે ઉતરી નથી. મૃત્યુ જીવન નું અંતિમ સત્ય છે તો જીવન ના અંતિમ ક્ષણ સુધી મારો ઈરાદો પૂર્ણ પરમાત્મા ને જ ફોલો કરવાનો છે. અમારા ત્યાં વરસો પહેલા એક કિસ્સો બન્યો હતો સોસાયટી મા રહેતા ભાઈ નું પંદર દિવસ પહેલા રિક્ષા ઉંધી વળી જવાથી એક્સિડન્ટ થયું હતું.એ વખતે ભાઈ પર આખી રિક્ષા પડી હોવા છતાંય એને નાનકડી ખરોચ પણ નહતી આવી.આ ચમત્કાર વિશે જાણ થતા બધા સોસાયટી વાળા એને મળવા ગયા ને ભાઈ ને કીધું કે તમે ખૂબ ધાર્મિક છો ને એટલે ભગવાન ને તમને મોત ના મુખ માંથી બચાવી લીધા.

અચાનક પંદર દિવસ બાદ સોસાયટી ના ગ્રુપમાં એ ભાઈ ના મૃત્યુના સમાચાર આવ્યા. આમ તો વાંચીને પ્રથમ દૃષ્ટિ એ સાચા માનવાનું મન નહતું થતું,એ ભાઈ સાથે દસ બાર દિવસ પહેલા તો વાત કરી હતી. એવું તો શું થયું? ભાઈ ના વાઈફ ને રૂબરૂ મળતા એણે કહ્યું કે પરિવાર ના સદસ્ય ને સ્વાઈન ફ્લૂ થયું હોવાથી એ એની ખબર કાઢવા એ હોસ્પિટલ ગયા એ બાદ એને પણ સ્વાઈન ફ્લૂ થતા બે દિવસમાં એ રોગ ના લીધે મૃત્યુ પામ્યા પણ અમારા સગા પંદર દિવસ બાદ સ્વાઈન ફ્લૂ થી બચી ને સાજા થઈ ગયા.આનો મતલબ એ કે એ ભાઈનું મૃત્યુ સ્વાઈન ફ્લૂ થી થવાનું હતું.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ૨૦૨૫ નું વર્ષ ગ્રહો ના પરિવર્તન ને લીધે સમગ્ર વિશ્વ અને માણસ માટે જોખમી છે.આ હું નથી માનતી કેમ? કોરોના કાળ થી સતત વાગતા મૃત્યુ ઘંટ એ માનવીય જીવની વિનાશ યાત્રાની શરૂઆત ની સૂચના આપી છે.આવું માનવામાં આવે છે કે કોરોના કાળ એ માનવ સર્જિત બીમારી હતી, કુલ મૃત્યુ માંથી અમુક મૃત્યુ એ રોગ થી નથી થયા કોરોના ની બીમારી ના ભય થી થયા છે. આ યુગની શરુઆત બાદ નિયમિત અવિરત કુદરતી આફત, યુદ્ધ અને આપસી લડાઈ માં નિત્ય લોકો મર્યા કરે છે “કીડી મંકોડા” માફક.

પ્લેન દુર્ઘટના માં આશ્ચર્યજનક રીતે માત્ર એક પેસેન્જર નો બચાવ થયો ત્યારે આપણા બધાને એવું લાગે છે કે નક્કી આની સીધી લાગવગ ભગવાન સાથે હશે.બીજું આશ્ચર્ય એ થયું કે પ્લેન ક્રેશ ની આગના લપેટા માં માણસ થી લઈને ભલભલી ચીજ વસ્તુઓ કે ધાતુ પીગળી ચૂકી હતી પરંતુ લાલાજીના બાળ સ્વરૂપના કપડાં થી લઈને શરણાગર અકબંધ હતા. ભાગવતજી અનુસાર જ્યારે વનમાં ચારેય બાજુએ આગ લાગી ત્યારે ગોવાળો અને ગાયો એ રાડ પાડતા પડતા કહ્યું હતું કે હે!!કૃષ્ણ.. કૃષ્ણ. .અમને બચાવો,ભક્તની હાકલ સાંભળતા જ ભગવાન શ્રી કૃષ્ણ એ બધાને આંખો કરવાનું સૂચવ્યું. બધાએ આંખો ખોલી ત્યારે ગાયો સહિત ગોપગણ એ ખુદને ભાંડીરના ઝાડ નીચે પામ્યા હતા.ભગવાન શ્રી કૃષ્ણ એ વનની આગ નુ પાન કરતા આગ ક્ષમી ચૂકી હતી.પ્લેન ક્રેશ માં લાલાજી નું સ્વરૂપ અખંડિત રહ્યું એ સાબિત કરે છે કે ભગવાનના સ્વરૂપ ને ક્યારેય જળ,વાયુ કે આગ સ્પર્શી શકતા નથી.


મૃત્યુ નીચા ઊંચા કે અમીર ગરીબ નથી જોતું મૃત્યુ એ કાળ નું સ્વરૂપ છે.મનુષ્ય ના જીવન નું સાચું સત્ય કાળ નો કોળિયો બનવાનું છે. ભાગવતજી માં રાજા પરિક્ષિત ના માથે કળયુગ સવાર થતા ગર્વ અભિમાન આવતા એને વન માં મૃગયા ખેલવાની ઈચ્છા થઈ હતી. વન માંથી પરત ફરતા ખૂબ પાણીની તરસ લાગતા રસ્તામાં શૃંગી ઋષિ ના મા રોકાઈ ને પાણી પીવાનું નક્કી કર્યું. તપશ્ચર્યા માં લીન શૃંગીરુષિ એના તપ માં તલ્લીન હતા એટલે એની બાજુ માંથી આવતા અવાજથી ખાસ ફર્ક નહતો પડતો. બેત્રણ વાર પરીક્ષિત મહારાજ એ પાણી માંગ્યું ને ન મળતા પરીક્ષિત મહારાજ એ મરેલો સાપ શૃંગી ઋષિ ના ગળે પહેરાવી ને નીકળી ગઈ.

પિતા ના ગળા માં મરેલો સાપ જોતાજ ઋષિ પુત્ર એ ગુસ્સામાં સાત દિવસ માં રાજા નું તક્ષક નાગ નાગ દ્વારા ઝેરી મૃત્યુ થશે એવો શ્રાપ આપ્યો. રાજા પરિક્ષિત ને શ્રાપ વિશે ખબર પડતા એ ભાગવતજી ના શરણે ગયો. પરીક્ષિત મહારાજ ને મૃત્યુ નો ભય નહતો લાગતો પરંતુ કમોત મૃત્યુ ન થાય એવું ઈચ્છતા હતા.શુકદેવજી આગળ બાર સુધી ભાગવત સપ્તાહ કરાવ્યું.આમ છતાંય ચાર માળ ન વિશાળ મહેલો ની અંદર પ્રવેશી ને ઝેરી સાપ તક્ષક પરિક્ષિત મહારાજ ને દંશ આપ્યો હતો.

**જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।**
**તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥**

ભગવદ ગીતા કહે છે કે મૃત્યુ એ મનુષ્ય નું અંતિમ સત્ય છે ના એને ટાળી શકાય છે કે ના હરાવી શકાય છે.સ્કૂલ મા ભણતી હતી ત્યારે સંસ્કૃત ની બુક માં એક શ્લોક આવતો હતો અત્યારે મને શ્લોક યાદ નથી પણ એનું ભાષાંતર: જંગલ માં હિંસક પશુ ની સાથે બાથ ભીડવા થી પણ મૃત્યુ લખ્યું નહી હોય તો આવશે નહી. ઊંચા અમૂલ્ય મહેલ માં બોડીગાર્ડ ની ફોજ વચ્ચે હશો તો પણ મૃત્યુ ટળશે નહી.

અમદાવાદ માં પ્લેન ક્રેશ માં અસંખ્ય લોકોના મોત થયા છે પ્લેન ક્રેશ ની પાછળ નું કારણ શોધવાથી કદાચ મળી પણ જશે પરંતુ જે લોકો નું મૃત્યુ થયું છે એ હસતા કિલ્લોલ કરતા ચહેરાઓ પરત મળવાના નથી. દુર્ઘટના નાની કે મોટી એ માણસ ની આળસ નું જ પરિણામ હોય છે.અમદાવાદ પ્લેન ક્રેશ ઘટના પાછળ કોની આળસ છે? એ એર પોર્ટ ના સી સી ટીવી માં અચૂક કેદ થયું હશે.



# દિશા પટની માત્ર ₹500 લઈને મુંબઈ આવી હતી

## ભાડું ચૂકવવાનાં પણ પૈસા નહોતા, આજે બોલિવૂડ નહીં હોલિવૂડમાં પણ ચર્ચા;

(એજન્સી) મુંબઈ | તા.13

દિશા પટનીને બોલિવૂડની સૌથી ફિટ અને ગ્લેમરસ એક્ટ્રેસ માનવામાં આવે છે. ઘણા લોકો તેને તેના બોલ્ડ સ્ટાઈલ અને સ્ટાઈલિશ લુક માટે નેશનલ ક્રશ કહે છે. દિશાએ 'MS ધોની: ધ અનટોલ્ડ સ્ટોરી'માં પ્રિયંકા ઝાની ભૂમિકાથી બધાનું દિલ જીતી લીધું હતું, જ્યારે તેને 'મલંગ', 'ભારત' અને 'રાધે' જેવી ફિલ્મોથી લોકપ્રિયતા મળી હતી.

આજે, દિશા પટનીના જન્મદિવસના ખાસ પ્રસંગે, ચાલો તેના જીવન પર નજીકથી નજર કરીએ- દિશા પટનીનો જન્મ 13 જૂન 1992ના રોજ ઉત્તર પ્રદેશના બરેલીમાં થયો હતો. તે એક હિન્દુ કુમાઓની રાજપૂત પરિવારમાંથી આવે છે. તેના પિતા જગદીશ સિંહ પટની યુપી પોલીસમાં DSP રહી ચૂક્યા છે અને તેની માતા આરોગ્ય વિભાગમાં અધિકારી છે. તેની મોટી બહેન ખુશ્બુ પટની ભારતીય સેનાના પૂર્વ મેજર છે અને તેનો એક નાનો ભાઈ સૂર્યાંશ પણ છે.

દિશા પટનીએ પોતાને 'ટોમ બોય' ગણાવી લોકો દિશા પટનીને ફેશન આઈકોન માની શકે છે, પરંતુ દિશા પોતે આ ટેગ સ્વીકારવાનો ઈનકાર કરે છે. રેડિફને આપેલા ઈન્ટરવ્યૂમાં, તેણે કહ્યું કે, 'હું ટોમબોય છું. મારા બાળપણમાં, મારા વાળ આર્મી કટ કરવામાં આવતા હતા અને હું છોકરા જેવી દેખાતી હતી.' તેણે કહ્યું કે- કમ્ફર્ટેબલ કપડાં પહેરવાનું પસંદ છે, જેમ કે બાસ્કેટબોલ શોર્ટ્સ, લૂઝ હૂડી અને ટી-શર્ટ.દિશા શરૂઆતથી જ અભ્યાસમાં સારી હતી. તેણે લખનૌની એમિટી યુનિવર્સિટીમાંથી બાયોટેકનોલોજીમાં એન્જિનિયરિંગ શરૂ કર્યું, પરંતુ ગ્લેમરની દુનિયામાં નસીબ અજમાવવા માટે બીજા વર્ષમાં અભ્યાસ છોડી દીધો.

2018માં હિન્દુસ્તાન ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં પોતાના શરૂઆતના સંઘર્ષોને યાદ કરતાં દિશા પટનીએ કહ્યું- 'હું ખૂબ જ પોઝિટિવ વ્યક્તિ છું. કદાચ તે સમયે હું તૈયાર નહોતી. મેં મારો અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો અને મુંબઈ આવી ગઈ. કોલેજની છોકરી માટે નવા શહેરમાં આવવું સરળ નહોતું જ્યાં કોઈ પરિચિતો ન હતા. હું એકલી રહેતી હતી, મારા પોતાના પૈસા કમાતી હતી અને મારા પરિવાર પાસેથી ક્યારેય પૈસા માંગતી નહોતી. હું ફક્ત 500 લઈને મુંબઈ આવી હતી અને થોડા સમય પછી મારી પાસે બિલકુલ પૈસા બચ્યા નહોતા.'

દિશા પટનીએ આગળ કહ્યું કે- 'હું ઘણા બધા ઓડિશન આપતી હતી, મોટાભાગે ટીવી જાહેરાતો માટે. મારા પર સતત પ્રેશર રહેતું હતું કે જો મને આ મહિને કોઈ કામ નહીં મળે, તો હું ભાડું કેવી રીતે ચૂકવીશ. તે સમયે મને જે પણ કામ મળતું હતું તે ફક્ત કામ હતું, મને એક્ટિંગનો શોખ નહતો.'

દિશા પટનીએ એમ પણ કહ્યું કે- તેણે તેની કારકિર્દીની શરૂઆતમાં ઘણા રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો. દિશાને તેની પહેલી ફિલ્મમાંથી પણ દૂર કરવામાં આવી હતી, પરંતુ તે માને છે કે દરેક રિજેક્શન વ્યક્તિને વધુ મજબૂત બનાવે છે.

2011માં, દિશાએ મિસ લખનૌ સ્પર્ધામાં ભાગ લીધો. 2013માં, તેણે 'ફેમિના મિસ ઈન્ડિયા ઈન્દોર' માં ભાગ લીધો અને પ્રથમ રનર-અપ રહી. આ પછી, તેણે ઘણી જાહેરાતોમાં કામ કર્યું. 2015માં, તેણે તેલુગુ ફિલ્મ 'લોફર'થી એક્ટિંગની શરૂઆત કરી. દિશા પાર્થ સમથાન સાથે રિલેશનશિપમાં હતી ટાઈગર શ્રોફ અને દિશાની જોડી હંમેશા હેડલાઈન્સમાં રહી છે. જોકે, ટાઈગર પહેલા દિશા ટીવી એક્ટર પાર્થ સમથાનને ડેટ કરી ચૂકી હતી.

### ગેમ દરમિયાન સંજય અચાનક જમીન પર પડી ગયા હતા

# એક્ટ્રેસ કરિશ્મા કપૂરના પૂર્વ પતિનું સંજય કપૂર નિધન

## ઈંગ્લેન્ડના ક્લબમાં પોલો રમતાં-રમતાં અચાનક ઢળી પડ્યા, અમદાવાદ પ્લેન ક્રેશ પર કરી હતી છેલ્લી પોસ્ટ



(એજન્સી) મુંબઈ | તા.13

બોલિવૂડ એક્ટ્રેસ કરિશ્મા કપૂરના પૂર્વ પતિ અને બિઝનેસમેન સંજય કપૂરનું અવસાન થયું છે. આ દુ:ખદ ઘટના ઈંગ્લેન્ડના ગાર્ડ્સ પોલો ક્લબમાં બની હતી, જ્યાં તેઓ પોલો રમી રહ્યા હતા. ગેમ દરમિયાન સંજય અચાનક જમીન પર પડી ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, પરંતુ ડોકટરો તેમને બચાવી શક્યા નહીં. તેઓર એક જાણીતા બિઝનેસમેન હતા અને પોલો રમવાના ખૂબ શોખીન હતા. તેમનું અચાનક વિદાય તેમના પરિવાર, મિત્રો અને પ્રિયજનો માટે મોટો આઘાત છે.સંજય કપૂર કરિશ્મા કપૂરના પૂર્વ પતિ હતા તમને જણાવી દઈએ કે સંજય કપૂર કરિશ્મા કપૂરના પૂર્વ પતિ હતા. કરિશ્મા કપૂર અને સંજય કપૂરનાં લગ્ન 2003માં થયા હતા. આ લગ્નથી તેમને બે બાળકો હતાં- પુત્રી સમાયરા અને પુત્ર કિયાન, જોકે લગ્નનાં થોડાં વર્ષો પછી તેમના સંબંધોમાં અંતર આવી ગયું અને 2014માં કરિશ્માએ છૂટાછેડા માટે અરજી કરી. 2016માં તેમના છૂટાછેડા થયા. છૂટાછેડા સમયે, કરિશ્માએ સંજય પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા, જેમાં માનસિક અને ઈમોશનલ ત્રાસનો સમાવેશ થતો હતો. આ વાત ઘણા સમયથી મીડિયામાં હતી.બીજા લગ્ન પ્રિયા સચદેવ સાથે કર્યા હતા કરિશ્મા સાથે લગ્ન કર્યા પછી સંજય કપૂરે પ્રિયા સચદેવ સાથે બીજા લગ્ન કર્યા. સંજયના મૃત્યુના સમાચાર બહાર આવ્યા પછી, લોકો સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે કરિશ્મા અને સંજય અલગ થઈ ગયા હતા, પરંતુ સંજય વારંવાર તેમનાં બાળકોને મળતા હતા.કરીના, સૈફ, મલાઈકા-અમૃતા કરિશ્માના ઘરે પહોંચ્યાં હતાં સંજયના મૃત્યુના સમાચાર પછી કરીના કપૂર અને તેના પતિ સૈફ અલી ખાન સહિત ઘણા બોલિવૂડ સ્ટાર્સ કરિશ્માના ઘરે જોવા મળ્યાં.

# કાજોલે 'મા' ને દુનિયાની પહેલી માયથોલોજિકલ હોરર ગણાવી

## કહ્યું- ક્લાઈમેક્સ શૂટ કર્યા પછી મને વિચિત્ર લાગ્યું, ફિલ્મનું શૂટિંગ લોકેશન પણ ડરામણું હતું...

(એજન્સી) મુંબઈ | તા.13




પાંચ વર્ષ પછી, કાજોલ માયથોલોજિકલ હોરર ફિલ્મ 'મા' સાથે મોટા પડદા પર વાપસી કરી રહી છે. આ ફિલ્મ 27 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ પહેલી વાર હશે જ્યારે તે સ્ક્રીન પર એક્શન કરતી જોવા મળશે. ઉપરાંત, તે પહેલી વાર હોરર સ્ટાઈલમાં પણ કામ કરી રહી છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન, કાજોલે દિવ્ય ભાસ્કર સાથે હોરર ફિલ્મમાં કામ કરવાના અનુભવ અને પડકારો વિશે વાત કરી. તેણે ફિલ્મ 'મા' સાથેના તેના આધ્યાત્મિક જોડાણ વિશે પણ વાત કરી.

કાજોલ, સૌ પ્રથમ મને કહો કે તારા માટે 'મા'નો અર્થ શું છે? સુખ અને દુ:ખમાં, મોંમાંથી પહેલો શબ્દ નીકળે છે તે છે 'મા'. જ્યારે પણ તમને વધારાની શક્તિની જરૂર પડે છે, ત્યારે તમે માનો જ વિચાર આવે છે. આ એક શબ્દ એટલો મહત્વપૂર્ણ છે કે ક્યારેક એમ જ મોંમાંથી નીકળી જાય છે. આ એક શબ્દમાં ઘણા લેયર્સ છે.અમે તમારા અલગ-અલગ અંદાજને પડદા પર જોયા છે. તમે પહેલી વાર હોરર ફિલ્મ કરી રહ્યા છો. આટલા વર્ષો કેમ લાગ્યા? મારી ફિલ્મ 'મા' ફક્ત દેશની જ નહીં પણ વિશ્વની પહેલી માયથોલોજિકલ હોરર ફિલ્મ છે. મારા પરિચિતો જાણે છે કે હું 'મા'માં કેટલો વિશ્વાસ કરું છું, મને તેના માટે કેટલો આદર છે. આ સ્ટોરી રક્તબીજ અને કાલીની સ્ટોરી છે. જ્યારે સ્ક્રિપ્ટ મારી પાસે આવી ત્યારે મને તેનો ખ્યાલ ખૂબ ગમ્યો. મને લાગ્યું કે મારે આ કરવું જોઈએ. અમે તેને હોરર કહીને શરૂ કર્યું નહીં પરંતુ ધીમે ધીમે તે એક શક્તિશાળી ફિલ્મ બની ગઈ. અમને હોરર જેવા શક્તિશાળી શબ્દની જરૂર હતી.તમને મા કાલી સાથે આધ્યાત્મિક જોડાણ હોય તેવું લાગે છે. શું તમે આ ફિલ્મ બનાવી રહ્યા હતા ત્યારે તેમનો કોઈ પ્રભાવ હતો? આ પાછળ એક રસપ્રદ સ્ટોરી છે. જાન્યુઆરીમાં, મને એવું લાગ્યું કે મારે કામાખ્યા અને દક્ષિણેશ્વર જવું પડશે. પરંતુ કામના કારણે તે શક્ય ન બન્યું. હું સમય કાઢી શકી નહીં. કોઈને કોઈ અવરોધ આવતો રહ્યો. પછી એક દિવસ, મને આ ફિલ્મ માટે ફોન આવ્યો. તમને કદાચ લાગે કે તે એક સંયોગ છે પણ હું તેને સંયોગ નથી માનતી.આ ફિલ્મમાં બધું ખૂબ જ ઝડપથી બની છે.

### સેટ પરથી કોઈ યાદગાર ઘટના કે ભાવનાત્મક ક્ષણ જે તમે શેર કરવા માંગો છો:

ફિલ્મનો ક્લાઈમેક્સ મારા માટે ભાવનાત્મક ક્ષણ હતી. ફિલ્મનું શૂટિંગ કર્યા પછી મને વિચિત્ર લાગ્યું. હું એક મિનિટ માટે મૌન રહી. જો હું તમને હમણાં કહું તો તે વિચિત્ર લાગશે. જ્યારે તમે ફિલ્મ જોશો, ત્યારે તમને સમજાશે કે હું શું કહી રહી છું અને શા માટે.દર્શકોને શું કહેવા માંગશો? હું દર્શકોને કહેવા માંગુ છું કે મારા માટે સિનેમાઘરમાં જાઓ અને આ ફિલ્મ જુઓ. અમે બધાએ એક રસપ્રદ ફિલ્મ બનાવવા માટે ખૂબ જ મહેનત કરી છે.અમે કોન્સેપ્ટ સાંભળ્યાના 6 મહિના પછી શૂટિંગ શરૂ કર્યું. એક વર્ષમાં ફિલ્મ રિલીઝ માટે તૈયાર છે. મને ખરેખર આ અદ્ભુત લાગે છે. એવું લાગે છે કે મારી માતાનો હાથ ચોક્કસપણે મારા માથા પર છે અને તે કહી રહી છે કે તમે સાચું પગલું ભર્યું છે.આ ફિલ્મમાં ઘણા ધ્રુજારી આપવતાં અને ભાવનાત્મક દ્રશ્યો છે. તમારા માટે તે કેટલું પડકારજનક હતું? આ ફિલ્મ મારા માટે ઈમોશનલ રીતે પડકારજનક રહી છે. આ ફિલ્મમાં ઘણી બધી એક્શન છે, તેથી એક્શન સીન ખૂબ જ મુશ્કેલ હતા. તેમાં ઘણું બધું છે જે અભિનયથી દૂર છે. આ વસ્તુઓ કરવી મારા માટે વધુ પડકારજનક રહી છે. ફિલ્મમાં રાક્ષસ કોણ છે? તમે તેને કેવી રીતે હરાવવાના છો? હું તમને આ નહીં કહું, તેના માટે તમારે ફિલ્મ જોવી પડશે. રાક્ષસ જેને આપણે શેતાન કે વેમ્પાયર કહીએ છીએ. ફિલ્મમાં, તમારી શ્રદ્ધા અને રાક્ષસ વચ્ચે લડાઈ છે. તમારી શ્રદ્ધા રાક્ષસ પર જીત મેળવશે કે નહીં.તમારા બાળકોને તમારો આ અવતાર કેવો લાગ્યો? બંનેએ હજુ સુધી ફિલ્મ જોઈ નથી. હા, યુગને ટ્રેલર જોવાની મજા આવી.કાજોલે આગામી ફિલ્મ 'મા' વિશે વાત કરતાં કહ્યું, "મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું હોરર ફિલ્મ કરીશ, પણ હવે આપણે અહીં છીએ. મને આ ફિલ્મ પર ખૂબ ગર્વ છે. સ્ક્રિપ્ટ ખરેખર સારી છે. હું પૌરાણિક કથાઓનો ખૂબ શોખીન છું. મને આપણી ભારતીય પૌરાણિક કથાઓ ખૂબ ગમે છે. આપણી પાસે ઘણી બધી વાર્તાઓ છે.

### કેમેરામેન સહિત અનેક ક્રૂ મેમ્બર્સને ઈજા

# રામચરણની ફિલ્મના સેટ પર પાણીની ટાંકી ફાટતાં અનેક ઘાયલ



મુંબઈ : સાઉથના હિરો રામચરણની પ્રોડયૂસર તરીકેની ફિલ્મ 'ધ ઈન્ડિયા હાઉસ' સેટ પર પાણીની ટાંકી ફાટતાં કેમેરામેન સહિત સંખ્યાબંધ ક્રૂ મેમ્બર્સને ઈજા તઈ હતી. સમુદ્રના દ્રશ્યનું શૂટિંગ કરવા માટે સેટ પર પાણની ટાંકી રાખવામાં આવી હતી.

ફિલ્મમાં સમુદ્રના દ્રશ્ય દર્શાવવા માટે પાણીની એક વિશાળ ટેન્ક રાખવામાં આવી હતી. આ ટાંકી ઓચિંતાની જ ફાટી જતાં સેટ પર પાણી-પાણી થઈ ગયું હતુ. તેના કારણે સેટ પર અચાનક જ પૂર આવ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો. સેટના અમુક હિસ્સાઓ, મોંઘા કેમેરા સેટ અપ અને લાઈટિંગ ઉપકરણોને ખાસ્સું નુકસાન થયું હતું.

વાયરલ થયેલા વિડીયોમાં સંપૂર્ણ સેટ પાણીમાં ડૂબેલો જોવા મળી રહ્યો છે. ઘાયલ થયેલા લોકોને હૈદરાબાદની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# અમદાવાદ પ્લેન ક્રેશમાં અભિનેતા વિક્રાંત મેસીના નજીકની વ્યક્તિનું નિધન,

## સોશિયલ મીડિયામાં વ્યક્ત કર્યું દુઃખ

(એજન્સી) મુંબઈ | તા.13

ગુજરાતના અમદાવાદમાં 12મી જૂને ભીષણ વિમાન દુર્ઘટનાના કારણે સમગ્ર દેશ આઘાતમાં છે. વિમાનમાં સવાર મોટા ભાગના મુસાફરોએ જીવ ગુમાવ્યા છે. વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું જેમાં 242 લોકો સવાર હતા. જેમાં બે પાયલટ અને 10 કેબિન ક્રૂ સદસ્યો સામેલ છે. વિમાન મેઘાણીનગર નજીક એક હોસ્ટેલમાં ક્રેશ થયું તે બિલ્ડિંગમાં પણ મોટા પાયે જાનહાનિના અહેવાલ છે. પ્લેન ટેકઓફ થયાની બે જ મિનિટમાં ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું છે. તેઓ પરિવારને મળવા માટે લંડન જઈ રહ્યા હતા. ફ્લાઈટ AI171માં 169 ભારતીય, 53 બ્રિટિશ, 1 કેનેડિયન અને 7 પોર્ટુગીઝ નાગરિકો હતા. આ દુર્ઘટનામાં બોલિવૂડ અભિનેતા વિક્રાંત મેસીના નજીકની વ્યક્તિનું નિધન થયું છે, જેઓ ફ્લાઈટમાં કો-પાયલટ હતા. બોલિવૂડ અભિનેતા વિક્રાંત મેસીએ સોશિયલ મીડિયામાં કહ્યું, કે 'અમદાવાદમાં પ્લેન દુર્ઘટનામાં જેમણે પોતાના જીવ ગુમાવ્યા છે તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના. મારા કાકા ક્લિફર્ડ કુંદરે તેમનો પુત્ર ક્લાઈવ કુંદર ગુમાવ્યો, જે ફ્લાઈટમાં ફર્સ્ટ ઓફિસર હતો.

# 'દુ:ખની ઘડીમાં એર ઈન્ડિયા સાથે છું':કોમેડિયન વીરદાસે અમદાવાદની વિમાન દુર્ઘટના બાદ 'ક્રૂ'ને સપોર્ટ કર્યો...

(એજન્સી) મુંબઈ | તા.13



12 જૂનના રોજ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં 290 લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘણા ઘાયલ થયા હતા. આ ઘટના પછી, દિલ્હીથી અમદાવાદ જતા એક મુસાફર આકાશ વત્સે એર ઈન્ડિયા પર અનેક દાવા કર્યા હતા. તેમણે ત્રણ વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું હતું કે જ્યારે તે સવારે એર ઈન્ડિયાની ફ્લાઈટમાં મુસાફરી કરી રહ્યો હતો, ત્યારે તેમાં ટેકનિકલ ખામીઓ સર્જાઈ હતી. તેની પોસ્ટ પછી, એર ઈન્ડિયાની ફ્લાઈટ વિશે અનેક પ્રકારના દાવા કરવામાં આવી રહ્યા છે અને પ્રશ્નો પણ પૂછવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, પ્રખ્યાત સ્ટેન્ડઅપ કોમેડિયન વીર દાસે એર ઈન્ડિયાના સમર્થનમાં પોસ્ટ કરી છે. વિરે પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે તેઓ આ દુ:ખની ઘડીમાં એર ઈન્ડિયા સાથે ઊભા છે.તે લખે છે- 'આ ઘણા પરિવારો માટે દુ:ખદ દિવસ છે. અને અમારી બધી સંવેદનાઓ અને પ્રાર્થનાઓ તેમની સાથે છે. હું ફક્ત ક્રૂને મારો ટેકો આપવા માગતો હતો. મેં આખી જિંદગી એર ઈન્ડિયામાં ઉડાન ભરી છે. તે એવી એરલાઈન નથી જેમાં સમસ્યાઓ ન હોય, પરંતુ હું તેમને આકાશમાં શ્રેષ્ઠ ક્રૂ તરીકે જાણું છું.' તેણે કહ્યું, 'આ દુ:ખદ ફ્લાઈટમાં શું થયું તે ફક્ત સમય જ કહેશે. હું કલ્પના પણ કરી શકતો નથી કે પોતાના લોકોને ગુમાવ્યા પછી તેમના માટે તેમનું કામ કરવું કેટલું મુશ્કેલ હશે. ક્રૂને, ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે અમે તમારી સાથે છીએ. અને આશા છે કે અમે તમને ટૂંક સમયમાં ફ્લાઈટમાં મળીશું. 'એર ઈન્ડિયાના સમર્થનમાં વીરની પોસ્ટ પર યુઝર્સ પ્રતિક્રિયા આપી રહ્યા છે. તેઓ માને છે કે કોમેડિયના હૃદયની વાત હોઠે આવી ગઈ છે તેણે લખ્યું છે- એર ઈન્ડિયા ખરેખર શ્રેષ્ઠ ફ્લાઈટ છે.નોંધનીય છે કે, થોડા દિવસો પહેલા, વીરે એર ઈન્ડિયાની સેવા માટે તેની ટીકા કરી હતી.



### ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન

અમદાવાદના પ્લેન ક્રેશમાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું છે. 68 વર્ષના રૂપાણી લંડન જતી ફ્લાઈટમાં સવાર હતા. તેઓ પુત્રી અને પત્નીને મળવા માટે જઈ રહ્યા હતા. દેશભરના વિવિધ નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.આ મુશ્કેલ ક્ષણમાં ઈશ્વર તમને અને તમારા પરિવારને શક્તિ આપે.' નોંધનીય છે કે વિમાનના ફર્સ્ટ ઓફિસરને કોપાયલટ કહેવામાં આવે છે. નોંધનીય છે કે વિક્રાંત મેસીએ સ્પષ્ટ કર્યું છે ક્લિફર્ડ તેના સગા કાકા નહીં પરંતુ ફેમિલી ફ્રેન્ડ છે તેથી તે તેમને કાકા કહીને બોલાવે છે. અફવાઓ ન ફેલાવવાની અપીલ કરતા વિક્રાંતે લખ્યું, 'મીડિયા અને અન્ય તમામ મિત્રોને વિનંતી, સ્વર્ગસ્થ ક્લાઈવ કુંદર મારો કઝીન ભાઈ નહોતો.

# સાસ ભી કભી બહુ થી ટુ ત્રીજી જુલાઈથી ઓન એર થવાની સંભાવના



(એજન્સી) મુંબઈ | તા.13

'સાસ ભી કભી બહુ થી'ની બીજી સીઝન આગામી તા. ત્રીજી જુલાઈથી ઓન એર થાય તેવી સંભાવના છે. આ સીઝનનું શૂટિંગ થોડા સમય પહેલાં શરુ થઈ ચૂક્યું છે. વર્ષ ૨૦૦૦માં આ મૂળ સિરીયલ પણ તા. ત્રીજી જુલાઈથી જ શરુ થઈ હતી તેના કારણે બીજી સીઝન માટે પણ આ જ તારીખ પસંદ કરાઈ હોવાનું કહેવાય છે. 2000ની સાલમાં આ જ તારીખથી મૂળ સિરીયલ શરૂ થઈ હતી, આ વખતે 150 જ એપિસોડ હશેએકતા કપૂરે પ્રોડયૂસર કરેલી આ સીરિયલ ભારતીય ટેલિવિઝનની સર્વાધિક સફળ સિરીયલમાંની એક ગણાય છે. મૂળ સીરિઝના જ કલાકારો સ્મૃતિ ઈરાની તથા અમર ઉપાધ્યાય તેમની મૂળ ભૂમિકાઓમાં જોવા મળે તેવી સંભાવના છે. આ ઉપરાંત સ્ટોરી પ્રમાણે અનેક નવા કલાકારો પણ સામેલ થઈ શકે છે. એકતા કપૂરના પિતા અને પીઢ એક્ટર જીતેન્દ્રનો પણ આ વખતે એક કેમિયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ૨૦૦૦થી ૨૦૦૮ સુધી પ્રસારિત થયેલી આ સિરીયલના ૧૮૩૩ એપિસોડ હતા. જોકે, આ વખતે ૧૫૦ એપિસોડ જ પ્લાન કરાયા છે. થોડા દિવસો પહેલાંના અહેવાલો અનુસાર સ્મૃતિ ઈરાનીએ સેટ પર ઝેડ પ્લસ સિક્યોરિટી વચ્ચે આ સિરીયલ માટે શૂટિંગ કર્યું છે. તેને દર એપિસોડ પેટે રુપિયા ૧૪ લાખની ફી ચૂકવાઈ હોવાનું કહેવાય છે.

# કોહલીને ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં કેપ્ટન બનવાની ઈચ્છા હતી પણ બોર્ડે તેને ફગાવી : રવિ શાસ્ત્રી

## ભારતીય ક્રિકેટ બોર્ડે કોહલીને માનભેર નિવૃત્તિ આપવી જોઈતી હતી

(એજન્સી) લંડન । તા. 13

ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર અને હેડ કોચ રવિ શાસ્ત્રીએ ચોંકાવનારું નિવેદન કર્યું છે કે વિરાટ કોહલી જેવા ભારતીય ક્રિકેટના ઊંચા દરજ્જાના ક્રિકેટરે જે હદે પ્રદાન આપ્યું છે તેની સામે ભારતીય ક્રિકેટ બોર્ડે તેની જોડે તેનું ગૌરવ અને સન્માન જળવાય તેવું વર્તન નથી કર્યું. શાસ્ત્રીએ કહ્યું કે "કોહલીને તેને છાજે તેવી નિવૃત્તિ ક્રિકેટ બોર્ડ આપી શક્યું હોત. તેની જોડે સારી રીતે સંવાદ થઈ શક્યો હોત અને તે મેદાન પર ભારત તરફથી રમતો હોય અને નિવૃત્તિ લે તેવી કોઈ શક્યતા પર વિચાર કરીને આગળ વધી શકાયું હોત તો સારું હતું'

શાસ્ત્રી માત્ર આટલાથી જ ન અટક્યો પણ તેણે તે રહસ્ય અને ચાલતી અટકળ પર મહોર લગાવી કે "કોહલી | ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે ભારતનો કેપ્ટન બનવા માંગતો હતો. તેણે બોર્ડને આ ઈચ્છા જણાવી પણ હતી. પણ ક્રિકેટ બોર્ડે તેના આ પ્રસ્તાવને ફગાવી દેતા એમ જણાવ્યું હતું કે અમે કોઈ યુવા ખેલાડીને જે કેપ્ટન નિયુક્ત કરી ભવિષ્યની યોજના તરીકે તૈયાર કરવા માંગીએ છીએ."

શાસ્ત્રીના મતે કોહલી કદાચ ખેલાડી | તરીકે રમવા નહોતો માંગતો." શાસ્ત્રીએ તે પછી ઉમેર્યું કે 'જો હું | પસંદગી સમિતિનો અધ્યક્ષ હોત તો | કોઈપણ જાતનો બીજો વિચાર કર્યા વગર કોહલીને ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે | કેપ્ટન તરીકે નિયુક્ત કરત'

કોહલી આઈ.પી.એલ.માં ફોર્મમાં પણ આવી ગયો હતો તેની ફિટનેસ અને ધગશ, જોશ બાબત તો કોઈને શંકા | નથી. કોહલી ઈંગ્લેન્ડ સામે કેપ્ટન્સી કરે | અને જે પણ યુવા વાઈસ કેપ્ટન હોય ! તેનું ઘડતર કરે તે પસંદગી સમિતિનો | યોગ્ય નિર્ણય હોય તેમ ચાહકો પણ માને છે. કોહલી આ રીતે મેદાન પર જ નિવૃત | થાત અને તેનું પણ માન જળવાયુ હોત.

હવે જ્યારે શાસ્ત્રી કોહલી કેપ્ટન બનવા માંગતો હતો તેમ કહે છે તેથી આ વાત ક્રિકેટ વિશ્વએ માનવી જ પડે! કેમ કે કોહલી આજે પણ શાસ્ત્રીને આપે છે અને અંગત વાતો જણાવે છે. શાસ્ત્રી હેડ કોચ હતો ત્યારે જ કોહલીની સફળતાનો ગ્રાફ ઊંચો રહ્યો । હતો.કોહલીએ ભારત તેની કેપ્ટનસી । હેઠળ સાઉથ આફ્રિકા સામે ૧ - ૨થી શ્રેણી હાર્યું તે સાથે કેપ્ટન્સી છોડી હતી. જો કે કોહલી કોઈ યુવા ખેલાડીના | હાથ નીચે રમવા નહીં માંગતો હોય. કેપ્ટન હોય તો જ તે વધુ રમવાની સ્વપ્રેરણા મેળવી શકશે તેમ પણ તેને | લાગ્યું હોય. જે પણ હોય કોહલીએ !

પ્રતિષ્ઠા પ્રશ્ન બનાવીને નિવૃત્તિ જાહેર કરી હોય તેમ પણ લાગે છે. હેડ કોચ ગૌતમ ગંભીર આમ પણ 'રોહિત શર્મા અને કોહલી જેવા સિનિયરોની હાજરીમાં ખીલી નહોતો શકતો.

ગંભીર અને કોહલી વચ્ચે તો મનમેળ પણ નથી.ગંભીરે તો એટલે સુધી નિવેદન કર્યું હતું કે "ક્રિકેટની ટેસ્ટ મેચ કે શ્રેણી કોઈપણ મોટો ક્રિકેટર કેમ ન હોય તેને નિવૃત્તિ માટે પ્લેટફોર્મ આપવા માટે નથી હોતું." એટલે કે ગંભીર સ્પષ્ટ જણાવી જ દીધું હતું કે "ટીમમાં સ્થાન મેળવવા માત્ર ફોર્મ જ નિર્ણાયક બનશે. સિનિયોરિટી નહીં."

હું પસંદગી સમિતિનો અધ્યક્ષ હોત તો મેં બીજો વિચાર કર્યા વગર કોહલીને કેપ્ટન બનાવ્યો હોત' શાસ્ત્રીએ વિવાદ છેડ્યો, કોહલી પાસે હજુ ઘણું ક્રિકેટ પડેલું હતું, ભારતીય ક્રિકેટને તેની ખોટ વર્તાશે.



### પાનેસરની કોમેન્ટ "કોહલી ઈંગ્લેન્ડમાં નિષ્ફળતા મળે તેનાથી ડરતો હતો"

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ સ્પિનર મોન્ટી પાનેસરે કોહલી જેવા મહાન ક્રિકેટર માટે અશોભનીય કોમેન્ટ કરી છે. તેણે કહ્યું કે "કોહુલી છેલ્લી કેટલીક શ્રેણીથી ઓફ સ્ટમ્પની બહાર જતા બોલમાં આઉટ થયો છે અને ઘણા પ્રયત્ન કરવા છતાં તે તેની આ નબળાઈ પર કાબુ નથી મેળવી શક્યો.અંદરખાનેથી આ કારણે ટેસ્ટ ક્રિકેટ રમવાનો આત્મવિશ્વાસ ગુમાવી ચૂક્યો છે.ઈંગ્લેન્ડની બોલને ઉછાળ આપતી પીચ પર તે ઈંગ્લેન્ડના ઘરઆંગણામાં વધુ વેધક બનતા ફાસ્ટ બોલરો સામે સસ્તામાં આઉટ થઈ જાત અને આ જ ડરને લીધે ઇંગ્લેન્ડના પ્રવાસે આવવું ન પડે એટલે તેણે નિવૃતિ લેવાનો નિર્ણય લેવો પડ્યો છે." કોહલી ન્યૂઝીલેન્ડ સામે ઘર આંગણે અને ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં નિષ્ફળ રહ્યો છે.

બીજી ઈનિંગમાં ૭૩/૭ પર ફસડાયેલા ઓસ્ટ્રેલિયાને કેરી-સ્ટાર્ક ઉગાર્યું

# ડબ્લ્યૂટીસી ફાઈનલઃ સા.આફ્રિકા સામે લડાયક બેટિંગ સાથે ઓસ્ટ્રેલિયાનું જોરદાર કમબેક



**દ.આફ્રિકા માત્ર 138માં ઢેર, ઓસ્ટ્રેલિયા બીજી ઈનિંગ્સમાં 144/8 સતત બીજા દિવસે 14 વિકેટ પડી, ઓસ્ટ્રેલિયાની લીડ 218 રનની થઈ,એનગિડીની 3 વિકેટ**

(એજન્સી) લંડન । તા. 13

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલના બીજા દિવસે ઓસ્ટ્રેલિયા એ મેચમાં મજબૂત પકડ બનાવી છે. પ્રથમ ઈનિંગ્સમાં 212 રન કર્યા બાદ તેમણે દક્ષિણ આફ્રિકન ટીમને માત્ર 138 રનમાં જ સમેટી હતી. જે પછી ઓસ્ટ્રેલિયા એ બીજા દિવસના અંતસુધીમાં પોતાની બીજી ઈનિંગ્સમાં 144/8નો સ્કોર કર્યો હતો. કાંગારુ ટીમની લીડ 218 રનની થઈ ચૂકી છે. સ્ટમ્પ્સ સમયે મિચેલ સ્ટાર્ક (16*) અને નાથન લાયન (1*) ક્રિઝ પર હતા. પ્રથમ દિવસે 14 વિકેટ પડ્યા બાદ બીજા દિવસે પણ 14 વિકેટ પડી હતી. ગુરુવારે આફ્રિકન ટીમે 2 વખત મેચ પરની પકડ ઢીલી થવાની તક આપી. પ્રથમ તો ટીમે 94 પર પાંચમી વિકેટ ગુમાવ્યા બાદ 138 રન સુધીમાં બાકીની તમામ વિકેટ ગુમાવી હતી. બેડિંઘમ (45)એ બાવુમા (36) સાથે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જોકે, ઓસ્ટ્રેલિયન ટીમ પ્રથમ ઈનિંગ્સમાં 74 રનની લીડ મેળવવામાં સફળ રહી હતી.

તે પછી દક્ષિણ આફ્રિકા એ બીજી ઈનિંગ્સમાં ઓસ્ટ્રેલિયાની 7 વિકેટ માત્ર 73 રનનાં સ્કોરમાં ઝડપી લીધી હતી. પરંતુ ફરી એકવાર ડિફેન્ડિંગ ચેમ્પિયને કમબેક કર્યું હતું. કીપર એલેક્સ કેરી(43 રન) એ નવમાં ક્રમના બેટર મિચેલ સ્ટાર્ક સાથે આઠમી વિકેટ માટે 61 રનની ભાગીદારી કરી ટીમને ફરી મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી.

### ઓસ્ટ્રેલિયન બેટ્સમેન રન બનાવવામાં રહ્યા નિષ્ફળ

સાઉથ આફ્રિકાને પહેલી ઈનિંગમાં 138 રન પર ઓલઆઉટ કર્યા બાદ બીજી ઈનિંગમાં પણ કાંગારૂ બેટ્સમેન રન માટે ખૂબ જ ઉત્સુક દેખાતા હતા. ઉસ્માન ખ્વાજા ફરી એકવાર તેના પ્રદર્શનથી નિરાશ થયા અને તે ફક્ત 6 રન બનાવીને આઉટ થયો. કેમરૂન ગ્રીનને કાગિસો રબાડાએ ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન પરત મોકલ્યો. માર્નસ લાબુશેને કેટલાક સારા શોટ રમ્યા, પરંતુ તે 22 રન બનાવીને ફરીથી માર્કો યાન્સેનનો શિકાર બન્યો. પહેલી ઈનિંગમાં અડધી સદી ફટકારનાર સ્ટીવ સ્મિથ માત્ર 13 રન બનાવીને આઉટ થયો. ટ્રેવિસ હેડ વિઆન મુલ્ડરના શાનદાર બોલથી ક્લીન બોલ્ડ થયો. વેબસ્ટર અને કેપ્ટન પેટ કમિન્સ પણ બેટિંગથી કંઈ ખાસ કરી શક્યા નહીં. એલેક્સ કેરીએ શાનદાર બેટિંગ કરી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં 43 રનની મજબૂત ઈનિંગ રમી, પરંતુ દિવસની રમત સમાપ્ત થાય તે પહેલાં કાગિસો રબાડા દ્વારા તેને આઉટ કરવામાં આવ્યો. દિવસની રમતના અંતે, નાથન લાયન 1 રન અને મિચેલ સ્ટાર્ક 16 રન સાથે રમી રહ્યા છે. કાગિસો રબાડા અને લુંગી એનગિડીએ 3-3 વિકેટ લીધી.

પ્રથમ ઈનિંગ્સમાં 150 રનનો આંક પણ પાર ના કરી શકનાર દક્ષિણ આફ્રિકન ટીમે હવે ટ્રોફી પર કબજો કરવા 200થી વધુનો લક્ષ્યાંક હાંસલ કરવો પડશે એ નિશ્ચિત છે. બીજી ઈનિંગ્સમાં ઓસ્ટ્રેલિયા માટે કેરી બાદ લબુશેન (22) જ 20 રનનો આંક પાર કરી શક્યો હતો. ખ્વાજા (6), ગ્રીન (0), સ્મિથ (13), હેડ (9), વેબસ્ટર (9) અને કમિન્સ (6) સસ્તામાં આઉટ થયા હતા.

# ભારતીય ટીમ મોટી અપેક્ષાઓ, અમે તેમના પડકાર માટે તૈયાર છીએ : મૅક્લમ

### મૅક્લમનું કોચિંગ અને બેન સ્ટોક્સની કૅપ્ટન્સીમાં ભારત સામે ટેસ્ટ-સિરીઝ રમશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

નવા કૅપ્ટન હૅરી બ્રુકના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડે વન-ડે અને T20માં વેસ્ટ ઈન્ડીઝ સામે ક્લીન સ્વીપ કરી હતી. હવે હેડ કોચ બ્રેન્ડન મૅક્લમનું કોચિંગ અને બેન સ્ટોક્સની કૅપ્ટન્સીમાં ઇંગ્લૅન્ડની ટીમ ભારત સામે ટેસ્ટ-સિરીઝ રમશે.



આ સિરીઝ વિશે વાત કરતાં ઇંગ્લૅન્ડના હેડ કોચે કહ્યું કે 'ભારત ક્રિકેટ રમતો એક મહાન દેશ છે, જે અહીં મોટી અપેક્ષાઓ સાથે આવશે. અમે તેમના પડકાર માટે તૈયાર છીએ. અમારા પ્લેયર્સ ફ્રેશ રહે એ મહત્ત્વપૂર્ણ છે. અમે જાણીએ છીએ કે ટેસ્ટ ટીમ તરીકે અમે ક્યાં પહોંચવા માગીએ છીએ. અમારા કેટલાક સારા ફાસ્ટ બોલરો રમવા માટે ઉપલબ્ધ રહેશે નહીં, પરંતુ ફાસ્ટ બોલિંગ વિભાગમાં અમારી પાસે સારું અને વૈવિધ્યસભર આક્રમણ છે. અમને ખબર છે કે ભારત સામે અમારી કસોટી થશે અને તેઓ સંપૂર્ણ તૈયારી સાથે આવશે.'

સ્લિપ પર ઊભા રહીને કિલકિલાટ કરતા વિરાટ કોહલીને ભારત મિસ કરશે, પરંતુ તેમની પાસે કેટલીક સારી પ્રતિભા હોવાથી તેઓ આત્મવિશ્વાસથી ભરપૂર હશે. અમારા પ્લેયર્સ એના માટે તૈયાર છે. - ઇંગ્લૅન્ડનો ટેસ્ટ વાઈસ-કૅપ્ટન ઓલી પોપ

# BCCIની શનિવારે બેઠક, IPL સેલિબ્રેશનનો નિર્ણય કરાશે

(એજન્સી) મુંબઇ । તા. 13

બીસીસીઆઈની એપેક્સ કાઉન્સિલની શનિવારે ૨૮મી મીટિંગ યોજાશે તેમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા થશે અને તેમાં આઈપીએલમાં ચેમ્પિયન બન્યા બાદ સેલિબ્રેશન કરવા અંગે આકરો નિર્ણય લેવાશે. નોંધનીય છે કે ગયા બુધવારે બેંગ્લુરૂમાં બનેલી કરુણ ઘટનાને બીસીસીઆઈએ ગંભીરતાથી લીધી છે અને આ ઘટનામાં અનેક લોકોના અકાળે મોત થયા હતા. જોકે તમામ આક્ષેપોની વચ્ચે બોર્ડ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુને આઈપીએલમાંથી સસ્પેન્ડ કરશે નહીં તે ચોક્કસ છે.

બેઠકમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી આગામી શ્રેણીની પસંદગી અંગે ચર્ચા કરાશે.

કરીને આ સિરીઝને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. ન્યૂઝીલેન્ડની ટીમ સંભવિત આગામી વર્ષના જાન્યુઆરીમાં ૧૧મીથી ૩૧મી સુધી વ્હાઈટબોલ શ્રેણી માટે ભારતનો પ્રવાસ ખેડશે.

આ ઉપરાંત બેઠકમાં વય ગ્રૂપમાં થઈ રહેલી છેતરપિંડીને ડામવા માટે ચોક્કસ એજ વેરિફિકેશન પ્રોગામ (એવીપી) નીતિ તૈયાર કરવામાં આવશે. અંડર-૧૬ બોયૂઝ તથા અંડર-૧૫ ગર્લ્સની કેટેગરીમાં સૌથી વધારે ઓવરએજની સૌથી મોટી છેતરપિંડી થઈ રહી છે.

નોંધનીય છે કે કેટલાક વર્ષ પહેલાં અંડર-૧૯ બોયઝ કેટેગરીમાં ઓવર એજની વધારે પડતી ઘટનાઓના કારણે બોર્ડે બોન ટેસ્ટ લાગુ કર્યો હતો જેમાં ખેલાડીઓની સાચી વય જાણવા મળતી હતી.

# યુટીટી સિઝન 6 : યુ મુમ્બા એ સેમિફાઈનલમાં એન્ટ્રી કરી

(એજન્સી) અમદાવાદ । તા. 13

અલ્ટિમેટ ટેબલ ટેનિસ (યુટીટી) સિઝન-6માં ગુરુવારે યુ મુમ્બા ટીટી એ સેમિફાઈનલનું ચોથું અને અંતિમ સ્થાન હાંસલ કર્યું. યુમુમ્બા એ દબંગ દિલ્હી ટીટીસીને 10-5થી હરાવી આ સ્થાન મેળવ્યું. આ હાર સાથે દબંગ દિલ્હીના 4 ટાઈથી ચાલી રહેલા અજેય અભિયાનનો અંત આવ્યો, જોકે- તેમછતાં સિઝન-2ની વિજેતા દિલ્હી ટીમે ટેબલમાં 44 પોઈન્ટ સાથે ટોચના સ્થાને રહી લીગ રાઉન્ડનો અંત કર્યો.



લિલિયન બર્ડેટે સાથિયાનને 2-1થી હરાવી યુ મુમ્બાને મજબૂત શરૂઆત અપાવી. જે પછી બર્નાડિટ સઝોક્સે દિયા ચિતાલેને 11-3થી હરાવી હતી. સઝોક્સ પ્રથમ ગેમ 11-3થી હારી પરંતુ પછી તેણે ગોલ્ડન પોઈન્ટ સાથે બીજી ગેમ 11-10ના નજીવા અંતરથી જીતી અને અંતે 11-8થી નિર્ણાયક ગેમ જીતી હતી. મિક્સ્ડ ડબલ્સમાં સઝોક્સ-આકાશ પાલની જોડીએ ઈઝાક ક્વેક/દિયા ચિતાલેની જોડીને ઓપનિંગ ગેમમાં મહાત આપતા જ યુ મુમ્બા માટે સેમિફાઈનલનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. સઝોક્સ/આકાશ એ 2-1થી જીત મેળવી હતી. જે પછી અભિનંધ પીબી એ ઈઝાક ક્વેકને 2-1 (11-4, 11-9, 7-11)થી અને યશસ્વિની ઘોરપડે એ સુહાના સૈનીને 3-0 (11-10, 11-10, 11-3)થી હરાવી હતી.

# કેપ્ટન ગિલનું ફોટોશૂટ કેમ છે ચર્ચામાં?

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારતીય ક્રિકેટ બોર્ડે શૅર કરેલા આ ફોટોમાં તેના બૅટ પર MRFના માર્કેટિંગ નીચે પ્રિન્સ શબ્દ લખેલો હતો ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝ પહેલાં ભારતના નવા ટેસ્ટ-કૅપ્ટન તરીકેનું શુભમન ગિલનું પહેલું ફોટોશૂટ ભારે ચર્ચામાં છે. ભારતીય ક્રિકેટ બોર્ડે શૅર કરેલા આ ફોટોમાં તેના બૅટ પર MRF (મદ્રાસ રબર ફૅક્ટરી)ના માર્કેટિંગ નીચે પ્રિન્સ શબ્દ લખેલો હતો. પચીસ વર્ષનો આ સ્ટાર બૅટર પ્રિન્સ ઑફ ઇન્ડિયન



ક્રિકેટ તરીકે ઓળખાય છે. ભૂતકાળમાં વિરાટ કોહલી અને સચિન તેન્ડુલકર ટાયર અને સ્પોર્ટ્સનાં સાધનો બનાવતી કંપની MRFના બ્રૅન્ડ-ઍમ્બૅસૅડર રહ્યા છે, પણ તેમણે ક્યારેય 'કિંગ' અથવા 'માસ્ટર બ્લાસ્ટર' લખેલા બૅટનો ઉપયોગ નહોતો કર્યો.

# અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટના પર વિરાટ કોહલીએ આપી પ્રતિક્રિયા, કહ્યું- આ ઘટનાથી...



(એજન્સી) નવી દિલ્હી । તા. 13

અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે. સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના બે મિનિટમાં જ વિમાનના ટુકડા થઈ ગયા. જે જગ્યાએ વિમાન ક્રેશ થયું ત્યાં કાળો ધુમાડો ખૂબ ઊંચાઈ સુધી ઉડતો જોવા મળ્યો.

ચારેબાજુ ચીસાચીસ થઈ ગઈ અને આગ ઓલવવા માટે 7 ફાયર એન્જિન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા. આ દુ:ખદ અકસ્માત અંગે વિરાટ કોહલીની પ્રતિક્રિયા પણ સામે આવી છે. વિરાટ કોહલીએ કહ્યું કે તે આ ઘટનાથી સંપૂર્ણપણે સ્તબ્ધ છે.

રોહિત શર્માએ પણ આપી પ્રતિક્રિયા વિરાટ કોહલી પહેલા રોહિત શર્માએ પણ આ દુર્ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું હતું.

હિટમેને લખ્યું હતું કે 'અમદાવાદથી ખૂબ જ દુ:ખી અને હૃદયદ્રાવક સમાચાર'. હું તે લોકો અને તેમના પરિવારજનો માટે પ્રાર્થના કરી રહ્યો છું, જેને આ દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવ્યો છે.

પૂર્વ સ્પિન બોલર હરભજન સિંહે પણ આ દુર્ઘટનાને લઈને ટ્વિટ કર્યું છે. તેને કહ્યું કે અમદાવાદમાં થયેલી આ વિમાન દુર્ઘટનાથી હું સ્તબ્ધ અને દુ:ખી છું. ઈરફાન પઠાણે પણ આ દુર્ઘટનાને લઈને દુ:ખ વ્યક્ત કર્યું છે.

એર ઈન્ડિયાનું આ વિમાન અમદાવાદથી લંડન જવા રવાના થયું હતું. વિમાન ઉડાન ભરતાની સાથે જ તેનું સંતુલન ખોરવાઈ ગયું અને બે મિનિટમાં જ વિમાન ક્રેશ થઈ ગયું.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં વિમાન સળગતું જોવા મળ્યું. વિમાન જ્યાં ક્રેશ થયું ત્યાં જોરદાર વિસ્ફોટ સંભળાયો અને થોડીવારમાં જ બધે કાળો ધુમાડો ફેલાઈ ગયો. આ અકસ્માત સમયે વિમાનમાં 242 મુસાફરો હાજર હતા.

# 10 જ દિવસમાં બીજી ફાઈનલ મેચ હાર્યા બાદ શ્રેયસ અય્યરે કેમ કહ્યું- આ પીઠમાં છરો માર્યો

(એજન્સી) મુંબઈ । તા. 13

શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની પંજાબ કિંગ્સ 3 જૂને IPL 2025 ની ટાઇટલ મેચ હારી ગઈ હતી. તે જ સમયે, હવે તેની કેપ્ટનશીપવાળી SoBo મુંબઈ ફાલ્કન્સને પણ મુંબઈ T20 લીગની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. 10 દિવસમાં બીજું ટાઇટલ ગુમાવ્યા બાદ, શ્રેયસના ચહેરા પર નિરાશા જોવા મળી હતી. મેચ પછી, તેણે કહ્યું કે આ ખૂબ જ હેકટીક છે, ખાસ કરીને જ્યારે તમે હારતા હોય. ત્યાર તમારા મગજમાં ઘણું બધું ચાલી રહ્યું હોય છે.' આ સાથે તેણે ટીમની હાર માટે કોઈને દોષી ઠેરવ્યા નહીં અને કહ્યું કે, 'એવું કરવું એ પીઠમાં છરો મારવા જેવુ છે.'



શ્રેયસ ઐયરે મેચ પછી કહ્યું, 'આ ખૂબ જ હેકટીક છે (10 દિવસમાં બે ફાઇનલ). ખાસ કરીને જ્યારે તમે હારી જાઓ છો, ત્યારે તે તમારા મગજમાં ચાલ્યા કરે છે. જે રીતે મોટી સંખ્યામાં બધા આવ્યા તે જોવા જેવું હતું. આખું સ્ટેડિયમ ઉત્સાહથી ભરેલું હતું. (ચાહકોનો) આવવા અને સપોર્ટ આપવા બદલ ખૂબ ખૂબ આભાર. હું કોઈ ખાસ ઘટનાનો ઉલ્લેખ કરવા માંગતો નથી. એકંદરે છોકરાઓએ તેમના પ્રયત્નોમાં શાનદાર કામ કર્યું. ફાઈનલમાં પહોંચતી વખતે અમે ફક્ત એક જ ગેમ હારી ગયા. ફક્ત એક જ રમત, જ્યાં તમે કોઈને દોષી ઠેરવી શકતા નથી, તે પીઠમાં છરો ભોંકવા જેવું છે અને મને તે ગમતું નથી. અમે ઘણું શીખ્યા છીએ.'

આ મામલે શ્રેયસ ઐયરે વધુમાં કહ્યું કે, 'ફાઈનલ હાર્યા પછી નિરાશ થવું સામાન્ય વાત છે. તેનાથી તેમને દુઃખ થશે જ. જ્યારે તેઓ આવતા વર્ષે પાછા આવશે, ત્યારે તેમની પાસે તે પ્રેરણા અને આત્મવિશ્વાસ હશે. તેમને તેમના પ્રયત્નો પર ગર્વ હોવો જોઈએ. તેઓ અહીં આવ્યા હતા, તેમને વધારે અનુભવ નહોતો અને તેઓ 20,000 લોકોની સામે રમી રહ્યા હતા - તે સરળ નહોતું. હું ત્યાં રહ્યો છું, મેં તે કર્યું છે. જ્યારે તમે નર્વસ થાઓ છો, ત્યારે તમે ભૂલો કરો છો, પરંતુ તે તમને ઘણું શીખવે છે અને તેનાથી તમે મજબૂત રીતે પાછા ફરો છો.'

# અમને 'ચામડાની ગંધ' લેવાનું શીખવવામાં આવ્યું હતું: હેડન

### હેડને બેટ્સમેનોની "સ્પષ્ટ ટેકનિકલ ખામીઓ" જણાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભૂતપૂર્વ ઓપનર મેથ્યુ હેડને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ દરમિયાન દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયાના બેટ્સમેનોએ સહન કરેલા વિનાશક આઉટિંગ પર ભાર મૂક્યો અને માને છે કે કેટલીક વિકેટો 'સ્પષ્ટ તકનીકી ખામીઓ' ને કારણે થઈ હતી.

હેડન માટે, ટેસ્ટ ક્રિકેટની માંગણીઓ માટે બેટ્સમેનને ઓછા સ્કોરિંગ રેટ સાથે આરામદાયક રહેવાની જરૂર છે, જે રમતના સફેદ બોલ-પ્રભુત્વ ધરાવતા ધોરણોથી સંપૂર્ણપણે અલગ છે. T20 માં, ખેલાડીઓ ઘણીવાર પોતાના માટે જગ્યા બનાવવાનો પ્રયાસ કરે છે અને પછી સ્કોરિંગ રેટને ઝડપી બનાવવા માટે બોલને કાપી નાખે છે.



'ટેસ્ટ મેચ ક્રિકેટમાં તમારે ઝડપથી રન ન કરવામાં આરામદાયક રહેવાની જરૂર છે - જે ટૂંકા ફોર્મેટમાં શીખવવામાં આવે છે તેનાથી વિપરીત છે. T20 બેટિંગ જગ્યા અને શક્તિ બનાવવા માટે બોલથી દૂર જવાને પ્રોત્સાહન આપે છે, પરંતુ ટેસ્ટમાં, તે એક નબળાઈ બની જાય છે. લેબુશેન, ગ્રીન અને વેબસ્ટર જેવા ખેલાડીઓ બોલની નજીક ન જવાથી આઉટ થયા.

# યુટીટીથી મુંબઈ લીગ સુધી રમત જગતે પ્લેન ક્રેશમાં મૃતકોને શ્રદ્ધાંજલિ આપી



(એજન્સી) મુંબઈ । તા. 13

અમદાવાદ ખાતે લંડન જતી ફ્લાઈટ ક્રેશ થવા પર મૃત્યુ પામનારા મૃતકોને રમત-જગતથી પણ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.રમત-જગતમાં ગુરુવારે અમદાવાદના એકા અરેના ખાતે ચાલી રહેલ અલ્ટિમેટ ટેબલ ટેનિસ લીગમાં યુમુમ્બા અને દબંગ દિલ્હી ટીટીસીની મેચ અગાઉ બંને ટીમના ખેલાડીઓએ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા મોન પાળ્યું હતું. ખેલાડીઓ મેચમાં બ્લેક રિબન પહેરી રમવા ઉતર્યા હતા. આ દરમિયાન મુંબઈ

ખાતે રમાઈ રહેલ મુંબઈ ટી20માં પણ ખેલાડીઓ અને દર્શકોએ મેચ અગાઉ મૃતકો માટે મોન ધારણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ભારતીય હોકી ટીમે પણ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.



ઇઝરાયલી હુમલાથી તેહરાનમાં ઘણી ઇમારતોને પણ નુકસાન થયું

### IRGC ચીફ, 2 પરમાણુ વૈજ્ઞાનિકો પણ માર્યા ગયા; ઈરાનના સુપ્રીમ લીડર બોલ્યા- ઇઝરાયલને સજા મળશે

# ઇઝરાયલનો ઈરાનના 6 સૈન્ય ઠેકાણા પર હુમલો

ઈઝરાયલ | ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો છે. ઈઝરાયલના રક્ષામંત્રી ઈઝરાયલ કાત્ઝે આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે તેમના લડાકુ વિમાનોએ શુક્રવારે સવારે દુશ્મન દેશ પર હુમલો કર્યો.

ઈઝરાયલી સેનાએ તેહરાનની આસપાસના ઓછામાં ઓછા 6 લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. આ 6 સ્થળોમાંથી 4 સ્થળોએ પરમાણુ ઠેકાણા પણ હાજર છે. ઈરાનના રાજ્ય મીડિયાએ પુષ્ટિ આપી છે કે ઈઝરાયલી હુમલામાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના કમાન્ડર હુસૈન સલામીનું મૃત્યુ થયું છે.

અલ-જઝીરા અનુસાર, ઈરાનના બે અગ્રણી પરમાણુ વૈજ્ઞાનિકો, મોહમ્મદ મેહદી તેહરાનચી અને ફરદૂન અબ્બાસી પણ આ હુમલામાં માર્યા ગયા છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે ઈરાનના આર્મી ચીફ મોહમ્મદ બાઘેરી, અન્ય વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ અને કેટલાક વરિષ્ઠ પરમાણુ વૈજ્ઞાનિકો પણ આ હુમલામાં માર્યા ગયા છે. આ દરમિયાન, ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખામેનીએ કહ્યું કે અમારી સેના ઈઝરાયલને સજા વિના જવા દેશે નહીં. ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખામેનીએ કહ્યું કે, આ હુમલા માટે ઈઝરાયલને સજા મળશે. ખામેનીએ એક X પોસ્ટ કરીને કહ્યું કે ઈરાનની સેના ઈઝરાયલને સજા કર્યા વિના જવા દેશે નહીં.]

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA)એ નતાંઝમાં પરમાણુ સંવર્ધન કેન્દ્ર પર હુમલાની પુષ્ટિ કરી છે. IAEAના વડા રાફેલ મારિયાનો ગ્રોસીએ કહ્યું છે કે અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. પરમાણુ કિરણોત્સર્ગ અંગે અમે ઈરાની અધિકારીઓના સંપર્કમાં છીએ.

ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રાષ્ટ્રને સંબોધનમાં કહ્યું- ઈરાન પાસે અમને નુકસાન પહોંચાડવાની મોટી ક્ષમતા છે. અમે આ માટે તૈયારીઓ પ ણ
કરી લીધી છે. હું ઈઝરાયલી નાગરિકોને આગામી થોડા દિવસો માટે સહયોગ કરવાની અપીલ કરું છું.



### ઇરાન પર ઇઝરાયલના હુમલાને પગલે એર ઇન્ડિયાએ અનેક ફ્લાઇટ કરી ડાઇવર્ટ

ઈરાન પણ હવે ઇઝરાયલના આ હુમલાનો જડબાતોડ જવાબ આપી શકે છે. તેને ધ્યાનમાં રાખીને ઇઝરાયલમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે અને શાળાઓ અને ઑફિસો બંધ રાખવા કહેવાયું છે. આવી સ્થિતિમાં એર ઇન્ડિયાએ ઈરાનની પરિસ્થિતિ અને ત્યારબાદ તેના હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે, નીચેની ફ્લાઇટ્સ ડાયવર્ટ કરવામાં આવી રહી છે અથવા તેમના મૂળ સ્થાન પર પાછી મોકલવામાં આવી રહી છે.

### હિંસક દેખાવો | પેટ્રોલ બોમ્બ ફેંક્યા-આગચંપી, 35 પોલીસકર્મી ઘાયલ

# અમેરિકા પછી હવે આયર્લેન્ડ ભડકે બળ્યું: ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના વિરોધમાં હિંસા

વોશિંગ્ટન ડીસી | ઉત્તરી આયર્લેન્ડમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ હિંસા ફાટી નીકળી છે. સ્થાનિક સંગઠનો ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર ગુનાહિત કૃત્યોમાં સંડોવણી હોવાનો વિરોધ કરી રસ્તા પર ઉતરી આવ્યા છે. આયર્લેન્ડના બાલ્લીમેના શહેરમાં ગુરુવારે ચોથા દિવસે પણ ટોળાએ હિંસક દેખાવો કર્યા અને એક વધુ દુકાનને આગ ચાંપી દીધી. તોફાની પોલીસ પર પથ્થરમારો કરાયો અને પેટ્રોલ બોમ્બ પણ ફેંકવામાં આવ્યા. આ હુમલામાં 35થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા.

આયર્લેન્ડે બ્રિટન પાસેથી વધારાની પોલીસ ફોર્સ માગી છે. લંડનમાં સ્કોટલેન્ડ યાર્ડના લગભગ 200 પોલીસકર્મીઓને ગુરુવારે આયર્લેન્ડના બાલ્લીમેના મોકલવામાં આવ્યા હતા. એન્ટ્રિમ ટાઉનમાં પોલીસ તૈનાત કરી છે.

ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અહીંથી હાંકી કાઢવા જોઈએ. સ્ટીનસનનો આરોપ છે કે આઈરિશસરકાર રોમાનિયન, પેલેસ્ટિનિયન અને અફઘાન ઘુસણખોરોને સ્થાયી કરી રહી છે.



### 6 દેશમાં ગેરકાયદેસર ઈમિગ્રેન્ટ્સ મોટો રાજકીય મુદ્દો

યુરોપના 6 મુખ્ય દેશોમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સનો વિરોધ મોટો રાજકીય મુદ્દો બની ગયો છે. જેમાં બ્રિટન, જર્મની, ફ્રાન્સ, ઈટાલી, સ્પેન અને નેધરલેન્ડ સામેલ છે. બ્રિટનમાં નાઈઝલ ફરાઝની રિફોર્મ યુકે પાર્ટી પ્રવાસીઓના વિરોધના એજન્ડા પર સૌથી મોટી વિપક્ષી પાર્ટી તરીકે ઉભરી આવી છે. જર્મનીમાં એએફડી, ફ્રાન્સમાં લી પેનની નેશનાલિસ્ટ પાર્ટી, ઈટાલીની બ્રધર્સ અને સ્પેન તથા નેધરલેન્ડની ગુઈટેની પાર્ટી ગેરકાયદે ઈમિગ્રન્ટ્સનો વિરોધ કરે છે.

આયર્લેન્ડમાં હાલમાં 33 હજાર ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ છે, જ્યારે 2017માં ફક્ત 7200 ઈમિગ્રન્ટ્સ હતા.

તાજેતરને કેસ રોમાનિયાના એક ગેરકાયદેસર ઈમિગ્રન્ટ કિશોર સાથે સંબંધિત છે. શનિવારે તેને એક સ્થાનિક સગીરાના જાતીય શોષણના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. કટ્ટરપંથી સંગઠનો લાંબા સમયથી આયર્લેન્ડમાં રોમાનિયાના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે અવાજ ઉઠાવી રહ્યા છે. આ કેસ પ્રકાશમાં આવ્યા બાદ લોકોમાં ગુસ્સો આવ્યો હતો. સોમવારથી જ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ વિરોધી વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા હતા.

# તાઈવાનમાં 5.9નો ભૂકંપ : સમગ્ર ટાપુમાં આંચકા અનુભવાયા



હુઆલિયન શહેરથી દક્ષિણે 71 કિ.મી.(44.1 માઈલ) દૂર આ ભૂકંપ થયો : આથી પાટનગર તાઈપીમાં પણ મકાનો 1 મિનિટ સુધી હલી રહ્યાં

તાઈપી | તાઈવાનમાં બુધવારે સાંજે ૫.૯ અંકનો ભૂકંપ આવ્યો હતો. યુનાઈટેડ સ્ટેટસ જીયોલોજિકલ સર્વે આ માહિતી આપતા જણાવે છે કે પ્રાથમિક અહેવાલો પ્રમાણે તો ભૂકંપ ૨૯ કિ.મી.ની ઉંડાઈએ થયો હતો. પરંતુ પછીથી જાણવા મળ્યું છે કે તે માત્ર ૧૦ કિ.મી.ની ઉંડાઈએ જ થયો હતો. આટલી ઓછી ઊંડાઈએ થતા ધરતીકંપોની મૃદાવરણનાં પોપડા ઉપર ભારે અસર થતી હોય છે.

યુનાઈટેડ સ્ટેટસ જીયોલોજિકલ સર્વે (યુએસજીએસ) વધુમાં આગળ જણાવે છે કે આ ભૂકંપ હુઆલિયન શહેરથી દક્ષિણે આશરે ૭૧ કિ.મી. (૪૪.૧ માઈલ) નીચે થયો હતો.

ઉલ્લેખનીય છે કે તાઈવાન પેસિફિક ઓશન ફરતી રિંગ ઓફ ફાયરમાં આવૃત્ત છે. તેથી ત્યાં ઘણીવાર ભૂકંપ થાય છે. મહત્વની બાબત તે છે કે ૨ કરોડ ૩૦ લાખની વસ્તી ધરાવતા આ ટાપુ રાષ્ટ્રની પશ્ચિમ તરફે સઘન વસ્તી રહેલી છે. પરંતુ હુમાલિયન શહેરમાં બહુ વસ્તી નથી.

સહજ છે કે આ ધરતીકંપથી હુઆલિયન શહેરમાં તો મકાનો અને અન્ય બાંધકામો ધ્રૂજી ગયા હતાં પરંતુ છેક ઉત્તરે આવેલા પાટનગર તાઈપીમાં પણ મકાનો અને અન્ય બાંધકામો ધ્રૂજી ગયા હતાં.

### ટ્રમ્પ તંત્રના બેફામ વહીવટની સ્ટેટ મીડીયા અને ચીનનાં સોશ્યલ મીડિયાએ પણ ટ્રમ્પની કટાક્ષ ભરી ઠેકડી ઉડાડી

# લોસ એન્જલસમાં જાગેલા વિરોધ વંટોળે ચીનને તક આપી



બૈજિંગ | અમેરિકામાં રહેલા ગેરકાયદે વસાહતીઓને હાંકી કાઢવાના ટ્રમ્પ વહીવટી તંત્રના પ્રયત્નો તીવ્ર બનતા જાય છે તે સાથે લોસ એન્જલસથી શરૂ થયેલી રમખાણોની જ્વાળા ન્યુયોર્ક શિકાગો સીએટલને આટલાન્ટા શહેરોમાં પણ ફેલાઈ રહેતાં ચીનના સત્તાવાર મીડીયાએ ટ્રમ્પ તંત્રની ઉગ્ર ટીકા કરવી શરૂ કરી હતી. ઠેકડી ઉડાડી હતી. તે ઉપરાંત ખાનગી સોશ્યલ મીડીયાએ પણ ટ્રમ્પતંત્રની જબ્બર ઠેકડી ઉડાડવી શરૂ કરી હતી. એક તરફ રેર અર્થસ્ અંગે અમેરિકાએ ચીન સાથે સોદો કરી ચીનને રાજી કરવા પ્રયત્નો શરૂ કરી દીધા હોવા છતાં ચીન ટ્રમ્પની આ ફસામણની ઠેકડી ઉડાડી રહ્યું છે.

મૂળભૂત રીતે તો વસાહતીઓને રહેવા દેવા કે ન રહેવા દેવા તે અમેરિકાનો આંતરિક મામલો છે. પરંતુ ચીને તેને અમેરિકા વિરૂદ્ધના પ્રચાર માટે સોનાની લગડી સમાન ગણી ટ્રમ્પ તંત્ર ઉપર તૂટી પડયું છે.

ચીનનાં સરકારી તંત્રે ટ્રમ્પ તંત્રની ઠેકડી ઉડાડતાં, તેના હુક્મોમાં રહેલી વિસંવાદિતાઓને ઘણી મોટી કરી દર્શાવવી શરૂ કરી છે, અને અમરિકાના જ શબ્દો ઉઠાવી તેને સામા ફેંક્યા છે. સાથે તેમ પણ કહ્યું છે કે આ વિસંવાદી વિધાનો જ અમેરિકામાં આંતરિક રીતે વહી રહેલી ગંભીર કટોકટી છતી કરે છે.

સૌથી વધુ ઉલ્લેખનીય તો તે છે કે ટ્રમ્પ તંત્ર ઉપર ચીનની સત્તાવાર ન્યૂઝ એજન્સી શીન હુરતા અને સરકારી પીઠબળ ધરાવતાં વર્તમાન પત્રો બૈજિંગ યૂથ ડેઈલી અને બૈજિંગ ડેઈલીએ તો ગજબનો મારો ચલાવ્યો છે. અન્ય મીડીયા ચાઉબેટ્સે અમેરિકાના જ નાગરિકો સામે નેશનલ ગાર્ડ્ઝ મુકવાની પ્રવૃત્તિની ઉગ્ર ટીકા કરી હતી. સાથે આગાહી કરી હતી કે અમેરિકાનું રાજકારણ હવે આગાહી જ કરી ન શકાય, તેવા અંધાધૂંધી ભર્યા યુગમાં પ્રવેશી રહ્યું છે. તેમ હોંગકોંગ સ્થિત સાઉથ ચાયના મોર્નિંગ પોસ્ટે જણાવ્યું હતું.

# ઇઝરાયેલમાં ભારતીય દૂતાવાસે પ્રાદેશિક તણાવ વચ્ચે સુરક્ષા સલાહ જારી કરી, તકેદારી અને સાવધાની રાખવાની વિનંતી કરી

ઈઝરાયલ | ઈઝરાયેલમાં તમામ ભારતીય નાગરિકોને ઈઝરાયલી સત્તાવાળાઓ અને હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા આપવામાં આવેલી સલાહ મુજબ સતર્ક રહેવા અને સલામતી પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે. કૃપા કરીને સાવચેતી રાખો, બિનજરૂરી મુસાફરી ટાળો અને સલામતીથી દૂર રહો.

ઈરાન પર ઈઝરાયલના આગોતરા હુમલા બાદ તણાવમાં તીવ્ર વધારો થતાં આ સલાહ આપવામાં આવી હતી. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલ અનુસાર, ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે હડતાળની પુષ્ટિ કરી અને વિકાસના પ્રકાશમાં રાષ્ટ્રવ્યાપી કટોકટી જાહેર કરી. 'ઈઝરાયલ રાજ્ય દ્વારા ઈરાન પર આગોતરા હુમલા બાદ, ઈઝરાયલ રાજ્ય અને તેની નાગરિક વસ્તી પર તાત્કાલિક ભવિષ્યમાં મિસાઈલ અને ડ્રોન હુમલો થવાની



ધારણા છે,' ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલે કાત્ઝને ટાંકીને જણાવ્યું હતું.

કાત્ઝે કહ્યું કે તેમણે 'એક ખાસ આદેશ પર હસ્તાક્ષર કર્યા છે, જે મુજબ સમગ્ર ઈઝરાયલ રાજ્યમાં હોમ ફ્રન્ટમાં કટોકટીની ખાસ સ્થિતિ લાદવામાં આવશે.'તમારે હોમ ફ્રન્ટ કમાન્ડ અને અધિકારીઓની સૂચનાઓનું પાલન કરવું જોઈએ અને સુરક્ષિત વિસ્તારોમાં રહેવું જોઈએ,' કાત્ઝે ઉમેર્યું, ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલ અનુસાર. ઈઝરાયલ દ્વારા હવાઈ હુમલા શરૂ થતાં જ વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ તેમના સુરક્ષા મંત્રીમંડળને બોલાવતા જ સમગ્ર ઈઝરાયલમાં સાયરન વાગવા લાગ્યા.

ટાઈમ્સ ઓફ ઈઝરાયલ મુજબ, IDF હોમ ફ્રન્ટ કમાન્ડે સ્પષ્ટતા કરી હતી કે સમગ્ર ઈઝરાયલમાં વાગતા સાયરનનો હેતુ ઈઝરાયલીઓને એ સંદેશ આપવાનો હતો કે દેશ 'નવી પરિસ્થિતિમાં પ્રવેશી રહ્યો છે,' હોમ ફ્રન્ટ કમાન્ડના ત્વિકા ટેસ્લરે સ્પષ્ટતા કરી હતી. હાલમાં ઈઝરાયલ પર કોઈ હુમલો થયો નથી, તે કહે છે.

ટેસ્લરે કહ્યું કે, આગામી થોડા કલાકોમાં, ઈઝરાયલ 'પૂર્વથી એક મહત્વપૂર્ણ હુમલો' અનુભવી શકે છે. આ 'ભારે મિસાઈલો' હોઈ શકે છે જે દેશમાં ગમે ત્યાં પહોંચી શકે છે. 'અમે દૂરગામી ચેતવણીઓ આપીશું,' તેમણે કહ્યું. ટાઈમ્સ ઓફ ઈઝરાયલ મુજબ, IDF એ પુષ્ટિ આપી હતી કે તેણે ઈરાનના પરમાણુ કાર્યક્રમ સામે હવાઈ અભિયાન શરૂ કર્યું છે.

પરમાણુ કાર્યક્રમ અને અન્ય લશ્કરી સુવિધાઓ સાથે સંબંધિત ડઝનબંધ લક્ષ્યો પર ઈઝરાયલી વાયુસેના દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો છે, તે કહે છે. આ કાર્યવાહીને 'સિંહોનું રાષ્ટ્ર' કહેવામાં આવે છે.

IDF એ કહ્યું કે ઈરાન પાસે થોડા દિવસોમાં અનેક બોમ્બ બનાવવા માટે પૂરતું સમૃદ્ધ યુરેનિયમ છે, અને તેને આ 'નિકટવર્તી ખતરા' સામે કાર્યવાહી કરવાની જરૂર છે. થોડા સમય પહેલા સમગ્ર ઈઝરાયલમાં વાગેલા સાયરન ઈરાન દ્વારા સંભવિત પ્રતિક્રિયા પહેલા, IDF દ્વારા જારી કરાયેલી આગોતરી ચેતવણી હતી.

# IITના ટોપ રેન્કર્સ ISROમાં કામ કરવામાં રસ નથી ધરાવતા

### ઈસરોનું ઓછું પગારધોરણ કારણરૂપ ગણાવાયું

નવી દિલ્હી | દેશની ટોચની અવકાશ સંશોધન સંસ્થા ISROમાં જોડાવા માટે IITની ટોપ રેન્કમાં પાસ થયેલા લોકો આજનાં સમયમાં પણ નિરુત્સાહી હોવાનું જાણવા મળે છે. IIT એડમિશન ૨૦૧૫ માટે કાઉન્સેલિંગની પ્રોસેસ શરૂ થઈ ગઈ છે પણ ISROનાં પૂર્વ ચેરમેન એસ સોમનાથનું આઈઆઈટીયન્સને લગતું એક નિવેદન સોશિયલ મીડિયામાં ફરી ટ્રેન્ડિંગ થઈ રહ્યું છે. તેમણે ૨૦૨૩માં એક મુલાકાતમાં કહ્યું હતું કે દેશની સ્પેસ એજન્સી ઈસરોને IITમાંથી બેસ્ટ ટેલેન્ટ મળતી નથી. આના માટેનું મુખ્ય કારણ ઓછો પગાર છે તેવો નિર્દેશ તેમણે કર્યો હતો.

સોમનાથે કહ્યું હતું કે ઈસરોનાં પગારધોરણને કારણે દેશની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજ IITમાંથી તેમને બેસ્ટ ટેલેન્ટ મળતી નથી. આપણી શ્રેષ્ઠ પ્રતિભાઓ એન્જિનિયર બને છે અને IITમાંથી ડીગ્રી લેવા માંગે છે પણ તેમને ISROમાં જોડાવામાં રસ નથી. અમે ત્યાંથી લોકોની ભરતી કરવા પ્રયાસો કરીએ છીએ પણ અમને યોગ્ય વ્યક્તિઓ મળતી નથી. IITમાંથી પાસ થયેલા લોકો ઈસરોમાં જોડાવા નિરુત્સાહી હોવાનું મનાય છે.

### વર્ક અને હોલીડે વિઝા (સબક્લાસ 462) હેઠળ આ અરજીઓ મંગાવવામાં આવે છે

# ઓસ્ટ્રેલિયાના 1000 વર્ક તેમજ હોલીડે વિઝા માટે 98000 ભારતીયોએ અરજી દાખલ કરી

લેંડી | ઓસ્ટ્રેલિયા દ્વારા ૨૦૨૪માં બેલેટ સિસ્ટમ હેઠળ ભારતીય નાગરિકો માટે ૧૦૦૦ જેટલા વર્ક તેમજ હોલીડે વિઝા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું જેની સામે વર્ક અને હોલીડે વિઝા (સબકવાસ ૪૯૨) હેઠળ ૯૮,૦૦૦થી વધારે ભારતીયોએ અરજી કરી હતી. આ સ્કીમ હેઠળ આપવામાં આવતા વિઝા વર્કિંગ હોલીડે મેકર પ્રોગ્રામ અંતર્ગત આપવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન યુવાન ભારતીયોને ઓસ્ટ્રેલિયામાં ટ્રાવેલ કરવાની અને કામ કરવાની છૂટ આપવામાં આવે છે.

જો કે ઓસ્ટ્રેલિયા સરકાર દ્વારા ફક્ત ૯૮૮ લોકોને જ વિઝા આપવામાં આવ્યા હતા. ઓસ્ટ્રેલિયા - ઈન્ડિયા ઈકોનોમિક કોઓપરેશન ટ્રેડ એગ્રીમેન્ટ (A-ECTA) હેઠળ ૧ ઓક્ટોબર ૨૦૨૪માં રોજ ભારતીય નાગરિકોને આ વિઝા આપવામાં





આવ્યા હતા. આમ ભારત આ યોજના હેઠળ ઓસ્ટ્રેલિયાનો ૫૦મો ભાગીદાર દેશ બન્યો હતો.

કુલ ૧,૩૯,૯૩૩ અરજીઓ મળી : ડિપાર્ટમેન્ટ ઓફ હોમ અફેર્સનાં જણાવ્યા મુજબ ભારત ચીન, વિયેટનામ પાસેથી ઓક્ટોબર અને નવેમ્બરમાં કુલ ૧,૭૯, ૩૩ વિઝા અરજીઓ મળી હતી. જેમાં ભારતમાંથી અરજી કરનારા ૯૮,૦૧૯ લોકો હતા. ઓસ્ટ્રેલિયા દ્વારા કેટલાક દેશનાં નાગરિકો પાસેથી રેન્ડમલી વર્ક અને હોલીડે વિઝા માટે અરજીઓ મંગાવવામાં આવે છે. જુદાજુદા દેશો માટે જુદીજુદી સિસ્ટમ અપનાવાય છે.

અરજી ફી અને પ્રોસેસ : અરજદારોએ ImmiAccount હારા ઓનલાઈન ફોર્મ મોકલવાનાં હોય છે. અને સાથે ૨૫ ઓસ્ટ્રેલિયન ડૉલર (રૂ. ૧૫૦૦)ની રજિસ્ટ્રેશન ફી ભરવાની હોય છે. જે લોકો અરજી કરવાને પાત્ર ઠરે છે.

# બાંગ્લાદેશના મોહમ્મદ યૂનુસને મળવા બ્રિટિશ PMનો ઈનકાર

### અબજો ડોલરની રિકવરી માટે યૂનુસ બ્રિટન પ્રવાસે

લંડન | બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યૂનુસ સાથે મુલાકાત કરવા ઈનકાર કરી દીધો છે. મોહમ્મદ યૂનુસ ૧૦ થી ૧૩ જૂન દરમિયાન બ્રિટનની સત્તાવાર મુલાકાતે છે. શેખ હસીના સરકાર દ્વારા કહેવાતી રીતે વિદેશોમાં મોકલવામાં આવેલી અબજો ડોલરની રકમની રિકવરી માટે બ્રિટનનું સમર્થન મેળવવાના હેતુસર યૂનુસ બ્રિટન પહોંચ્યા છે. પરંતુ બ્રિટનના વડાપ્રધાને મુલાકાત માટે ઈનકાર કરીને બાંગ્લાદેશને રાજદ્વારી આંચકો આપ્યો છે.

યૂનુસે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે બ્રિટને નૈતિક ધોરણે બાંગ્લાદેશની મદદ કરવી જોઈએ, કારણ કે તે ચોરીના નાણા છે. જોકે તેમણે તે વાતનો સ્વીકાર કર્યો કે બ્રિટનના વડાપ્રધાન સ્ટાર્મર સાથે તેમની કોઈ પ્રત્યાક્ષ વાતચીત નથી



થઈ. યૂનુસે કહ્યું કે "બ્રિટનના વડાપ્રધાન સાથે સીધી વાતચીત હજી નથી થઈ, પરંતુ તે વાતે કોઈ શંકા નથી કે બાંગ્લાદેશ દ્વારા થઈ રહેલા પ્રયાસોને તેઓ સમર્થન આપશે."

બ્રિટનની સરકારના અધિકારીઓએ પણ એ વાતને સમર્થન આપ્યું છે કે સ્ટાર્મર અને યુનુસ વચ્ચે મુલાકાતની કોઈ યોજના નથી. તેમણે આ વિષયે ટિપ્પણી કરવા ઈનકાર કરી દીધો છે. યૂનુસે કહ્યું કે બ્રિટન પહેલેથી જ કેટલીક હદે મદદ કરી રહ્યું છે. પરંતુ બ્રિટન હવે મોટાપાયે સમર્થન કરે તેવી જરૂરત છે.

### પાકીને દરરોજ ૧૧,૧૮૦ ક્યુસેક્સ વધારે પાણીની જરૂર

# સિંધુ જળ સંધિ મુદ્દે ભારતનાં પગલાંથી પાકિસ્તાન ત્રાહિમામ્ પાણી માટે વલખાં

ઈસ્લામાબાદ | પહેલગામ આતંકી હુમલા પછી ભારત દ્વારા સિંધુ જળ સમજૂતી રદ કરવામાં આવતા અને પાકને આપવામાં આવતું પાણી બંધ કરવામાં આવતા પાકિસ્તાનમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ભારતે પાક. સાથેની ૧૯૬૦માં કરાયેલી સિંધુ જળ સમજૂતી રદ કરી છે. આને કારણે પાકિસ્તાનને બે મુખ્ય જળાશયો ઝેલમ નદી પરનો મંગલા ડેમ અને સિંધુ નદી પરનો ટર્બેલા બંધ આખા સુકાઈ જવાની કગાર પર આવી ગયા છે. પાક.ની ઈન્ડસ રિવર સિસ્ટમ ઓથોરિટી (TRSA) નાં જણાવ્યા મુજબ બુધવારે પાકિસ્તાને તેના તમામ મુખ્ય જળ

સ્ત્રોતોમાંથી જેટલું પાણી મેળવ્યું તેના કરતા ૧૧,૧૮૦ ક્યુસેક્સ વધારે પાણી તેણે છોડવું પડયું હતું. આની સીધી અસર પંજાબ અને સિંધ પ્રાંતની સિંચાઈ સુવિધા પર પડી હતી. પાકનાં ડેમ ખાલીખમ અને સુકાભઠ્ઠ થઈ ગયા હતા. ખેડૂતો પણ પાણી વિના પરેશાન થયા હતા. ભારત દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં તેના જળાશયોની સાફસફાઈ કરવામાં આવી રહી છે. ફ્લ્લશિંગ કરાઈ રહ્યું છે. જેને કારણે પાકીને મળતું પાણી ઓછું થઈ ગયું છે. ભારતે પાક.ને પાણી અંગેનો ડેટા આપવાનું બંધ કર્યું છે જે અગાઉ સંધિ હેઠળ આપવા



જરૂરી હતા. પાક.માં પાણીનો કુલ ઈનફ્લો ૨૪૧,૬૧૧ ક્યુસેક્સ અને કુલ આઉટફ્લો ૨,૫૨,૭૯૧ ક્યુસેક્સ છે આમ દરરોજ તેને ૧૧,૧૮૦ ક્યુસેક્સ પાણીની વધારે જરૂર પડે છે. પંજાબ પ્રાંતને આ વર્ષે ૧,૧૪,૯૦૦ ક્યુસેક્સ પાણી મળ્યું હતું જેનો આંકડો ગયા વર્ષે ૧,૪૩,૬૦૦ ક્યુસેક્સનો હતો. આમ તેમાં ૨૦ ટકા ઘટાડો થયો છે. સિંધ પ્રાંતમાં પણ પાણીની અછત સર્જાઈ છે. TRSAની સલાહકાર સમિતિએ ૧ મેથી ૧૦ જૂન સુધીમાં ૨૧ ટકા પાણીની અછતની ભીતિ દર્શાવી હતી. હવે જૂનથી સપ્ટેમ્બર વચ્ચે ૭ ટકા ઘટની સંભાવના છે. પાણીની અછતની પાક.માં ખરીફ પાકનાં વાવેતર પર ખરાબ અસર પડી શકે છે.

## કેરળમાં કોઈ વધારો નહીં | વસતી ગણતરી પછી 2029ની સંભવિત સ્થિતિ અંગેનું અવલોકન

# લોકસભાની બેઠકો ઉ.પ્રદેશમાં વધીને 143 થશે

## 2029માં લોકસભાની કુલ બેઠકો 848, તમિલનાડુની બેઠકો વધીને 49 થઈ શકે : 33 ટકા મહિલા અનામત પણ લાગુ કરાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

કેન્દ્ર સરકારની કેબિનેટે ગયા મહિને જાતિ આધારિત વસતી ગણતરીને મંજૂરી આપી દીધી છે અને સરકારે આ મહિને જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૨૬થી બે તબક્કામાં માર્ચ ૨૦૨૭ સુધીમાં વસતી ગણતરી કરાશે. આવા સમયે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં દેશમાં કેવી સ્થિતિ હશે તે અંગે એક રિપોર્ટ જાહેર થયો છે. આ રિપોર્ટ મુજબ ૨૦૨૯માં એકલા ઉત્તર પ્રદેશમાં લોકસભાની બેઠકો વર્તમાન ૮૦થી વધીને ૧૪૩ થઈ જશે જ્યારે દક્ષિણના રાજ્ય કેરળમાં લોકસભાની એક પણ બેઠક નહીં વધે.

સરકારી સૂત્રો જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાની યોજના પર કામ



કરી રહી છે. આ અનામત નવા સીમાંકનના આધારે લાગુ કરાશે.

તેમણે ઉમેર્યું કે, આ યોજના અગાઉથી નિશ્ચિત સમય મર્યાદા કરતાં ઘણા સમય પહેલા લાગુ થઈ શકે છે. સરકારે તાજેતરમાં જ દાવો કર્યો હતો કે વસતી ગણતરી બે તબક્કામાં ૧ માર્ચ, ૨૦૨૭ પહેલાં પૂરી કરી લેવાશે. આ વસતી ગણતરીમાં આઝાદી પછી પહેલી વખત જ્ઞાતિ આધારિત આંકડાઓનો પણ સમાવેશ કરાશે, જે આગળ જઈને સીમાંકનનો પાયો બનશે.

અત્યાર સુધી મનાતું હતું કે, સીમાંકનની પ્રક્રિયા અને મહિલાઓ માટે અનામત ૨૦૩૪ની લોકસભા ચૂંટણી સુધીમાં લાગુ થશે, પરંતુ હવે ૨૦૨૯ની સમય મર્યાદા અંગે કેન્દ્ર સરકાર ઘણી આક્રમકરૂપે યોજના બનાવી રહી છે. સીમાંકન પંચ માટે સૌથી મોટો પડકાર દક્ષિણના રાજ્યો હશે. દક્ષિણના રાજ્યોની માગ છે કે ૧૯૭૦-૮૦ના દાયકામાં તેમણે જનસંખ્યા નિયંત્રણમાં રાખવાની બાબતને પ્રાથમિક્તા આપી હતી. કેન્દ્ર સરકારે આ રાજ્યોને આશ્વાસન આપ્યું છે કે તેમની ચિંતાઓનું ધ્યાન રખાશે. ગૃહમંત્રી અમિત શાહે ફેબ્રુઆરીમાં કોયમ્બતૂરમાં કહ્યું હતું કે, સીમાંકનના કારણે દક્ષિણ ભારતની કોઈપણ બેઠક આંચકી નહીં લેવામાં આવે.

## પ્લેન ક્રેશમાં આ નેતાઓએ ગુમાવ્યા હતા પોતાના જીવ

**સંજય ગાંધી (1980) |** પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના નાના દિકરા અને કોંગ્રેસના યુવા નેતા સંજય ગાંધીનું મૃત્યુ 23 જૂન, 1980માં થયું હતું. જ્યારે તેમનું પ્રાઈવેટ વિમાન સફદરગંજ એરપોર્ટ પાસે ક્રેશ થઈ ગયું હતું. સંજય વિમાન ઉડાણના શોખીન હતા અને તે સમયે નવુ વિમાન ટેસ્ટ કરી રહ્યા હતા. આ ઘટનામાં તેની સાથે તેમના પાયલોટ સક્સેનાનું પણ મૃત્યુ થયુ હતું.

**માધવરાવ સિંધિયા (2001) |** કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી માધવરાવ સિંધિયાનું મૃત્યુ 30 સપ્ટેમ્બર, 2001ના રોજ થયું હતું. જ્યારે તેમનું પ્રાઈવેટ વિમાન ઉત્તર પ્રદેશમાં ક્રેશ થઈ ગયું હતું. આ ઘટનામાં સિંધિયા સહિત સાત લોકોના મોત નિપજ્યા હતા. સિંધિયા ગ્વાલિયર લોકસભાના સદસ્ય હતા. તેમના મૃત્યુએ કોંગ્રેસ પાર્ટીને ખૂબ મોટો ઝટકો આપ્યો હતો.

**જીએમસી બાળયોગી (2002) |** TDPના નેતા અને તે સમયના લોકસભાના સ્પીકર જીએમસી બાલયોગીનું મોત 3 માર્ચ, 2002ના રોજ થયું હતું. જ્યારે તેનું હેલિકોપ્ટર આંધ્ર પ્રદેશના કાકીનાડા પાસે ક્રેશ થઈ ગયું હતું. આ દૂર્ઘટનામાં બાળયોગી સહિત પાંચ લોકોના મૃત્યુ થયા હતા.

**વાયએસ રાજશેખર રેડ્ડી (2009) |** આંધ્રપ્રદેશના તત્કાલિન મુખ્યમંત્રી વાયએસ રાજશેખર રેડ્ડીનું મૃત્યુ 2 સ્ટેમ્બર 2009ના રોજ થયું હતું. જ્યારે તેનું હેલિકોપ્ટર રુદ્રાકોંડા પહાડમાં ક્રેશ થઈ ગયું હતું. આ ઘટનામાં રેડ્ડી સહિત ચાર લોકોના મોત નિપજ્યા હતા. રેડ્ડી આંધ્રપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીના સૌતી લોકપ્રિય નેતાઓમાંના એક હતા.

**વિપિન રાવત (2021) |** તત્કાલિન સીડીએસ વિપિન રાવત 8 ડિસેમ્બર 2021ના રોજ એક MI-17 V5 પ્લેન ક્રેશ દૂર્ઘટનામાં માર્યા ગયા હતા. તેમનું હેલિકોપ્ટર તમિલનાડુના સુલૂરથી વેલિંગટન જઈ રહ્યું હતું.

### પહેલીવાર પતિ પાસે જઈ રહી હતી નવી નવેલી દુલ્હન ખુશબૂ

## અમદાવાદ એરપોર્ટ પર પિતા સાથે પુત્રીની અંતિમ તસવીર વાઈરલ, પતિને મળવા લંડન જઈ રહી હતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

અમદાવાદ એરપોર્ટ પાસે ક્રેશ થયેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં અત્યાર સુધીમાં 204 લોકોના મોત થયા હોવાની પુષ્ટી થઈ છે. આ ભયાનક વિમાન અકસ્માતથી દેશભરમાં શોકની લાગણી ફેલાઈ ઘઈ છે. આ ઘટનામાં રાજસ્થાનના બાલોતરા જિલ્લાના અરાબા ગામમાં રહેતી 21 વર્ષીય નવી નવેલી દુલ્હન ખુશબૂનું પણ મોત થયું છે.ખૂશબૂ પિતા મદદ સિંહ અને પિતરાઈ ભાઈ સાથે લંડન જવા માટે અમદાવાદ એરપોર્ટ પર આવી હતી. તે અહીંથી એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-171થી લંડન જવાના રવાના થઈ હતી, જોકે ફ્લાઈટ ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં ક્રેશ થઈ ગઈ અને તે



જ સમયે ખુશબૂની જિંદગીનો અંતિમ સમય બની ગયો. ખુશબુના પિતા પુત્રીને મુકવા માટે એરપોર્ટ આવ્યા હતા અને અહીં તેમણે ભાવુક તસવીર પણ પાડી હતી, ત્યારબાદ તે તસવીર તેમણે વોટ્સએપ સ્ટેટસમાં લગાવી હતી. તેમણે લખ્યું હતું કે, ‘આશીર્વાદ દિકરી ખુશ્બુ, ગોઈંગ ટૂ લંડન.’ પુત્રી ફ્લાઈટમાં બેસી ગયા બાદ પિતા અને પિતરાઈ ભાઈ ગામડે જવા નીકળ્યા અને તુરંત ફ્લાઈટ ક્રેશ થવાના સમાચાર સાંભળતા તેઓ સ્તબ્દ થઈ ગયા હતા.ખુશબૂના જોધપુર જિલ્લાના લૂણી ખારાબેરા ગામમાં રહેતા ડૉક્ટર વિપુલ સાથે લગ્ન થયા હતા. બંને દંપત્તીએ 18 જાન્યુઆરીએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. વિપુલ લંડનમાં પ્રેક્ટિસ કરે છે. લગ્ન બાદ વિપુલ લંડન ગયા હતા અને ખુશબુ થોડા મહિનાઓ સુધી પિયર અને સાસરામાં રહેતી હતી. તે લંડનમાં રહેતા પતિ પાસે જવા અમદાવાદ-લંડનની ફ્લાઈટમાં બેઠી હતી, તેનો આ પ્રથમ વિદેશ પ્રવાસ હતો. તેણીના પરિવારજનોએ કહ્યું કે, ‘જ્યારે ખુશબુ લંડન જવા માટે રવાના થઈ, ત્યારે તેની આંખોમાં આંસુ હતા, તે માતાને ગળે મળીને ચોધાર આસુંએ રડતી હતી. ગામમાં મિઠાઈની દુકાન ચલાવતા અને ખેતીનું કામ કરતા મદન સિંહને ત્રણ પુત્રી અને એક પુત્ર છે, જેમાંથી ખૂશબુ સૌથી મોટી દીકરી હતી. ખુશબૂના મોત બાદ આખા ગામ શોકાતુર બની ગયો છે.

### બોઁઈગમાં હતી ખામીઓ

# બોઁઈગનું શોર્ટ’કટ’ કેટલીય જીંદગીઓને ‘કટ’ કરી ગયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

બોઈંગ પોતાના ડ્રીમલાઈન વિમાનને દુનિયાભરમાં વેંચી રહી છે. પરંતુ તેની ખામીઓ પર સતત પડદો નાંખવામાં આવી રહ્યો છે. ગયા વર્ષે જ કંપનીના એક એન્જિનયરે તમામ ખામીઓ અંગે ખુલાસો કર્યો હતો. ડ્રીમલાઈનરની 11 ખામીઓ, કેટલીય વખત તપાસ કરવામાં આવી બોઈંગના ડ્રીમલાઈનર વિમાનમાં સાથે તમામ ટેક્નિકલ ખામીઓ સામે આવી હતી.એર ઈન્ડિયાનું અમદાવાદમાં ક્રેશ થયેલું વિમાન જે કંપનીનું છે તેમાં ઘણી સમસ્યાઓ સામે આવી છે. ડ્રીમલાઈનર વિમાનને બનાવનાર કંપની ભલે પોતાની આધુનિક ટેક્નિકની વાતો કરતી હોય પણ સત્ય એ છે કે તેમાં ઘણી ખામીઓ રહેલી છે.

**બોંઈગની ખામીને કારણે બનેલી દુર્ઘટનાઓ**

**જેજુ એર ક્રેશ (2024)**
મૃત્યુ - 179
એરક્રાફ્ટ - બોઈંગ 737

**કાલિકટ (2020)**
મૃત્યુ - 21
એરક્રાફ્ટ - બોંઈગ 737

**લાયન એર ક્રેશ (2018)**
મૃત્યુ - 189
એરક્રાફ્ટ - બોઈંગ 737 MAX 8

**ઈથોપિયન એરલાઈન્સ ક્રેશ (2019)**
મૃત્યુ -157
એરક્રાફ્ટ - બોઈંગ 737 MAX 8



### એર ઈન્ડિયાના બોંઈગ વિમાનમાં જ દુર્ઘટના કેમ બની?

બોંઈગ વિમાનની તપાસમાં મેન્યુવરિંગ કેરેક્ટિસ્ટિક આગમેન્ટેશન સિસ્ટમ (MCAS) સાથે જોડાયેલી એક સમસ્યા સામે આવી છે. આ સિસ્ટમમાં મેન્યુઅલી લેન્ડિંગ પરની નિર્ભરતા ઓછી થઈ જાય છે. પાયલોટને આ બાબતમાં વધારે માહિતી આપવામાં આવી નહોતી. બોઈંગ એન્જીનિયર સેમ સાલેબપુરનું કહેવું છે કે 787 ના કેટલાક ભાગોને સરખી રીતે જોઈન્ટ કરવામાં આવ્યા નહોતા. જેનાથી વિમાનની સંરચનામાં અનિશ્ચિતતા હતી. કર્મચારીએ પ્લેનના બે ભાગને જબરદસ્તી જોઈન્ટ કર્યા હતા. 2020થી જ આ વિમાનમાં અકસ્માતનું એલર્ટ હતું.

**2024માં એન્જીનિયરે આપ્યું હતું એલર્ટ |** બોઈંગ વિમ્નાનને લઈને અમેરિકાના એન્જીનિયર સેમ સાલેહપોરે 2024માં જ એલર્ટ આપ્યું હતું. તેમમએ FAAની સામે એક ફરિયાદ દાખલ કરી હતી. જેમાં 787 ડ્રીમ લાઈનર અને 777 મોડલના નિર્માણમાં ગંભીર ખામીઓ હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે બોઈંગના ઉત્પાદનમાં શોર્ટકટ વાપરીને ઉતાવળ થઈ રહી છે અને વિમાનના મુખ્ય ભાગને બનાવવામાં અને જોડવામાં લાપરવાહી કરવામાં આવી છે. જેથી વિમાનની સુરક્ષાને લઈને મોટુ એલર્ટ છે.


**9000થી વધુ લોકોના જીવ ગયા |** એક સરકારી આંકડાઓ પ્રમાણે બોંઈગ વિમાનથી દુનિયાભરમાં 6000 દુર્ઘટનાઓ બની છે, જેમાં 415 ગંભીર દુર્ઘટનાઓમાં 9000થી વધુ લોકોના મોત થયા છે. દુનિયામાં હજારો પેસેન્જર વિમાનોમાં ઓછામાં ઓછા 4000થી વધુ બોઈંગ વિમાન 737-800 છે.

## બાળપણનું સપનું પૂરું કરી એર હોસ્ટેસ બની હતી, અમદાવાદ પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રની રોશનીએ ગુમાવ્યો જીવ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

મહારાષ્ટ્રના ડોમ્બિવલીની રહેવાસી રોશની સોંઘરે બાળપણથી જ એર હોસ્ટેસ બનવા માંગતી હતી અને તેના માટે ખૂબ જ મહેનત કરી હતી. તેણે બાળપણનું સપનું પૂર્ણ તો કર્યું, પરંતુ ઘાતક સાબિત થયું હતું. એર હોસ્ટેસ રોશની સોંઘરે અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે.

મહારાષ્ટ્ર ભાજપના કાર્યકારી પ્રમુખ રવિન્દ્ર ચૌહાણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર રોશની સોંઘરેના મૃત્યુની માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, ‘અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ડોમ્બિવલીની રોશની સોંઘરેના દુ:ખદ અવસાનથી અમે ખૂબ જ દુ:ખી છીએ. એક સમર્પિત ફ્લાઈટ ક્રૂ સભ્ય તરીકે, તેમનું અવસાન એક હૃદયદ્રાવક દુર્ઘટના છે. તેમના આત્માને શાંતિ મળે.’



અહેવાલો અનુસાર, રોશની સોંઘરેના પિતા એક ટેકનિશિયન છે, પરંતુ તેમણે પુત્રીના સપનાઓને પાંખો આપવામાં કોઈ કસર છોડી નહીં. અંતે બે વર્ષ પહેલાં રોશની સોંઘરે એર હોસ્ટેસ બની અને સ્પાઈસજેટમાં બે વર્ષ કામ કર્યા પછી, તેમણે એર ઈન્ડિયામાં જોડાઈ હતી. અમદાવાદ વિમાન દુર્ઘટનાના બે દિવસ પહેલા રોશની સોંઘરે માદરે વતન ગઈ હતી. ત્યા તેમણે પરિવાર સાથે ગામના મંદિરમાં કુળદેવતાના દર્શન કર્યા હતા. ત્યારબાદ રોશની સોંઘરે અમદાવાદથી લંડન માટે ફ્લાઈટ પકડી હતી અને વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે.રોશનીના પિતા રાજેન્દ્ર સોંઘરેના જણાવ્યાનુસાર, એર ઈન્ડિયા તરફથી કોઈ સત્તાવરા એર ઈન્ડિયા તરફથી કોઈને સત્તાવાર ફોન આવ્યો નથી. જો કે, એર ઈન્ડિયાના કેટલાક સાથીદારો રોશનીના પરિવાર સાથે અમદાવાદમાં છે. ઉલ્લેખનીય છે કે, એર ઈન્ડિયાનું વિમાન સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલની ઈમારતમાં તૂટી પડ્યું હતું. જેના બાદ પ્રચંડ વિસ્ફોટ થતાં વિમાનમાં સવાર 241 લોકો અને હોસ્ટેલ તેમજ કેન્ટીન અને આજુબાજુના બિલ્ડિંગમાં હાજર લોકો પણ આ અકસ્માતનો ભોગ બન્યા હતાં. આ દુર્ઘટનમાં 265 લોકોના મૃત્યુ નીપજ્યાં હોવાના અહેવાલ છે.

### મે મહિવાથી એક્ટિવ થયુ ચોમાસું

## દિલ્હી સહિત આ તમામ રાજ્યમાં ક્યારે આવશે વરસાદ? હવામાન વિભાગની આગાહી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ચોમાસુ સામાન્ય તિથીઓ કરતા પહેલા 25 જૂન સુધીમાં દિલ્હી સહિત ઉત્તર-પશ્ચિમ ભારતના મોટા ભાગના હિસ્સાને કવર કરી લેશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચોમાસુ ભારતમાં 21 થી પહેલા 24 મેના રોજ કેરળ પહોંચ્યું હતું. અરબ સાગર અને બંગાળની ખાડીમાં આવેલા દબાણને કારણે ચોમાસુ આવનારા થોડા દિવસોમાં ઝડપથી આગળ વધ્યું અને 29 મે સુધીમાં મુંબઈ સહિત મધ્ય મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં પહોંચ્યું હતું. જો કે આ 28-29 મે થી 10-11 જૂન સુધી રોકાયું. જો કે ચોમાસું હવે ફરી એક વખત સક્રિય થઈ ગયું છે. હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે હવે ચોમાસુ મધ્ય અને પૂર્વ ભારતના અમુક ભાગોમાં અને ઉત્તર - પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં 18 જુન સુધી કલર કરી લે તેવી સંભાવના છે. 19 જૂનથી 25 જૂનની વચ્ચે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસુ પહોંચી જશે. હવામાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું.

### મહાકુંભમાં લગાવી હતી 1008 ડુબકીઓ

## દુબઈમાં પાણીની અંદર 24 કલાક યોગા કરીને યોગ આચાર્યએ બનાવ્યો રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારતના યોગ અને સંસ્કૃતિની ચારે તરફ ચર્ચા થઈ રહી છે. હવે યોગ આચાર્ય રવિ ઝાએ દુનિયાના મંચ પર ભારતનો ઝંડો બુલંદ કર્યો છે. યોગ આચાર્ય રવિ ઝાએ દુબઈના પ્રતિષ્ઠિત ઈન્ડિયા ક્લબમાં આયોજીત એક વિશેષ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને સતત 24 કલાક ચાર મિનિટ સુધી પાણીની અંદર યોગ કરીને નવી સિદ્ધિ મેળવી છે. આ પછી યોગા આચાર્ય રવિ ઝાની આ સિદ્ધિની સમગ્ર દુનિયામાં ચર્ચા થઈ રહી છે. તેમની આ સિદ્ધિ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધવામાં આવી છે. તેમણે આ સિદ્ધિ 23 ઓક્ટોબર



2021માં દુબઈના કેસીએસ ફાઉન્ડેશનના એન્યુઅલ ફંક્શનમાં મેળવી છે. આ કાર્યક્રમના મુખ્ય આયોજક કેસીએસ ફાઉન્ડેશન હતું. આ સંસ્થાના કર્તાધર્તાના કહ્યા પ્રમાણે આ પ્રકારના આયોજનથી યુવાનોની કલ્પના અને આકાંક્ષાઓને બળ મળે છે. આ સિવાય મહાકુંભ 2025 દરમિયાન પણ યોગ આચાર્ય રવિ ઝાએ એક અનોખી સિદ્ધિ મેળવી હતી. તેમણે એક ઐતહાસિક સંકલ્પ કરીને 1008 ડુબકીઓ લગાવી હતી. યોગ અને સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર માટે કરવામાં આવેલી તેમની આ પહેલથી ઘણા લોકો પ્રેરિત થયા હતા.

તમને જણાવી દઈએ કે યોગ આચાર્ય રવિ ઝા એક જાણીતા યોગગુરુ અને આધ્યાત્મિક સાધક છે. તેમની પહેલ અને યોગ્યતા વખાણવા લાયક છે. તેમણે યોગના ક્ષેત્રમાં ઘણા વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે. દેશ અને ધર્મની પ્રતિષ્ઠાને આંતરાષ્ટ્રીય લેવલ પર ગૌરવ અપાવ્યું છે.

### UK માં નોકરી લાગી

## જોઈનિંગ માટે જઈ રહી હતી રંજીતા, પ્લેન ક્રેશમાં કેરળની નર્સનું મોત

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં એક મલયાલી નર્સનું પણ મોત થયું. મૃતકનું નામ રંજીતા આર નાયર (40) છે. રંજીતા કેરળના પઠાણમથિટ્ટાની વતની હતી. તે ઓમાનની એક હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતી હતી. તાજેતરમાં જ, રંજીતાને યુકેમાં નોકરી મળી. તે યુકેમાં જોડાવાનું વિચારી રહી હતી. તેથી જ તે ત્યાં જતા પહેલા ઓમાનથી તેના ઘરે આવી હતી. ચાર દિવસની રજા ગાળ્યા પછી, તે આજે ચેન્નાઈથી અમદાવાદ આવી, પછી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેસી ગઈ.રણજીતા આર નાયર અભ્યાસમાં ખૂબ જ હોશિયાર હતી. તાજેતરમાં જ તેણે પીએસસી પરીક્ષા પાસ કરી હતી. તે તેના રાજ્ય કેરળમાં કામ કરવાનું વિચારી રહી હતી, પરંતુ તે યુકેની નોકરીના સંદર્ભમાં એકવાર ત્યાં જવા માંગતી હતી. તેથી જ આજે તે એર ઈન્ડિયાની ફ્લાઈટમાં રવાના થઈ, જે એરપોર્ટથી થોડે દૂર અકસ્માતનો ભોગ બની.

### નીરજ લાવણિયા લંડન જતા હતા

## વિમાન દુર્ઘટનામાં યૂપીના દંપતિનું દર્દનાક મોત

(એજન્સી) આગ્રા । તા. 13

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લાના અકોલા વિસ્તારના એક દંપતીનું મોત થયું હતું. અકસ્માતમાં જીવ ગુમાવનાર નીરજ લાવણિયા અને તેની પત્ની લંડન જવા રવાના થયા હતા. નીરજ વડોદરાના ફેધર સ્કાય વિલાસ કોલોનીમાં તેમના પરિવાર સાથે રહેતો હતો અને એક કંપનીમાં મેનેજર તરીકે કામ કરતો હતો.

અકસ્માતના સમાચાર મળ્યા બાદથી પરિવાર અને ગામમાં શોકનો માહોલ છે.પરિવારના સભ્યો સતત હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી મળી નથી. પરિવારના સભ્યો એરપોર્ટ પર



અકળાઈને રડી રહ્યા છે, તેમના પ્રિયજનોને શોધી રહ્યા છે. અકસ્માત પછી ત્યાં અરાજકતાનું વાતાવરણ છે. અકસ્માતના ભયાનક ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. ગુજરાતના અમદાવાદથી લંડનના ગેટવિક જઈ રહેલું એર ઈન્ડિયાનું બોઈંગ 787 ડ્રીમલાઈનર વિમાન AI-171 ગુરુવારે ટેકઓફ થયા પછી તરત જ ક્રેશ થયું. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં 265 લોકોના મોત થયા છે. ડેપ્યુટી કમિશનરે આ વાતની પુષ્ટિ કરી છે. આ ફ્લાઈટમાં કુલ 242 લોકો સવાર હતા, જેમાં 230 મુસાફરો અને 12 ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે.અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં થયેલા મૃત્યુથી દરેકનું દીલ દુ:ખી છે. વારાણસીમાં થયેલા અકસ્માતથી શોકગ્રસ્ત લોકોએ દશામેધ ઘાટ પર ગંગા આરતીમાં 1100 દીવા પ્રગટાવીને દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. વિશ્વ વિખ્યાત મા ગંગા આરતીમાં ભાગ લેનારા હજારો ભક્તોએ બે મિનિટનું મૌન પાળીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

## બુરખો પહેરીને શિલોંગથી ભાગી હતી સોનમ, પટના-લખનઉ થઈને પહોંચી હતી ઈન્દોર

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ઈન્દોરના રાજા રઘુવંશીની હત્યાના કેસમાં મેઘાલય પોલીસે કેટલાક વધુ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે હત્યા બાદ સોનમ મેઘાલયથી બુરખો પહેરીને ભાગી ગઈ હતી. તે ટેક્સી, બસ અને ટ્રેન દ્વારા મધ્યપ્રદેશના ઈન્દોર પહોંચી હતી. હત્યાની યોજના ફેબ્રુઆરીમાં જ શરૂ થઈ ગઈ હતી, જોકે હત્યાનું કાવતરું લગ્ન પહેલા જ ઈન્દોરમાં ઘડવામાં આવી હતી, જેમાં સોનમ પણ સામેલ હતી.મેઘાલય પોલીસે જણાવ્યું હતું કે રાજ કુશવાહાના ત્રણ મિત્રો, વિશાલ, આકાશ અને આનંદની પણ ધરપકડ કરવામાં આવી છે. તેઓને પહેલા કોન્ટ્રાક્ટ કિલર માનવામાં આવતા હતા પરંતુ તેઓ રાજના મિત્રો હતા અને પૈસાને બદલે મિત્રતા માટે હત્યા કરી હતી. પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે રાજે આ મિત્રોને ખર્ચ માટે 50,000 રૂપિયા આપ્યા હતા.મેઘાલયના પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાના પોલીસ અધિક્ષક વિવેક સીએમે જણાવ્યું હતું કે એક યોજના હતી કે રાજાની હત્યા કર્યા પછી લોકોને એવું માનવા માટે કે સોનમ નદીમાં વહી ગઈ છે. આ માટે આ લોકોએ નક્કી કર્યું હતું કે કોઈ બીજી મહિલાની હત્યા કરવામાં આવે અને તેનું નામ સોનમ રાખવામાં આવે. જોકે, આ યોજનાઓ સફળ ન થઈ અને તે પહેલાં પોલીસે બધા આરોપીઓને જેલના સળિયા પાછળ મોકલી દીધા હતા.

### અમદાવાદમાં પ્લેન ક્રેશ થતાં હાહાકાર

## મુકેશ અંબાણી-ગૌતમ અદાણી સહિત આ ઉદ્યોગપતિઓએ વ્યક્ત કર્યું દુઃખ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ગુજરાતના અમદાવાદમાં ગઈકાલે એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થતાં હાહાકાર મચી જવા પામ્યો હતો. આ વિમાનમાં 242 લોકો મુસાફરી કરી રહ્યા હતા જેમાંથી એક માત્ર વ્યક્તિનો બચાવ થયો છે જ્યારે 241 લોકો દુર્ઘટનામાં મોતને ભેટ્યાં છે. આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું પરંતુ ટેકઓફ થયા બાદ તરત જ પ્લેન ક્રેશ થયું હતું.

**મુકેશ અંબાણીએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો**

મુકેશ અંબાણી અને તેમના પત્ની નીતા અંબાણીએ શોક વ્યક્ત કર્યો છે. સમગ્ર રિલાયન્સ પરિવાર સાથે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનામાં થયેલા જાનહાનિથી ખૂબ જ દુઃખી છીએ. અમે આ દુઃખદ ઘટનાથી પ્રભાવિત તમામ લોકો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરીએ છીએ.

**ગૌતમ અદાણી કહ્યું-ખૂબ જ દુઃખી**

ગૌતમ અદાણીએ તેમના X એકાઉન્ટ પર લખ્યું હતું કે, ‘એર ઈન્ડિયા ફ્લાઈટ 171ની દુર્ઘટનાથી અમે આઘાત પામ્યા છીએ અને ખૂબ જ દુઃખી છીએ. અકલ્પનીય નુકસાન સહન કરનારા પરિવારો સાથે અમારી સંવેદના છે.

**આનંદ મહિન્દ્રાએ પણ દુઃખ વ્યક્ત કર્યું**

મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને અકસ્માત બાદ દુઃખ વ્યક્ત કર્યું અને લખ્યું હતું કે, ‘આ ખૂબ જ દુઃખદ ઘટના છે. મારા હૃદયમાં દુઃખ વ્યક્ત કરવા માટે કોઈ શબ્દો નથી.

**પશ્ચિમ રેલવે**
**વિવિધ કાર્ય**
વરિષ્ઠ વિભાગીય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (કોચિંગ) મુંબઈ સેન્ટ્રલ 400008, આમંત્રિત કરે, છે. **ક્રમ નંબર : 1. ટેન્ડર નોટિસ નંબર : WR-MMCT0ECOA (ECTD)/12/2024 O/o SRDEE/CHG/MMCT/WR (કોમ્પ્યુટર નંબર : 5287010). તારીખ:- 10-06-2025. કામનું નામ :** શેડ્યૂલ (બી, સી અને ડી ચેક) અને મેસર્સનું અનશેડ્યુલ જાળવણી. કમિન્સ ત્રણ વર્ષ માટે BCT ડિવિઝનમાં પાવર કારમાં પૂરા પાડવામાં આવેલ ડીએ સેટ બનાવે છે. **કામની આશરે કિંમત:** રૂ. 12,56,67,285.96. **બિડ સુરક્ષા:** રૂ. 7,78,300/-. **ક્રમ નંબર : 2. ટેન્ડર નોટીસ નંબર : WR-MMCT0ECOA (ECTD) /26/2024 O/o SRDEE/CHG/MMCT/WR (કોમ્પ્યુટર નંબર 564871), તારીખ: 10.06.2025. કામનું નામ :** શેડ્યૂલ (બી, સી, અને ડી ચેક) અને મેસર્સનું અનશેડ્યુલ જાળવણી. કિર્લોસ્કર ઓઈલ એન્જિન લિમિટેડ (KOEL) ત્રણ વર્ષ માટે BCT ડિવિઝનમાં પાવર કારમાં DA સેટ બનાવે છે. **કામની આશરે કિંમત:** રૂ. 1,22,04,780.36. **બિડ સુરક્ષા:** રૂ. 2,11,000/-. **બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** 07.07.2025, 15:00 કલાક સુધી. **બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 07.07.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો.
0253
અમને લાઈક કરો : facebook.com/WesternRly

# સિટી એક્સપ્રેસ

SATURDAY 14 JUNE-2025

AHMEDABAD


## પત્નીએ ઊંઘની દવા આપી પાવડાથી હુમલો કર્યો

માણસા તાલુકાના સૌલૈયા ગામમાં એક પત્નીએ પ્રેમીની મદદથી પતિની હત્યા કરી છે. બનાસકાંઠાના ધનાણા ગામના વતની ભૂરાભાઈ ચૌહાણ (38) છેલ્લા 12 વર્ષથી સોલૈયા ગામમાં રહેતા હતા. તેમની પત્ની રમીલાબેન અને બે બાળકો છે. મંગળવારે રાત્રે અઢી વાગ્યે ભૂરાભાઈના મોટાભાઈ જેહાભાઈને જાણ થઈ કે, તેમના ભાઈને મોઢામાંથી લોહી નીકળે છે. 108 એમ્બ્યુલન્સની ટીમે ભૂરાભાઈને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહ ઓરડીમાં ખાટલા પર હતો. મોઢામાંથી લોહી નીકળેલું હતું અને જીભ બહાર આવેલી હતી.

## સેક્ટર-7-સીમાં ઉછરેલાં વૃક્ષ કાપી નાંખતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગરને હરીયાળું બનાવવા સ્થાનિક લોકો વૃક્ષારોપણ કરી તેને ઉછેર કરી રહ્યા છે. ત્યારે અજાણ્યા ઈસમો દ્વારા વૃક્ષોને કાપી નાંખવાની કામગીરી કરી રહ્યા છે. સેક્ટર-7-સીમાં સ્થાનિક રહિશે વૃક્ષને ઉછેરીને છાંયો થાય તે માટે મોટું કર્યું હતું. પરંતુ ગત 30મી, મે-2025ના રોજ અજાણ્યા ઈસમો દ્વારા વૃક્ષને કાપી નાંખવામાં આવતા સ્થાનિકોએ વન વિભાગને લેખિત રજૂઆત કરીને પગલાં લેવાની માંગણી કરી છે. ત્યારે નગરના સેક્ટર-7-સી ખાતે સ્થાનિક લોકો ઘરની સામેની ખુલ્લી જગ્યામાં વૃક્ષોના રોપાની વાવણી કરીને છાંયડો મળે તેવી આશા સાથે ઉછેરી રહ્યા છે.



# અમદાવાદ પ્લેન ક્રેશ | મૃતક ડૉક્ટર્સ અને સ્ટાફના પરિજનો માટે વળતર તથા તપાસની માગ, SCમાં અરજી

(એજન્સી) અમદાવાદ | તા.13



અમદાવાદમાં ગઈકાલે 12 જૂન, 2025ના રોજ એર ઈન્ડિયા ફ્લાઈટ AI 171 દુર્ઘટનાની તપાસ અને વળતર મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. બે ડોક્ટર દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ દુર્ઘટનામાં મોતને ભેટેલા બીજે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ, રેસિડન્ટ ડોક્ટર્સના પરિવારજનોને રૂ. 50 લાખનું વચગાળાનું વળતર આપવાની માગ સાથે અપીલ થઈ છે. અપીલમાં માગ કરી છે કે, 'સુપ્રીમ કોર્ટ પ્રત્યેક મૃતકના પરિવારજનો (બીજે મેડિકલ કોલેજ હોસ્ટેલ)ને રૂ. 50 લાખ સુધીનું વચગાળાનું વળતર ચૂકવવા કેન્દ્ર સરકારને આદેશ આપે. કેન્દ્ર સરકારને આ મામલે એક ઉચ્ચ સ્તરીય નિષ્ણાતની સમિતિ રચવા પણ ફરજ પાડે. જેમાં સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના રિટાયર્ડ જજ, વિમાન તજજ્ઞ, અર્થશાસ્ત્રી અને વીમા નિષ્ણાત સામેલ થાય. આ સમિતિ પીડિત પરિવારોને વળતર આપવાનો નિર્ણય લે. આ નિર્ણય લેવા માટે તેઓ ત્રિવેણી કોડકની Vs એર ઈન્ડિયા લિ. કેસમાં સુપ્રીમ કોર્ટના સ્થાપિત સિદ્ધાંતોનું અનુસરણ કરે.'

### વળતર મામલે ઝડપથી નિર્ણય લે

અપીલમાં પીડિતો માટે ઝડપથી વળતર નિર્ધારિત કરવાની પણ માગ થઈ છે. જેથી પીડિત પરિવારોએ લાંબી કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરવો પડે નહીં. બિલ્ડિંગ અને રહેણાંક વિસ્તારના મૃતકોના પરિવારજનોના પુનર્વસન સહાયતા અને રોજગારીની તકો પ્રદાન કરે. અરજદારોએ સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ કરી છે કે, આ દુર્ઘટનાના કારણોની ઊંડી અને સચોટ તપાસ માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપે તેમજ ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના ન બને તે માટે આવશ્યક પગલાં લે.

# મોતનું મૌન, જિંદગીની ચિચિયારીઓ...

## અમદાવાદના આકાશમાં અધૂરી રહી ગઇ 241ની જિંદગીઓ

**અમદાવાદમાં, બોઈંગ 787-8 ડ્રીમલાઈનર સેંકડો સપનાઓનું કબ્રસ્તાન બની ગયું. આ ફક્ત એક વિમાન અકસ્માત નહોતો. તે ઘણી અધૂરી વાર્તાઓ, તૂટેલી આશાઓ અને અચાનક છીનવાઈ ગયેલા ભવિષ્યની દુઃખદ વાર્તા બની ગઈ. તેની પીડા દેશને વારંવાર હચમચાવી રહી છે. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના આંસુ 24 કલાકમાં સુકાઈ ગયા છે પરંતુ હૃદય દરેક ક્ષણે પીડાઈ રહ્યું છે. આંખોમાં આંસુઓનો એવો પડછાયો છે, જે સપનાઓ તૂટ્યા અને પ્રિયજનો ગુમાવવાની વાત કરી રહ્યો છે...**

### ઈન્દોરની વહુનું પ્લેન ક્રેશમાં મોત... પતિનો બર્થ ડે સેલિબ્રેટ કરવા લંડન જતી હતી



અમદાવાદના વિમાન અકસ્માતમં ઈન્દોરના હોરા પરિવારની વહુ હરપ્રીત કૌર હોરાનું મૃત્યુ થયું છે. હરપ્રીત પોતાના પતિ રૉબી હોરાને મળવા લંડન જઈ રહી હતી, જે ત્યાં ક્લાઉડ આર્કિટેક્ટના પદ પર કાર્યરત છે. 16 જૂને રૉબીનો જન્મદિવસ હોવાના કારણે હરપ્રીત પહેલા જ લંડન જવા નીકળી ગઈ હતી. પરંતુ, આ અકસ્માત તેમના પરિવાર માટે કાળ બન્યો. આ ઘટનાથી હોરા પરિવાર અને આખા ઈન્દોરમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. હરપ્રીત કૌર થોડા દિવસ પહેલાં પોતાની માતાને મળવા લંડનથી અમદાવાદ આવી હતી. તેનો મૂળ પ્લાન 19 જૂને લંડન જવાનો હતો પરંતુ, પતિ રૉબીએ 16 જૂને જન્મદિવસ હોવાના કારણે તેણે 12 જૂને જ એર ઈન્ડિયાની ફ્લાઈટથી મુસાફરી કરી. ગુરૂવારે બપોરે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભર્યાની થોડી જ મિનિટોમાં વિમાન મેઘાણીનગર વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું, જેમાં હરપ્રીતનું મોત નિપજ્યું હતું.

### 4 અને 8 વર્ષની બે દીકરીઓ બની અનાથ... લંડનમાં રહેતી બે પુત્રીએ સાત દિવસ પહેલા માતા ગુમાવી હવે પિતા...



અમદાવાદમાં ગઈકાલે (12 જૂન) એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થવાની ઘટનામાં 242 લોકોના મોત થયા છે. આ ઘટનામાં અનેક પરિવારોએ આત્મીય સ્વજનોને ગુમાવ્યા છે. કેટલાક પરિવારે દીકરી ગુમાવી છે, તો કેટલાકે પતિ કે પછી પત્નીને ગુમાવ્યા છે. ઘટનામાં માતા-પિતા સહિત બાળકોના પણ મોત થયા છે, ત્યારે મૃતકોમાંથી એક લંડનમાં રહેતા 38 વર્ષિય અર્જુન પટોલિયાને લઈને પણ એક દુઃખદ વાત સામે આવી છે. અર્જુન પટોલિયા થોડા દિવસ પહેલા ભારત આવ્યા હતા અને અહીં તેમણે પત્નીના અંતિમ સંસ્કાર કર્યા હતા. પત્નીની અસ્થીઓનું ગામના તળાવમાં વિસર્જન કર્યા બાદ તેઓ એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર-એઆઈ-171માં લંડન જવા રવાના થયા હતા, કારણ કે તેમની લંડનમાં રહેતી ચાર અને આઠ વર્ષની બે દીકરીઓ તેમની રાહ જોઈ રહી હતી. જોકે આ સફર તેમની અંતિમ સફર બની ગઈ હતી. બે દીકરીઓએ પહેલાં માતાની છત્રછાયા ગુમાવ્યા બાદ હવે પિતાની પણ છત્રછાયા ગુમાવી દીધી છે.

### પિતાના મોતના 15 દિવસ બાદ દીકરાનું અકાળે મોત... પિતાની અંતિમ વિધિ કરવા લંડનથી આવેલા પુત્રનું મોત




અમદાવાદમાં ગુરુવારે સર્જાયેલી વિમાન દુર્ઘટનાએ સૌ કોઈને હચમચાવી દીધા છે. આ દુર્ઘટનામાં રામોલના રહેવાસી 30 વર્ષીય લોરેન્સ ડેનિયલ ક્રિશ્ચિયનનું મૃત્યુ થયું છે. લોરેન્સ બે અઠવાડિયા પહેલા પિતાનું અવસાન થતાં અમદાવાદ પરત ફર્યો હતો. જોકે, પિતાના મૃત્યુને મહિનો પણ નહતો થયો અને લોરેન્સનું વિમાન દુર્ઘટનામાં દુઃખદ મોત થયું છે. મળતી માહિતી મુજબ, લોરેન્સ પરિવારનો એકમાત્ર દીકરો હતો અને છેલ્લા દોઢ વર્ષથી તે લંડનમાં રહેતો હતો. અહીં તે ઉચ્ચ શિક્ષણ સાથે નોકરી કરી રહ્યો હતો. તે પોતાની સાથે પત્ની આયુષીને પણ લંડન લઈ ગયો હતો. બંને ત્યાં વિદેશમાં ભવિષ્ય બનાવવાના સપના જોતા હતા અને પરિવારને પણ ટૂંક સમયમાં લંડન બોલાવી લેવાની યોજના હતી. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, લોરેન્સ 31 મેના દિવસે અમદાવાદ પહોંચ્યો હતો અને પિતાની અંતિમ વિધિમાં હાજરી આપી હતી.

# રાજકોટમાં થશે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર

**■ પુત્ર ઋષભ આજે અમેરિકાથી આવશે**

(એજન્સી) અમદાવાદ | તા.13



અમદાવાદ વિમાન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનના સમાચાર બાદ રાજકીય શોકનો માહોલ છે. રાજકીય નેતાઓ ગાંધીનગર ખાતે આવેલા તેમના બંગલે પહોંચી રહ્યા છે. જ્યાં વિજય રૂપાણીના પત્ની અંજલી રૂપાણીને સાંત્વના પાઠવી શોક વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે દિવંગત વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર રાજકોટમાં કરવામાં આવશે. વિજય રૂપાણીના પુત્ર ઋષભ અમેરિકામાં રહે છે, તે ત્યાંથી અમદાવાદ આવવા નીકળી ગયા છે અને આવતીકાલે (14 જૂને) સવારે 4 વાગે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. જ્યારે તેમના પત્ની અંજલિબહેન રૂપાણી આજે (13 જૂને) લંડનથી સ્પેશિયલ ચાર્ટડ પ્લેન મારફતે અમદાવાદ ઍરપોર્ટ પહોંચ્યા હતા અને ત્યાંથી ગાંધીનગર તેમના નિવાસ સ્થાને પહોંચ્યા છે.

### ભાજપના નેતાઓએ સાંત્વના પાઠવી

ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પૂર્વ સીએમ વિજય રૂપાણીના ગાંધીનગર નિવાસસ્થાને પહોંચવા લાગ્યા છે. જેમાં કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરા સહિત ભાજપના નેતા કુંવરજી બાવળિયા, કુબેર ડીંડોર અને ભાનુબહેન બાબરિયા, પુરુષોત્તમ રૂપાલા સહિત સરકારી અધિકારીઓ ગાંધીનગર પહોંચ્યા હતા અને પત્ની અંજલિ રૂપાણીને સાંત્વના પાઠવી હતી.

**બચી ગયેલા વિશ્વાસે જણાવી આપવીતી**

# દરવાજો તૂટી જતાં હું બચી ગયો, નજર સામે લોકો સળગી રહ્યા હતા



(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદમાં ગઈકાલે સર્જાયેલી હૃદયદ્રાવક વિમાન દુર્ઘટનામાં સવાર 241 લોકોના મોત થયા હતા. જેમાં એકમાત્ર વ્યક્તિ વિશ્વાસ કુમાર રમેશનો ચમત્કારિક બચાવ થયો હતો. જે હાલ સારવાર હેઠળ હૉસ્પિટલમાં છે. તેની સ્થિતિ સામાન્ય છે. વિશ્વાસ કુમાર રમેશે મીડિયા ઈન્ટરવ્યુમાં બચાવ કેવી રીતે થયો તે વિશે જણાવ્યું હતું.

### મારી આંખો સામે બધું નષ્ટ થઈ ગયું

વિશ્વાસ કુમાર રમેશે જણાવ્યું કે, વિમાન જેવું રનવે પર સ્પીડથી ટેક ઑફ કરવાની તૈયારીમાં હતું, ત્યારે જ કંઈક અજીબ અનુભવ થયો. અચાનક 5-10 સેકન્ડ માટે વિમાન અટકી ગયું હતું. બાદમાં અચાનક ગ્રીન અને વ્હાઈટ લાઈટ્સ ઑન થઈ ગઈ. જાણે એવું લાગ્યું કે, પાયલોટે માંડ-માંડ પ્લેનને ટેક ઑફ કરાવ્યું હોય. બાદમાં સ્પીડમાં જ પ્લેન સીધું હોસ્ટેલની બિલ્ડિંગમાં જઈને અથડાયું. મારી આંખો સામે જ આખું પ્લેન બળીને ખાખ થયું હતું.

### હું જે બાજુ બેઠો હતો, તે હિસ્સો જ અથડાયો

આગળ વિશ્વાસ કહ્યું કે, મારી સીટ પ્લેનના જે હિસ્સામાં હતી. તે હિસ્સો જ બિલ્ડિંગના નીચલા હિસ્સા સાથે અથડાયો હતો. ઉપરના હિસ્સામાં આગ લાગી હતી. અનેક લોકો ફસાયા હતા. હું મારી સીટ સાથે જ નીચે પટકાયો હતો. દરવાજો તૂટી જતાં હું સીટ સાથે પટકાયો, મારી સામે થોડી ખુલ્લી જગ્યા હોવાથી હું માંડ-માંડ તેમાંથી બહાર નીકળ્યો. વિમાનની બીજી બાજુમાં દિવાલ હોવાથી ત્યાંથી કોઈ બહાર નીકળી શક્યું ન હતું. મારી આંખો સામે જ બે એર હોસ્ટેસ, એક અંકલ-આંટી અને બધું જ બળી રહ્યું હતું. આ દુર્ઘટનામાં મારો ડાબો હાથ બળી ગયો હતો. પરંતુ મારો જીવ બચી ગયો. મેં બહાર આવીને જોયું તો ચારેકોર આગ અને ધુમાડાના ગોટે-ગોટા હતા. જો મને બહાર નીકળવામાં થોડી સેકન્ડ વધુ થઈ હોત તો હું પણ...

# અમદાવાદ વિમાન દુર્ઘટના : ચરોતર ચોધાર આંસુએ, અનેક પરિવારના દીપ ઓલવાયા

### ચરોતરના આણંદ-ખેડા જિલ્લામાં ભારે શોકનો માહોલ

મોડી સાંજ સુધી મળતી માહિતી મુજબ, ચરોતર પ્રદેશના આણંદ જિલ્લાના 33 અને ખેડા જિલ્લાના અંદાજે 17 જેટલી વ્યક્તિ આ ફ્લાઈટમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમના કરુણ મૃત્યુ થયા હોવાના અહેવાલો છે. તમામ મૃતકોના પરિવારજનો અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં સરકાર દ્વારા DNA ટેસ્ટ સહિતની કાર્યવાહી શરૂ કરીને પોતાના સ્વજનોને શોધવાનો અને ઓળખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આણંદ જિલ્લા ભાજપે 33 લોકોની યાદી જાહેર કરી છે જે આ પ્લેનમાં સવાર હતા. જોકે, ખેડા જિલ્લા પ્રશાસન મોડી સાંજ સુધી ઘટનામાં જિલ્લાના કેટલા લોકો શામેલ હતા તે અંગે પુષ્ટિ કરી શક્યું નથી. કઠલાલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને સમાજવાદી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા પ્રશાંત પટેલ પણ આ પ્લેનમાં હોવાની માહિતી મળી છે. આ તરફ નડિયાદ, ઠાસરા, મહેમદાવાદ, કઠલાલ સહિતના તાલુકાના વ્યક્તિઓ લંડન જવા નીકળ્યા હતા. આણંદ જિલ્લાના બોરસદ, ફાંગણી, ચિખોદરા, કરમસદ, સોજીત્રા, રામનગર, ખંભોળજ, ઉમરેઠ, કસુંબાડ, ગાના, તારાપુર અને આણંદ શહેર સહિતના વિસ્તારોના કુલ 33 યાત્રિકો વિમાનમાં મુસાફરી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે, જેમાં એક ડોક્ટર અને 15 મહિલાઓનો સમાવેશ થાય છે.



**હૃદયદ્રાવક કહાનીઓ: અધૂરા રહી ગયેલા સપના અને મુલાકાતો :** આ દુર્ઘટનામાં અનેક હૃદયદ્રાવક કહાનીઓ સામે આવી છે. પેટલાદ તાલુકાના ફોગણી ગામનો નિખિલ પટેલ નામનો યુવક પણ પ્રથમ વખત સ્ટુડન્ટ વિઝા લઈને યુકે ભણવા માટે જઈ રહ્યો હતો. આણંદના હાલાણી પરિવારના ત્રણ સભ્યોને યુકેમાં તેમના પરિવારજનોને મળવા જવા માટે વિઝીટર વિઝા મળ્યા હતા.

# વિમાન દુર્ઘટના બાદ અમદાવાદ રેલ્વે ડિવિઝનની ત્વરિત કાર્યવાહી

(એજન્સી) અમદાવાદ । તા. 13



અમદાવાદમાં થયેલ દુખદ વિમાન દુર્ઘટના બાદ પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ દ્વારા તાત્કાલિક રાહત અને બચાવકાર્યો માં મદદ કરવા માટે રેલવે પ્રોટેક્સન ફોર્સ ટીમ અને એમ્બ્યુલન્સ સહિત મેડિકલ ટીમને બચાવ અને રાહત કાર્યોમાં મદદ કરવા મોકલવામાં આવ્યા. 12 જૂન, 2025 ના રોજ 242 મુસાફરો ને લઈને એર ઈન્ડિયા નું એક વિમાન ટેકઓફ કર્યાના તુરંત બાદ અમદાવાદના મેઘાણીનગરમાં બી. જે. મેડિકલ કોલેજ હોસ્ટેલ ની પાસે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. બપોરે 14:20 કલાકે સમાચાર મળ્યા બાદ આરપીએફ દ્વારા 12 સભ્યો ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ અને ઍમ્બ્યુલન્સ ની સાથે તુરંત કાર્યવાહી કરી. એમ્બ્યુલન્સની સાથે ડોક્ટરો, પેરા-મેડિકલ સ્ટાફ સહિત રેલવે હોસ્પિટલની મેડિકલ ટીમે ઘાયલ વ્યક્તિઓની મદદ કરી.આરપીએફ ને માહિતી મળતાં સિનિયર ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર શ્રીમતી ભવપ્રીતા સોનીની સૂચના પર, શ્રી સંજય ચૌધરી એએસસી/લાઈન્સ, શ્રી મનુ છોકર આઈપીએફ અસારવા અને અન્ય રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) કર્મચારીઓ તાત્કાલિક દુર્ઘટના સ્થળ તરફ રવાના થયા.

# શિક્ષણ સહાયક ભરતી-2024નું પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર

**■ 16 જૂન સુધી DEOની કચેરીએ ઉમેદવારો વાંધો રજૂ કરી શકાશે**

(એજન્સી) ગાંધીનગર । તા. 13

ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી સરકારી માધ્યમિક શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-2024ની પ્રક્રિયા ચાલી રહી છે. આ ભરતીની આજે 13 જૂન 2025ના રોજ કામચલાઉ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ પ્રમાણે વિષય આધારિત પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવી છે. જેને લઈને શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર વેબસાઈટ પર માહિતી પૂરી પાડવામાં આવી છે. રાજ્યમાં શિક્ષણ સહાયક ભરતી-2024નું આજે(13 જૂન) પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કર્યું છે.

જેમાં ઉમેદવારને કોઈપણ પ્રકારનો વાંધો જણાય તો તેઓ આગામી 16 જૂનના સવારે 10:30થી સાંજે 6:10 વાગ્યા સુધીમાં પોતાનો વાંધો સંબંધિત જિલ્લાના શિક્ષણાધિકારીની કચેરી જરૂરી ડૉક્યુમેન્ટ સાથે રજૂ કરવાનો રહેશે. આ વાંધો અગાઉ ડૉક્યુમેન્ટ વેરિફિકેશન કરાવેલા જે-તે જિલ્લામાં કરવાનો રહેશે.

ભરતીના મેરિટ અને અન્વયે જરૂરી સૂચનાઓ વેબસાઈટ https://www.gserc.in/ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેને લઈને ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ-ગાંધીનગર દ્વારા સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા જણાવવામાં આવ્યું છે.

# ગુજરાતમાં LRD ભરતી માટે 15 જૂને ઉમેદવારો લેખિત પરીક્ષા આપશે

**■ 825 કેન્દ્ર પર 2.47 લાખથી વધુ ઉમેદવારો આપશે ટેસ્ટ**

(એજન્સી) ગાંધીનગર । તા. 13

ગુજરાતમાં પોલીસ ભરતીને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને પોલીસ કોન્સ્ટેબલની 12472 જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ છે. જેમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર (PSI)ની 472 જગ્યા માટે કુલ 1,02,935 ઉમેદવારોએ 13 એપ્રિલ, 2025ના રોજ લેખિત પરીક્ષા આપી હતી. જ્યારે હવે લોકરક્ષક કેડરની 12 હજાર જગ્યા પરની ભરતી માટે આગામી 15 જૂન 2025ના રોજ 2.47 લાખથી વધુ ઉમેદવારો લેખિત પરીક્ષા આપશે. રાજ્યમાં લોકરક્ષક સંવર્ગની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પો.કો., જેલ સિપાઈ, SRPF સહિતની 12000 જેટલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ છે, ત્યારે પોલીસ વિભાગ દ્વારા ભરતીની શારીરિક કસોટી પૂર્ણ કર્યા બાદ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા 15 જૂને યોજાવાની છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ અને ગાંધીનગર સહિત 825 કેન્દ્ર-શાળા ખાતે પરીક્ષા યોજાશે. પરીક્ષાને લઈને પોલીસ વિભાગ દ્વારા તૈયારીઓ કરી લેવામાં આવી છે. જેમાં પરીક્ષા કેન્દ્ર ખાતે CCTV હેઠળ દેખરેખ, 8000થી વધુ પોલીસ અધિકારીઓ તથા 18000 શિક્ષણ વિભાગના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ પરીક્ષા ત્રણ કલાકની રહેશે, જેમાં સવારના 9:30 થી 12:30 દરમિયાન લેવાશે. પરીક્ષા પહેલા ઉમેદવારોનું